# બુદ્ધિપ્રકાશ

: સંપાદકો :
યશવન્ત શુક્લ • મધુસૂદન પારેખ

પુસ્તક ૧૧૫ મું ] માર્ચ : ૧૯૬૮ [ અંક ૩ જો



સ્વ. સર રમણભાઈ નીલકંઠ
૧૩ માર્ચ ૧૯૬૮ને રોજ જેમની જન્મ શતાબ્દી ઉજવાઈ

ગુજરાત વિદ્યાસભા : ભદ્ર : અમદાવાદ

# બુદ્ધિપ્રકાશ

વર્ષ ૧૧૫ મું ]　　માર્ચ : ૧૯૬૮　　[ અંક ૩ જો

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| સ્વ. રમણભાઈ નીલકંઠ | શ્રી. કાકાસાહેબ કાલેલકર | ૬૫ |
| પ્રાસંગિક નોંધ | | |
| સ્વ. રમણભાઈ નીલકંઠની જન્મશતાબ્દી | યશવન્ત શુક્લ | ૬૬ |
| કચ્છ ટ્રિબ્યુનલનો ચુકાદો | હસમુખ પંડ્યા | ૬૬ |
| ગુજરાત ઇતિહાસ પરિષદનું ચોથું અધિવેશન : વલ્લભવિદ્યાનગર | ચીનુભાઈ નાયક | ૬૮ |
| ફુગાવા તરફી કેન્દ્રીય અંદાજપત્ર | રમાનાથ શાસ્ત્રી | ૬૯ |
| હાઈકુ ( કાવ્ય ) | ધીરુ પરીખ | ૭૦ |
| બે હાઈકુ ( કાવ્ય ) | સુક્તિ | ૭૦ |
| નહોય રુચતું ( કાવ્ય ) | ભાનુપ્રસાદ પંડ્યા | ૭૧ |
| રણ ( કાવ્ય ) | મનસુખલાલ સાવલિયા | ૭૧ |
| સમણા કેરું પંખી ( કાવ્ય ) | ધીરુ પરીખ | ૭૧ |
| વિયોગ ( કાવ્ય ) | સુક્તિ | ૭૧ |
| સ્વ. રમણભાઈ મ. નીલકંઠ જન્મશતાબ્દી પ્રસંગે શ્રી ચીનુભાઈ ચીમનભાઈનું નિવેદન | — | ૭૨ |
| સર રમણભાઈ | રસિકલાલ છો. પરીખ | ૭૩ |
| વાતાવરણ | હસિત બૂચ | ૭૯ |
| હથોડી | મૂળ લે. : વિલિયમ સારોયાન<br>અનુવાદક : મધુસૂદન પારેખ | ૮૫ |
| ૭. રસ અને ધ્વનિ | નગીનદાસ પારેખ | ૯૦ |
| આછાંદસ રચનાઓ | જયંત પાઠક | ૯૪ |
| નિબંધ—એક દૃષ્ટિપાત | ઇલા પાઠક | ૯૮ |
| કવિ શાલિસૂરિવિરચિત 'વિરાટપર્વ'નું અવલોકન | ચિમનલાલ શિ. ત્રિવેદી | ૧૦૨ |
| દેશ અને દુનિયા | દેવવ્રત પાઠક | ૧૧૦ |
| પુસ્તક પરિચય | રમેશ મ. ભટ્ટ | ૧૧૨ |


## સૂચના


● આ માસિકનો અંક દર અંગ્રેજી માસની ૨૧મી તારીખે બહાર પડે છે.

● પ્રસિદ્ધ થયેલા લેખો, નોંધો અને અભિપ્રાયો માટેની જવાબદારી તે તે લેખકની રહેશે.

● માસિકની રવાનગી, વ્યવસ્થા, લવાજમ તેમ જ જાહેરખબર અંગે પત્રવ્યવહારનું સરનામું :
ગુજરાત વિદ્યાસભા
ભદ્ર, અમદાવાદ-૧

● લેખ અંગે સંપાદકો સાથે પત્રવ્યવહારનું સરનામું :
શ્રી. હ. કા. આર્ટ્સ કૉલેજ,
ર. છો. માર્ગ રોડ, અમદાવાદ-૯

● **લવાજમના દર**
વાર્ષિક લવાજમ : ૭ રૂપિયા
વિદ્યાર્થીઓ માટે વાર્ષિક લવાજમ : ચાર રૂપિયા

● **જાહેરખબરના દર**
પાછલું પૂઠું ૧૨૦ રૂપિયા
અંદરનું પૂઠું ૯૦ રૂપિયા
આખું પાનું ૬૦ રૂપિયા
અરધું પાનું ૪૦ રૂપિયા
પા પાનું ૨૫ રૂપિયા


## સૂચના

**વિદ્યાસભાના આજીવન સભાસદો તથા નોંધાયલાં પુસ્તકાલયોને દર માસે બુદ્ધિપ્રકાશ નિયમિત રીતે મોકલી આપવામાં આવે છે, છતાં માલિક સ્થળ પર નથી અથવા તેમનો પત્તો નથી, એવા શેરા થઈ તેમની નકલ અવારનવાર પાછી આવે છે.**

**આથી સૌને વિનંતી છે કે જેમને બુદ્ધિપ્રકાશ નિયમિત રીતે ન મળતું હોય તેમણે નવા માસની ૨૧મી તારીખ સુધીમાં સહાયક મંત્રીને લખી જણાવવું, જેથી તેમને અંકો મોકલવાનું બંધ ન થતાં ચાલુ રહે. આ પ્રમાણે ન થતાં પાછળથી અંકો આપવાનું શક્ય રહેશે નહિ.**

ગુજરાત વિદ્યાસભા,
પ્રાર્થનાસમાજ,
રાયખડ, **અમદાવાદ**

**ચંદ્રકાન્ત છો. ગાંધી**
માનાર્હ મંત્રી

પ્રકાશક : જેઠાલાલ જી. ગાંધી, આસિ. સેક્રેટરી, વિદ્યાસભા, ભદ્ર, અમદાવાદ - ૧
મુદ્રક : મણિભાઈ પુ. મિસ્ત્રી, આદિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ - ૧

બુદ્ધિપ્રકાશ

માર્ચ : ૧૯૬૮

# સ્વ રમણભાઈ નીલકંઠ

શ્રી કાકાસાહેબ કાલેલકર

શ્રી. રમણભાઈ નીલકંઠનો પરિચય મને બાદશાહી ઢબે થયો એમ કહી શકું.

હું આશ્રમમાં રહેવા આવ્યો ત્યારે ગુજરાતી સમજતો હતો. બોલતાંલખતાં આવડે નહીં એટલે ગુજરાતના મોટા લોકો વિષે જાણું જ કેટલું ?

રમણભાઈને મળ્યો તે પહેલાં તેમને વિષે ખુદ મહાત્માજીને મોઢે થોડુંથોડું સાંભળ્યું–અને તે પણ આદરના શબ્દોમાં. મેં જોયું કે રમણભાઈના ચારિત્ર્ય વિષે, એમના અભિપ્રાયો વિષે અને એમની નિખાલસતા વિષે બાપુજીને ઘણો આદર છે. ત્યારપછી મારી દોસ્તી નરહરિભાઈ અને મહાદેવભાઈ સાથે થઈ. બન્નેને મોઢે રમણભાઈની સાહિત્યસેવા વિષે ઘણું સાંભળ્યું. એક દિવસે મહાદેવભાઈએ "રાઈનો પર્વત" ચોપડી મારા હાથમાં મૂકી. નરહરિભાઈ આખી ચોપડી મારી સાથે વાંચી ગયા. વાંચતા જાય અને ઘણું ઘણું સમજાવતા જાય. હું એ કૃતિ ઉપર એટલો આશક થયો કે આશ્રમની ગુજરાતી શાળાના ઉત્સવમાં, એમાંથી કેટલાક પ્રસંગો પસંદ કરી, વિદ્યાર્થીઓને ભજવવા આપ્યા. એમનો દર્પણસંપ્રદાય મને હજી યે યાદ છે! "ભદ્રંભદ્ર" તો મેં મરાઠીમાં જ વાંચેલું. મારી ધર્મપરાયણ પ્રવૃત્તિ મૂળે સંત સંપ્રદાયની; એના ઉપર પ્રાર્થનાસમાજનો ઓપ ચઢેલો અને સ્વામી વિવેકાનંદના વેદાન્તે એમાં નવો પ્રાણ પૂરેલો. એટલે મારા મનમાં રમણભાઈ, નરસિંહરાવભાઈ, આચાર્ય આનંદશંકર ધ્રુવ–એ બધા વિષે થોડી આત્મીયતા ખરી. પછી તો જોડણીકોશને અંગે અને બીજાં અનેક કારણસર, શ્રી. નરહરિભાઈ જોડે આ લોકોને મળવા લાગ્યો. સાહિત્યદૃષ્ટિએ મને કેશવરાય હર્ષદરાય ધ્રુવ અને આનંદશંકરભાઇ વિશેષ નજીકના લાગ્યા. ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ અને કાવ્યની દૃષ્ટિએ નરસિંહરાવભાઈ, અને રમણભાઈ તો સર્વાંગીય જીવન દૃષ્ટિએ.

અમે મળ્યા હોઈશું બહુ ઓછા; પણ એકબીજાની જીવનસૃષ્ટિ વિષે અમારી વાતો સદ્‌ભાવપૂર્વક થતી.

મને યાદ છે કે શ્રી. વિદ્યાગૌરીબહેનને પણ હું અનેક વાર મળ્યો છું. આ રીતે નીલકંઠ નામ મારા માનસિક જગતમાં એક આદરની વસ્તુ થઈ. પ્રાર્થનાસમાજનો ષષ્ટિપૂર્તિનો જ્યારે ઉત્સવ થયો ત્યારે ગટુભાઈ ધ્રુવે મને ખાસ આમંત્રણ આપ્યું. મને પણ લાગ્યું કે એમાં આત્મીયતા છે. આશ્ચર્ય એ કે આટલા પરિચય પછી પણ હું વિનોદિનીબહેનને મળ્યો ન હતો અને એમનું સાહિત્ય પણ વાંચ્યું ન હતું. એમનું થોડું સાહિત્ય વાંચ્યું મારી એક દીકરી સમી મહારાષ્ટ્રી બહેન (જે ગુજરાતી થઈ છે)-નો મરાઠી લેખ વાંચ્યા પછી, ચિ. મૃણાલિની દેસાઈએ ગુજરાતની સાક્ષર મહિલાઓ વિષે એક લેખ લખ્યો હતો, અને એમાં વિનોદિનીબહેનનાં ખાસ વખાણ કર્યાં હતાં.

આટલું થયા છતાં મને સ્વપ્નેય ખ્યાલ નહીં કે રમણભાઈના વિશાળ, સંસ્કારી અને અગ્રગણ્ય કુટુંબ સાથે મારો નિકટનો સંબંધ બંધાશે.

એક દિવસે વિનોદિનીબહેન પોતાના દીકરા સુકુમાર સાથે ઉમાશંકરભાઈને ત્યાં મને મળવા આવ્યાં અને એમણે મારી પૌત્રી ચિ. શૈલા વિષે થોડી પૂછપરછ કરી.

હવે વધારે લખવાની જરૂર નથી. હમણાં જ ચિ. શૈલા અને સુકુમારના નાના મિલિન્દે મારા ખોળામાં બેસી મને પ્રપિતામહ બનાવ્યો !! મને લાગે છે સ્વ. રમણભાઈનો આત્મા એ દૃશ્ય જોઈને આશીર્વાદ વરસાવતો હશે. ગુજરાત અને મહારાષ્ટ્ર, જૈન અને વૈષ્ણવ, પ્રાર્થનાસમાજી અને વેદાન્તી–અનેક તત્ત્વોનો સમન્વય ખરો જ ને ?

દિલ્હી જતાં, તા. ૮–૩–'૬૮

# પ્રાસંગિક નોંધ

## સ્વ. રમણભાઈ નીલકંઠની જન્મશતાબ્દી

૧૯૬૮નું વર્ષ એ સ્વ. સર રમણભાઈ મહીપતરામ નીલકંઠની જન્મશતાબ્દીનું વર્ષ છે. તેમની જન્મતિથિ ૧૩ મી માર્ચે આવે છે. આશા છે કે ગુજરાતભરની સાહિત્ય, સમાજસેવા અને સંસ્કારની સંસ્થાઓ તેમનું સ્મરણ ઉમંગથી તાજું કરશે.

'ભદ્રંભદ્ર' જેવી અમર કૃતિના સર્જક અને ગુજરાતના પહેલા સમર્થ મૌલિક નાટયના–'રાઈનો પર્વત'–ના લેખક સ્વ. રમણભાઈની સાહિત્યિક શક્તિ અનેક સ્વરૂપોમાં વિહરી છે. એમણે કાવ્યો રચ્યાં છે, હાસ્યરસિક અને ગંભીર ઉભય પ્રકારના નિબંધો લખ્યા છે, ભજવી શકાય એવાં માર્મિક અને હાસ્યરસિક દશ્યો રચ્યાં છે, કૃતિનિષ્ઠ વિવેચન કર્યું છે તેમ જ કાવ્યસિદ્ધાન્તો પણ ચર્ચ્યા છે; અને ધર્મ અને સમાજ વિશે કરેલાં ગંભીર ચિન્તનના પરિપાકરૂપ લેખો પણ આપ્યા છે. 'જ્ઞાનસુધા' ના સંપાદન દ્વારા તેમણે સમકાલીન સાહિત્યપ્રવૃત્તિ ઉપર પુષ્કળ પ્રભાવ પાડયો હોવો જોઈએ. એટલે સાહિત્યરસિકો એમને સવિશેષ સંભારે એ સ્વાભાવિક છે. આમે પણ જે મહાપુરુષનું જીવનકાર્ય અક્ષરમંડિત થયું હોય તેમનું સ્મરણ સવિશેષ લીલું રહી શકે છે.

પણ સ્વ. રમણભાઈનો સાહિત્યકાર લેખેનો પરિચય પણ એકાંગી ગણાશે. સ્વ. મહીપતરામ રૂપરામ નીલકંઠ જેવા સમાજસુધારક પિતાના પુત્રને સમાજસુધારક પ્રવૃત્તિનો પણ મોટો વારસો મળ્યો હતો. 'ભદ્રંભદ્ર'માં સમાજની કુરૂઢિઓ ઉપર એમણે તીક્ષ્ણ પ્રહારો કરેલા છે. અને 'રાઈનો પર્વત' પણ સમાજસુધારાની ઝંખનાનું સાક્ષી છે. 'હાસ્યમંદિર'માં પણ એના ચમકારા દેખાય છે. પરન્તુ સ્વ. રમણભાઈએ સમાજસુધારાનું પ્રત્યક્ષ કાર્ય પણ અનેક પ્રકારે વિપુલ પ્રમાણમાં કરેલું હતું.

ગુજરાત વિદ્યાસભા જે તે વખતે ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીના નામે ઓળખાતી હતી તેના તેઓ ૧૮૮૫-થી સભ્ય હતા અને ૧૯૧૨માં તેના માનાર્હ મંત્રી બન્યા હતા અને ઠેઠ અવસાનકાળ સુધી એમણે 'સોસાઇટી'ની સેવા બજાવી હતી. એ જ પ્રમાણે ગુજરાતી સાહિત્ય પરિષદના મંત્રીપદે પણ તેઓએ કામ કર્યું હતું અને મુંબઈ મુકામે ભરાયેલી આઠમી સાહિત્ય પરિષદના તેઓ પ્રમુખ ચૂંટાયા હતા. આમ, ગુજરાતના સંસ્કાર-જીવન ઉપર વર્ષો સુધી તેમનો પ્રભાવ વિસ્તર્યો હતો.

મૂળ સૂરતનું પણ અમદાવાદમાં ઠરીઠામ થયેલું નીલકંઠ કુટુંબ ગુજરાતી પ્રજાજીવનના હૃદયસમા અમદાવાદને પોતાની સેવાઓનો અધિક લાભ આપે એ સ્વાભાવિક હતું. પ્રાર્થનાસમાજ અમદાવાદમાં કેન્દ્રિત થયો હતો અને અમદાવાદના ન્યાયાલયમાં ધારાશાસ્ત્રી તરીકેની તેમ જ અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકેની સ્વ. રમણભાઈની સેવાઓનો લાભ અમદાવાદને સવિશેષ મળે એ ક્રમ અનિવાર્ય હતો, છતાં એમનું સાહિત્યકાર્ય, સોસાયટીમાંનું એમનું સારસ્વતકાર્ય અને સમાજસુધારક તરીકેનું એમનું સેવાકાર્ય સારાયે ગુજરાતી પ્રજાજીવનને આવરી લેનાર હતું.

એમની વિદ્વત્તા, એમનો વ્યવહારાનુભવ, જીવનના માર્મિક પ્રશ્નોની એમની તાત્ત્વિક સૂઝ, જાહેરજીવનનો ધીર-વિવેક અને સંસ્કારી-સંયમી વ્યવહાર એવા તો પ્રભાવક હતાં કે ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલ વારંવાર એમની સાથે ચર્ચાવિચારણા કરતા અને જોકે રાજકીય વિચારસરણીમાં ભેદ રહેતો છતાં એથી મધુર સંબંધોને આંચ આવતી નહીં.

વ્યાપક કર્મજીવન અને વિચારજીવનનો ઉચ્ચસ્તરે યોગ થવો અતિવિરલ હોય છે. અને સ્વ. રમણભાઈમાં એ યોગ થયો હતો. ગુજરાતના આવા એક સપૂતને જન્મશતાબ્દીના વર્ષમાં વિશેષભાવે સ્મરવા ને તેમના જીવનકાર્યનો અભ્યાસ કરવો એ લોકહૃદયમાં તેમની દૈવી સંપતની પ્રતિષ્ઠા કરવાનો અને કૃતજ્ઞતા દાખવવાનો ઉપક્રમ બની રહેશે.

**યશવન્ત શુક્લ**

## કચ્છ ટ્રિબ્યુનલનો ચુકાદો

ગયા વર્ષના અંત ભાગમાં કચ્છ ટ્રિબ્યુનલના ચુકાદા અંગેની જે અફવાઓ કાને અથડાતી હતી અને જે શંકાઓ ઉદ્‌ભવી હતી તે મહદ્‌અંશે સાચી ઠરી છે.

ભારત પાકિસ્તાન યુદ્ધ-વિરામ કરાર હેઠળ ત્રણ સભ્યોની રચવામાં આવેલી ટ્રિબ્યુનલે ૧૫મી ફેબ્રુઆરી ૧૯૬૬ના રોજ પોતાની પ્રથમ બેઠક દ્વારા કાર્યવાહી આરંભી અને ૧૯ ફેબ્રુઆરી ૧૯૬૮ના રોજ તેણે પોતાનો નિર્ણય બે વિરુદ્ધ એકની બહુમતીથી જાહેર કર્યો, જે દ્વારા કચ્છ રણના ૩૫૦૦ માઈલનો જે વિસ્તાર વિવાદાસ્પદ તરીકે સ્વીકારાયો હતો તેનો ૧૦ ટકા ભાગ પાકિસ્તાનને આપવાનું જણાવ્યું. આ વિસ્તારમાં પાકિસ્તાનમાં આવેલ રહીમકી બઝારની દક્ષિણની ભૂમિપટ્ટી જેમાં છાડબેટ, કંજરકોટ અને ધારાબન્ની જેવાં અગત્યનાં સ્થળો આવેલ છે તેમનો સમાવેશ થાય છે. આમ ભારતે જે રણક્ષેત્રમાં મેળવ્યું હતું તે તેણે ટેબલ પરની મંત્રણામાં ગુમાવ્યું છે. પરિણામે સમગ્ર દેશની પ્રજા અને ખાસ કરીને ગુજરાતની પ્રજાના હૃદયને ઘણો જ સખત આઘાત લાગ્યો છે. કચ્છ ટ્રિબ્યુનલે આપેલ ચુકાદાની વિગતોમાં ઊતર્યા સિવાય તેમાંથી નિષ્પન્ન થતી અનેક અગત્યની બાબતો અને પ્રશ્નોની આપણે છણાવટ કરીએ.

સૌ પ્રથમ તો ભારત સરકારે આ ટ્રિબ્યુનલનું કાર્યક્ષેત્ર ( Terms of Reference ) નક્કી કરવામાં પોતાની પરદેશનીતિના સંચાલનમાં રહેલી બિનઆવડતને ઉઘાડી પાડી છે, આંતરરાષ્ટ્રીય રાજકારણનો એ જગજાહેર સિદ્ધાંત છે કે આંતરરાષ્ટ્રીય રાજકારણમાં મિત્રો પણ કાયમી નથી હોતા અને દુશ્મનો પણ કાયમી હોતા નથી. કાયમી હોય છે માત્ર પોતાનાં હિતો. આ સિદ્ધાંતની આપણી સરકારને ખબર જ ન હોય એમ લાગે છે. કેમકે ટ્રિબ્યુનલનો ચુકાદો બંધનકર્તા રહેશે અને કોઈ પણ કરાર હેઠળ તેને પડકારી શકાશે નહીં એવી શરતને સ્થાન આપીને તેણે પોતે જ પોતાના હાથ બાંધી દીધા છે.

બીજી મહત્ત્વની બાબત એ છે કે ટ્રિબ્યુનલે આપેલ ચુકાદો ન્યાય પુરસ્સરનો નથી પરંતુ રાજકીય છે, કેમકે ટ્રિબ્યુનલના અધ્યક્ષે સિંધની સરહદ નજીકનો પ્રદેશ પાકિસ્તાનને આપતાં જે કારણ રજૂ કર્યું છે તે આ વિચારનું સમર્થન કરે છે, તેમણે કહ્યું, 'આ પ્રદેશ પાકિસ્તાની પ્રદેશથી ઘેરાયેલો હોવાથી તે પ્રદેશને 'વિદેશી' ગણવો એ અન્યાયી ગણાશે, તે ઝઘડા અને ઘર્ષણ ઊભું કરનારું બનશે. આ પ્રદેશમાં શાંતિ અને સ્થિરતાની દૃષ્ટિએ વિચાર કરીને તે પાકિસ્તાનનો પ્રદેશ છે એવું સ્વીકારવાની અને સમર્થન કરવાની ફરજ પાડે છે.' આમ, ન્યાયની દૃષ્ટિએ નહીં, પરંતુ રાજકીય બાબતોએ આ ચુકાદાના સર્જનમાં ઘણો જ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

આ ચુકાદો વાંચ્યા પછી ઘણા પ્રશ્નો આપણા મનમાં ઉપસ્થિત થાય છે; જેમકે આ ચુકાદાનો અસ્વીકાર કરી શકાય કે નહીં? ચુકાદાના અમલ માટે બંધારણમાં ફેરફારની જરૂર છે કે સામાન્ય કાયદાથી તેનો અમલ થઈ શકે તેમ છે? વગેરે. પ્રથમ પ્રશ્નનો જવાબ શરૂઆતમાં આપણે આપી દીધો કે ટ્રિબ્યુનલનો ચુકાદો બન્ને પક્ષોને બંધનકર્તા રહેશે એવી શરતનો સ્વીકાર કર્યો હોવાથી તેનો અમલ કરવો પડશે. વધુમાં ૧૯૦૭ માં હેગ ખાતે જે પરિષદ મળી હતી તેમાં પણ આવો વિચાર સ્વીકારાયો હતો. છતાં પણ આપણી સરકારે એવું વલણ અપનાવવું જોઈએ કે પાકિસ્તાને ભૂતકાળની જે સમજૂતીઓ અમલમાં મૂકી નથી તેનો તે અમલ કરે ત્યાર પછી જ આ ચુકાદાનો અમલ થશે. આંતરરાષ્ટ્રીય પ્રશંસા અને પ્રતિષ્ઠા માટે દેશના પ્રદેશને જતો કરી શકાય નહીં. આમ, આપણે ખૂબ જ નાજુક પરિસ્થિતિમાં મુકાઈ ગયાં છીએ, કેમકે ચુકાદાનો અમલ કરવા છતાં પણ પાકિસ્તાન સુધરશે એવી આશા રાખવી મિથ્યા છે. બીજો પ્રશ્ન ઘણો જ મહત્ત્વનો છે, સાથોસાથ ચર્ચાસ્પદ પણ છે. જો ચુકાદાના અમલનો એવો અર્થ ઘટાવવામાં આવે કે કચ્છ સરહદ પરના વિવાદાસ્પદ વિસ્તારની સરહદો જ નક્કી કરવાની છે તો તેનો અર્થ એવો થાય કે તે પ્રદેશ પર કોઈની સાર્વભૌમ સત્તા નથી અને તેથી બંધારણમાં ફેરફાર કર્યા સિવાય ચુકાદાનો અમલ સામાન્ય કાયદા દ્વારા થઈ શકે. પરંતુ જો ધારાબન્ની, કંજરકોટ, છાડબેટ વગેરે ભારતના પ્રદેશો છે તેવું સ્વીકારીને આગળ ચાલવામાં આવે તો એ વિસ્તારનો ત્યાગ કરવાનો હોવાથી બંધારણીય જોગવાઈ પ્રમાણે બંધારણમાં અનિવાર્યપણે ફેરફાર કરવો જ પડે. લોકસભા તથા રાજ્યસભામાં થયેલી ચર્ચા ઉપરથી સ્પષ્ટ થાય છે કે સરકાર ચુકાદા અંગે આપણે જે પ્રથમ અર્થઘટન કર્યું તેને વળગી રહી છે જ્યારે લગભગ તમામ વિરોધ પક્ષો બીજા અર્થઘટનને આગળ ધરે છે. સરકારે આવું વલણ એટલા માટે ધારણ કર્યું છે કે ચોથી સામાન્ય ચૂંટણી પછી પ્રથમગૃહમાં તેની બહુમતી સારી એવી ઘટી ગઈ હોવાથી બંધારણીય ફેરફાર માટે જરૂરી એવા ૨/૩ મત તેની પાસે નથી. આ વિષે કેવું વલણ અપનાવવું જોઈએ તેનો એક માત્ર ઉપાય એ છે કે રાષ્ટ્રપ્રમુખ બંધારણની કલમ ૧૪૩ મુજબ આ પ્રશ્ન પરત્વે સર્વોપરી અદાલતની સલાહ લે અને તેની સલાહાનુસાર કાર્યવાહી કરવામાં આવે. માનો કે સર્વોપરી અદાલતની સલાહ બંધારણમાં ફેરફાર કરવાની હોય

તોપણ એક મોટી મુશ્કેલી ઊભી થાય છે, કેમકે બંધારણના સોળમા સુધારા દ્વારા દરેક ધારાસભ્યે એવી પ્રતિજ્ઞા લેવી પડે છે કે 'પોતે ભારતની સાર્વભૌમસત્તા અને એકતાનું રક્ષણ કરશે.' હવે જો બંધારણમાં ફેરફાર કરવાનો ખરડો રજૂ થાય તો સંસદસભ્યો આ સુધારા મુજબ તે ખરડા પર કેવી રીતે મતદાન કરી શકે? આમ, એક અગત્યની બંધારણીય ગૂંચ આ પ્રશ્નમાં પડેલી દેખાય છે.

ટૂંકમાં, ભારત સરકારે ટ્રિબ્યુનલમાં પ્રશ્ન લઈ જવાની ગંભીર ભૂલ કરી છે અને એટલું ઓછું હોય તેમ તેની શરતો દ્વારા પોતાના જ ટુકડા કાપી દઈને પોતાની અણઆવડતનું વધુ પ્રદર્શન કર્યું છે. આપણી પરદેશ-નીતિમાં રહેલી નબળાઈઓનો લાભ હવે નાનામોટા દરેક રાજ્યે ઉઠાવવાનું નક્કી કર્યું હોય તેમ લાગે છે, કેમકે તાજેતરમાં જ સિલોને પોતાની ઉત્તરે આવેલ કચ્છથિવુ ટાપુ પર પોતાની માલિકી જાહેર કરીને ભારતને તે પ્રમાણે વર્તવા જણાવ્યું છે, જ્યારે આંદામાન અને નિકોબાર ટાપુઓ પર બીજાં રાજ્યો માલિકી દાવાઓ કરવાની પેરવીમાં છે એવા ચિંતાજનક સમાચારો મળ્યા છે ભારત સરકાર લમણે હાથ દઇને બેસી રહેશે તે નહીં ચાલે. તેણે તેનાં આંતરિક અને બાહ્ય વલણોમાં મૂળભૂત રીતે ફેરફાર કરવો પડશે અને ભારતના સાર્વભૌમત્વ અને એકતાને આંચ ન આવે તેવાં તમામ પગલાં તાત્કાલિક લેવાં જોઈએ.

**હસમુખ પંડ્યા**

## ગુજરાત ઇતિહાસ પરિષદનું ચોથું અધિવેશન : વલ્લભવિદ્યાનગર

ગુજરાત ઇતિહાસ પરિષદનું ચોથું અધિવેશન વલ્લભવિદ્યાનગર મુકામે પ્રો. રસિકલાલ છો. પરીખના પ્રમુખપદે રવિવાર તા. ૧૦-૩-૬૮ ના રોજ ભરાયું હતું. શરૂઆતમાં સ્વાગતપ્રવચન વલ્લભવિદ્યાનગર યુનિ.ના કુલપતિ શ્રી ઈશ્વરભાઈ પટેલે કર્યું હતું.

ગુજરાત ઇતિહાસ પરિષદની પ્રવૃત્તિનો ખ્યાલ આપતાં આ નોંધ લખનારે પોતાના નિવેદનમાં કહ્યું હતું, 'ગુજરાત ઇતિહાસ પરિષદ હજુ બાલ્યાવસ્થામાં છે. તેણે પોતાની પ્રસિદ્ધિ માટે ઘણું કરવાનું છે. પરિષદનું મુખ્ય ધ્યેય તો ગુજરાતના ઇતિહાસના સંશોધનનું અને પ્રકાશનનું છે. પ્રકાશન પ્રવૃત્તિને સહાય કરવા માટે તેમણે ગુજરાત સરકારને વિનંતી કરી હતી.

પ્રમુખસ્થાનેથી પોતાના વ્યાખ્યાનમાં શ્રી. રસિકલાલ છો. પરીખે 'ઇતિહાસમાં કાર્યકારણભાવ'—એ ઇતિહાસ-મીમાંસાના એક પ્રશ્નની રસિક ચર્ચા કરી. ઇતિહાસ શું છે તેનો ખ્યાલ આપતાં તેમણે કહ્યું, 'ઇતિહાસ એટલે શું?—સંસ્કૃત ઇતિહાસ શબ્દનો અર્થ ઐતિહ્ય પ્રમાણથી નિર્ણીત થયેલો ભૂતકાલને સ્પર્શતો વિષય એવો કરી શકાય; મોટે ભાગે માનવને લગતો ભૂતકાળ અને એમાં મુખ્ય એનાં કાર્ય અથવા ઘટનાઓમાં ઘાટ લેતી કાર્યપરંપરાઓ. હિસ્ટરી શબ્દનું મૂળ ગ્રીક શબ્દ હિસ્ટોરિયા છે, જેનો અર્થ થાય છે inquiry અર્થાત્ અન્વેષણ. ભૂતકાળની ઘટનાઓ અંગે થતા અન્વેષણમાં હિસ્ટોરિયા મર્યાદિત થતાં આજનો અર્થ–ગતકાલનાં માનવકૃત્યોના અન્વેષણ-પૂર્વક થતા નિર્ણયો અથવા એ રીતે નિર્ણયો કરતી વિદ્યા. બીજો પણ એક અર્થ હિસ્ટરી શબ્દથી અભિપ્રેત થાય છે. ગતકાળની ઘટનાઓ-અસ્તિત્વનો એક વિભાગ ગત થયો છે તે. આ બન્ને અર્થો હિસ્ટરી શબ્દમાં મળી જતાં એની મીમાંસા સરળ રહેતી નથી.'

પોતાના વ્યાખ્યાનના અંતમાં ઇતિહાસ અને કર્મનો સંબંધ સમજાવતાં તેમણે કહ્યું, 'ઇતિહાસને સમજવા માટે કર્મનો સિદ્ધાન્ત વિચારવા જેવો છે. બધા પ્રશ્નોનો એનાથી નિકાલ થશે એમ નથી, બીજા પ્રશ્નો એમાંથી ઊભા નહિ થાય એમ પણ નથી. છતાં ઇતિહાસમાં કર્મનો સિદ્ધાંત વિચારવા જેવો છે—ટૂંકા અર્થમાં નહિ તેમ જ ગૂઢ અર્થમાં પણ નહિ.

'પ્રાચીન ભારતીય સંસ્કૃતિમાં કર્મનો સિદ્ધાન્ત સર્વસામાન્ય જેવો હતો. એ એક જાતનો કાર્યકારણભાવ છે; માનવના આચરણ સાથે એનો સંબંધ છે. માનવો એમની વાસનાઓથી પ્રેર્યા વર્તે છે. આ સંબંધ પ્રેરક-પ્રેર્ય ભાવનો છે. પરંતુ પ્રેરિત આચરણ કે કર્મ એનું કાર્ય ઉત્પન્ન કરે છે. માનવ કર્તાના સંબંધમાં તે ફલરૂપે છે, જેનો એને આસ્વાદ લેવાનો હોય છે; અથવા જે એને ભોગવવાનું હોય છે. આ કર્મ–ફલનો સંબંધ નિયતસંબંધ મનાયો છે. કોઈપણ માનવ પોતાના કર્મના–ફલમાંથી બચી શકે નહિ અને રાષ્ટ્ર પણ. આટલા પૂરતો એ નિયતિવાદ છે. પરંતુ પ્રત્યેક કર્મ વાસનાજન્યભાવથી પ્રેરાય છે. આ ભાવને બદલવાની માનવના આત્મામાં શક્તિ છે એમ મનાયું છે. વાસનાપ્રેરિત ભાવને વશ ન થતાં પોતાને ઇષ્ટ ભાવમાં તે પરિવર્તિત કરી શકે છે. આમાં માનવનું સ્વાતંત્ર્ય છે. પરંતુ બારણામાંથી તીર છૂટ્યા પછી જેમ એ ગતિના નિયમોને અનુસરે છે તેમ કર્મ, થયા પછી કર્મ–ફલના નિયમોને અનુસરે છે. આ નિયમો

કયા એ પ્રશ્ન છે. ઇતિહાસનો અભ્યાસ એનો થોડોક ખ્યાલ તો આપી શકે એમ મારું માનવું છે. અને એ જેવો અને જેટલો ખ્યાલ આપે તેટલો ઇતિહાસ બોધક અને માર્ગદર્શક થાય છે. ઇતિહાસમાંથી ઇતિહાસનો કાર્ય-કારણભાવ અથવા માનવસંબંધી એ હોવાથી કર્મ-ફલભાવ સમજવા પ્રયત્ન થવો જોઈએ.

'ઇતિહાસ પણ અસ્તિત્વનો જ ભાગ છે. ભૂત હોવા છતાં વર્તમાનમાં એ અંતર્ગત છે અને ભવિષ્યમાં એ ડોકિયું કરે છે. એ એક અવિભાજ્ય સ્રોત છે. સમગ્ર અસ્તિત્વને જેમ જેમ વધારે જાણીએ તેમ ઇતિહાસના અભ્યાસીને તે વધારે ગહન લાગે છે. કર્મ-ફલનો ભાવ પણ એ રીતે ગહન છે. ગીતાકારનું વાક્ય गहना कर्मणो गतिः ધ્યાનમાં રાખીને પણ ઇતિહાસમાં કર્મ-ફલનો સંબંધ શોધવા જેવો છે.'

અધિવેશનની બીજી બેઠકમાં 'ગુજરાતના ઇતિહાસમાં કર્ણ વાઘેલાના પરાજય અને દેવળદેવીની સમસ્યા' એ વિષય પર પરિસંવાદ યોજવામાં આવ્યો હતો જેમાં સર્વશ્રી ડૉ. ભોગીલાલ સાંડેસરા, ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી, ડૉ. સતીશચંદ્ર મિશ્રે ભાગ લીધો હતો.

**ચીનુભાઈ નાયક**

## ફુગાવાતરફી કેન્દ્રીય અંદાજપત્ર :

દરેક અંદાજપત્ર કરવેરાનો મોટો બોજ લઈને આવે એવો સામાન્ય શિરસ્તો કેન્દ્રના અંદાજપત્ર વિશે પડ્યો છે. સદ્‌ભાગ્યે નવા વર્ષના કેન્દ્રના અંદાજપત્રમાં પોસ્ટ અને તાર ખાતાના દરોમાં તીવ્ર વધારો સૂચવવામાં આવ્યો છે તે સિવાય કેન્દ્રનું નવું અંદાજપત્ર અદના માનવી માટે કશા મહત્ત્વના નવા કરવેરા સૂચવતું નથી. અખબારી જકાત, આયાત જકાત, આવકવેરો, સંપત્તિ-વેરો વગેરેના દરોમાં જે વધારો સૂચવવામાં આવ્યો છે તેને પરિણામે ૧૯૬૮-૧૯૬૯ના વર્ષ દરમિયાન રૂ. ૬૫.૭૩ કરોડની વધુ આવક થશે. આમ છતાં રૂ. ૨૯૮ કરોડની ખાધ રહેશે. ૧૯૬૭-૬૮ ના વર્ષ માટે રૂ. ૮૫ લાખની પુરાંત અંદાજવામાં આવી હતી તેને બદલે રૂ. ૩૦૦ કરોડની ખાધ જોવા મળી છે.

અગાઉનાં વર્ષોમાં સરકારની વાસ્તવિક આવક અંદાજિત આવક કરતાં સામાન્ય રીતે વધુ આવતી. છેલ્લાં બે વર્ષથી આ વલણ ઊંધું થયું છે, સરકારને અંદાજિત આવક કરતાં ઓછી આવક થાય છે. ચોથી યોજનામાં ખાધપુરવણીનું પ્રમાણ શૂન્ય રાખવાનો સરકારે સંકલ્પ જાહેર કર્યા છતાં અત્યાર સુધીમાં રૂ. ૬૦૦ કરોડની ખાધપુરવણીનો ઉપયોગ થઈ ચૂક્યો છે અને આગામી વર્ષ દરમિયાન થનારી ખાધપુરવણીને લક્ષમાં લઈએ તો કુલ ખાધપુરવણી લગભગ રૂ. ૯૦૦ કરોડ જેટલી ૧૯૬૯ના પ્રારંભમાં થઈ ચૂકી હશે. રાજ્યોની સરકારોનું વલણ ઓવરડ્રાફ્ટોનો છૂટથી ઉપયોગ કરવાનું રહ્યું છે. હજુ પગાર-વધારા માટેની કેટલીક માંગણીઓ સંતોષવાની બાકી છે. આર્થિક પરિસ્થિતિએ હજુ સ્પષ્ટપણે આશાપ્રેરક વલણ દાખવ્યું નથી. આ સંજોગોમાં વર્ષાન્તે ખાધપુરવણીની રકમ મોટી થયેલી જણાય તો નવાઈ પામવાની જરૂર નથી.

એ ખરું છે કે વર્તમાન મંદ આર્થિક પરિસ્થિતિના સંદર્ભમાં નવા કરવેરા માટે ખાસ અવકાશ ન હતો. કેટલાંક ક્ષેત્રોમાં કરરાહતની જરૂર હતી. ખાસ કરીને મૂડી બજારોને ઉત્તેજિત કરવાના છેલ્લાં ત્રણેક વર્ષથી સતત પ્રયાસો થતા આવ્યા છે, છતાં મૂડીબજાર હજુ બિસ્માર હાલતમાં જ રહ્યું છે. સમર્થ કંપનીઓ પણ નવી મૂડી બહાર પાડવા માટે સામાન્ય શેરનો આશ્રય લેતાં ડરે છે. એ પરિસ્થિતિમાં ડિવિડન્ડ ટૅક્સની નાબૂદી અને સર ટૅક્સનો દર ૩૫ ટકાથી ઘટાડી ૨૫ ટકા કરવાની દરખાસ્ત આવકારપાત્ર છે. તેમ છતાં આ રાહતો મોટી કંપનીઓને જ લાભદાયક થશે. નવી સ્થપાયેલી અને મધ્યમ પ્રમાણમાં નફો કરતી કંપનીઓને તેનાથી કશો લાભ થશે નહિ. જો નાણાપ્રધાને મૂડીબજારને ચેતનવંત કરવા માટે પ્રામાણિક પ્રયાસ કરવો હતો તો તે માટે કૉર્પોરેશન વેરામાં ૫ ટકા જેટલી રાહત વધુ સારી અસર નિપજાવી શકત, કારણ કે તેનો લાભ સર્વ કંપનીઓને સમાન રીતે પ્રાપ્ત થાત.

સંપત્તિવેરાના દરો અને આવક વેરાના ખૂબ ઉપલા દરોમાં વધારો સૂચવવામાં આવ્યો છે; સરકારની સમાજવાદી નીતિના બચાવ માટે આનો આશ્રય લેવામાં આવ્યો છે. વાસ્તવમાં કોઈ પણ દેશમાં કરવેરાના અતિ ઊંચા દરો સમાનતા લાવવામાં સાધનરૂપ બન્યા નથી. તે માત્ર અસમાનતાને કંઈક હળવી કરી શકે, જોકે આ પરિણામ વિશે પણ શંકા સેવવામાં આવે છે. ખાસ કરીને જે સ્તરોમાં આ દર વધારવામાં આવ્યો છે તેમાં કરચોરીની માત્રામાં વધારો થાય એમ બને, અને તેને પરિણામે આ કરોની વ્યાવહારિક અસરકારકતા ઘટવા પામે. સમગ્ર રીતે જોતાં આ બન્ને કર દ્વારા મહત્ત્વની આવક સરકારને થવાની નથી. આમ છતાં તેમની બચત અને મૂડી રોકાણ પરની મનોવૈજ્ઞાનિક અસરો ખરાબ હશે.

સમગ્રતયા કેન્દ્રનું અંદાજપત્ર કોઈ મહત્ત્વની રાજકોશીય નીતિનો આધાર લેવાને બદલે ફુગાવાની નીતિનો આશ્રય લઈને આગામી વર્ષ દરમિયાન અર્થકારણમાં નવી ઉત્તેજના ફેલાવવાની દૃષ્ટિ રાખે છે. વર્તમાનમાં ભાવોની ગતિ પીછેહઠની દેખાય છે, પરંતુ આ વલણ હજુ તાજું છે. અર્થકારણે બાર વર્ષ તીવ્ર ફુગાવો અનુભવ્યો છે. તેમાં થોડા ભાવઘટાડાથી પ્રોત્સાહિત થઈને વ્યાપક પ્રમાણમાં ફુગાવાતરફી નીતિ અપનાવવામાં આવી રહી છે તેમાં સ્પષ્ટ જોખમ સમાયેલું છે. સરકારનો સંરક્ષણ ખર્ચ રૂ. ૪૫ કરોડ જેટલો વધે છે. ઓકારો યોજના પાછળ મોટું મૂડીરોકાણ આગામી વર્ષ દરમિયાન થવાનું છે એ સંદર્ભમાં આ ભય વધારે મજબૂત બને છે. દરમિયાનમાં બેંક રેટમાં ૧ ટકાનો ઘટાડો જાહેર કરીને નાણાનીતિને હળવી બનાવવામાં આવી છે. આ નીતિને પરિણામે ઉત્પાદન ઝડપથી વધે અને આયાતોની સરળતા રહે તો જ ફુગાવો કાબૂમાં રહેશે, નહિતર તે ફરીથી જોરથી માથું ઊંચકશે એ વિશે શંકા નથી. સમગ્ર અર્થકારણ ઊંચા ઉત્પાદનખર્ચના અનિષ્ટમાંથી બહાર ન આવે ત્યાંસુધી ફુગાવાનો ભય વાસ્તવિક છે. નવું અંદાજપત્ર આ પાયાના પ્રશ્ન પ્રત્યે સદંતર ઉદાસીન રહ્યું છે. અનુત્પાદક ખર્ચઘટાડાની યોજના દ્વારા અર્થકારણમાં સાચી શક્તિનો સંચાર થઈ શકે.

**રમાનાથ શાસ્ત્રી**

---

**નોંધ**

જૂન માસનો અંક સ્વ. રમણભાઈ નીલકંઠના સ્મારક અંક તરીકે પ્રગટ થશે.

—સંપાદકો

---

## હાઈકુ / ધીરુ પરીખ

(૧)

બાવળ–ડાળે
મ્હોર્યું કાંટે જાળું આ
કરોળિયાનું !

(૨)

પાણીશેરડે
જળ સુકાતું : લીલાં
લીલાં ખેતર !

(૩)

ડૂબ્યો કાંકરો :
ઢૂંઢે એના પડઘા
જલની લ્હેરો.

---

## બે હાઈકુ / સુક્તિ

(૧)

ઘોડે ચડીને
જાય સુભટ : કેડે
ડુંગરા ડોલે.

(૨)

વેરાન વન :
સૂકા વૃક્ષની ડાળે
બેઠો છે મોર.

## નહોય રુચતું / ભાનુપ્રસાદ પંડ્યા

તમે ચાચ્યો ત્યારે પથપર દઈ સાથ હસીને
હતો ચાલ્યો. વાતો ઊઘડી ફૂલ શી મારગ ઊભે!
(અજાણ્યા હું ને એ અજુગતું ઘડીવાર ભીડમાં
જનોની લાગ્યું'તું.) પણ વરસ કૈં એમ પછી તો
ગયાં આવ્યાં સાથે. સહજ અવ સંગાથ દૃયનો
થતાં યાચી બેઠો સકલ તવ! આધાં ઉપવનો
સુગંધીલાં મારાં ભસમ સહુ દાવાનલ થકી
નકારોના. મારે પથ પર બધે શૂળ વિખરી!
ગલીના ખૂણાના જરજરિત મારા ઘર કને
હવે આવી ઊંચે સદન વસીને જોરથી હીંચી
કિચૂડાટે, હાસ્યે, દરસી કર પીળા ઘડીઘડી,
ઝરૂખે ઊભીને ગીતની કડી જૂની ગણુ ગણી.–
વિના લેવાદેવા નિત પજવણી?! નહોય રુચતું
અહીં રૂહેવું મારું: નગર તજી, લો; જાઉં ઊપડી!

## રણ / મનસુખલાલ સાવલિયા

આ કાળની ક્ષણોની કણ કણ ચરે છે રણ,
પડકારતું ગગનને દોડ્યા કરે છે રણ!
પકડી પવનની પીંછી બાંકી લકીર ખેંચી,
કાયાના ભીંતપત્રોને ચીતરે છે રણ!
આ ધોમ ધોમ તાપે આળોટતું ધરા પર
કોના વિરહઅગનમાં સળગ્યા કરે છે રણ?
પૂનમના નેસમાંથી ખૂબ ચાંદનીને દોહી
ઊછળી રહેલ દૂધનો સાગર ભરે છે રણ!
કો'અકળ જાદુગરનો દેખાડવા તમાસો,
બાંધી નજર બધાની ખેલતું ખેલ ખાસો,
કાળી અમાસ રાતે નખશિખ ઓઢી લેતું
અંધારની પછેડી કણસ્યા કરે છે રણ.
ને પામવાને જેને વનથંભ વહી રહેતી,
જેના દિદાર કાજે સંતાપ કૈંક સહેતી,
વણઝાર થાકી તોયે; કંઈ કાળથી કુંવારી
મંઝિલ–મોહિનીનું અપહરણ કરે છે રણ.

## સમણા કેરું પંખી / ધીરુ પરીખ

એક સમણા કેરું પંખી આવી
મનડા કેરી ડાળે મારી બેઠું જી બેઠું જી.
એની મેઘધનુની પાંખો,
તગ તારલિયાની આંખો,
રંગ એક મહીં યે લાખો;
એ અવની પારનાં તરણાં લાવી,
નીડ બનાવી, માહીં મજેથી પેઠું જી પેઠું જી. એક૦
એણે ગીત અનેરું ગાયું,
ઉર સૂર-ગુલાલે છાયું,
ચૂર થઈને પાછળ ધાયું;
કૂદકો મારીને ડાળ નમાવી
ઘડીમાં ઉપર ઘડીમાં ઝૂલતું હેઠું જી હેઠું જી. એક૦
એક સંતાકૂકડી રમતું,
ભૈ દલડું પાછળ ભમતું,
જૈ કલ્પતરુમાં નમતું;
એ અકળામણિયું વ્હાલ,
કહો હું કેમ કરીને વેઠું જી વેઠું જી. એક૦

## વિયોગ / સુક્તિ

લાંબા ઘણા દિન ગયા પછી હું પ્રવેશું
ખોલી દુવાર ઘરમાં…
ભીંતો વીશીર્ણ તગતી ખખડેલ.ડાકણો
શી જીર્ણ, ગૈ છ વળી કેડમહીં પડું પડું…
થાતી: શરીર પર ખેપટ–શુષ્ક ચામડી.
બાઝયાં લઈ નીરસ જંતુ ઘણાંય સાથમાં
લૂખાં ભવાં ખરજવા સરખાં વિચ્છિન્ન.
કીડી અસંખ્ય ઉભરાય અસ્વસ્થ ટોડલે.
પોલાણ આ–કુજનની ચખ શાં પડેલાં.
–પોઢી હશે ભીતર ઉંદરની જમાત.
વંદાં કશું હલપલી રજમાં લપાય.
રે આ બધું નિરખતાં પગ જાય થંભી…
ત્યાં ઊંબરા પર બહાર અજાણ ચલ્લી
બોલી–અવાજ શિશુના ઘૂંઘરા સમો કરી
ઊડી ગઈ … … … ત્યાં જ પૂંઠે
કો બૂમ પાડતું 'અહીં પ્રિય આવ આવ…
તારા વિના તરફડી રહી ઓરડામાં.
–બેસી રહ્યાં હજીય બે મુજ વાટ જોતાં
વ્હાલા તમે,.ન પરવા કરી જીવ ખોતાં.

## સ્વ. રમણભાઈ મ. નીલકંઠ જન્મશતાબ્દી પ્રસંગે

# ગુજરાત વિદ્યાસભાના પ્રમુખ શ્રી. ચીનુભાઈ ચીમનભાઈનું પ્રારંભિક નિવેદન

બહેનો તથા ભાઈઓ,

ગુજરાતના સાહિત્ય, સંસ્કાર, સંસારસુધારો, ધાર્મિક જીવન સ્ત્રીઉત્કર્ષ જેવાં અનેક સામાજિક ક્ષેત્રોમાં પોતાની સર્વ શક્તિ ખર્ચી જીવનભર રચ્યાપચ્યા રહેનાર શ્રી. રમણભાઈ નીલકંઠની આજે જન્મશતાબ્દી છે. જીવનનાં અનેક ક્ષેત્રોમાં કામ કરતા રહેલા છતાં તેમણે હંમેશાં સૌની પ્રત્યે સૌજન્યભર્યું વર્તન રાખ્યું હતું. પોતાનાથી વિરોધી વિચાર ધરાવનાર પ્રત્યે પણ તેઓ વિનય દાખવતા હતા અને તેમની સૌજન્યશીલ છતાં સત્યપ્રિય અને પ્રામાણિકપણાની વૃત્તિને કારણે તેમના પ્રત્યે સૌ માન અને સદ્‌ભાવની લાગણીથી જોતા હતા. સને ૧૯૨૦ માં પૂ. ગાંધીજીએ અસહકારની લડત શરૂ કરી ત્યારે તેમના જુદા વિચારો હોવા છતાં તેમણે કોઈની પ્રત્યે અણગમાનો ભાવ સેવ્યો ન હતો.

ગુજરાતના સાહિત્યક્ષેત્રમાં તેમનું સ્થાન આગળ પડતું હતું. તેમના પિતાશ્રી મહીપતરામભાઈ પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજના પ્રથમ પ્રિન્સિપાલ થયા હતા; એટલું જ નહીં, પણ સામાજિક જીવનમાં સુધારાની દૃષ્ટિવાળા હતા. શ્રી. રમણભાઈને આ વારસો મળેલો હતો અને તે તેમણે જીવનભર અપનાવ્યો તથા શોભાવ્યો હતો.

ગુજરાતી સાહિત્યનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં શ્રી રમણભાઈએ પોતાનો ફાળો આપ્યો છે. નાટક, કવિતા, વિવેચન વગેરેને લગતાં તેમનાં લખાણ આજે પણ એટલાં જ તાજાં અને ઉપયોગી રહ્યાં છે. ગુજરાત વિદ્યાસભાના ઘડતરમાં અને વિકાસમાં તેમનો ફાળો અણમૂલો છે. શ્રી. મહીપતરામભાઈ પણ ગુજરાત વિદ્યાસભાના મંત્રી હતા. તેમના જ કુટુંબ સાથે ગાઢ સંબંધ ધરાવનાર શ્રી. લાલશંકરભાઈ પણ ગુજરાત વિદ્યાસભાના મંત્રીપદે હતા અને શ્રી. રમણભાઈએ સને ૧૯૧૨ થી સને ૧૯૨૮માં તેમનું અવસાન થયું ત્યાં સુધી સંસ્થાના મંત્રીનું સ્થાન શોભાવ્યું હતું. તેમના અવસાન બાદ શ્રીમતી વિદ્યાબહેન નીલકંઠની મંત્રી તરીકે વરણી થઈ હતી. એટલે એક રીતે કહીએ તો સને ૧૮૭૮માં શ્રી. મહીપતરામભાઈ વિદ્યાસભાના મંત્રી થયા ત્યારથી શરૂ કરીને સને ૧૯૫૮માં શ્રી વિદ્યાબહેનનું અવસાન થયું તે ૮૦ વર્ષના આખા ગાળામાં વિદ્યાસભાને શ્રી. રમણભાઈના કુટુંબની દોરવણી મળી હતી. આવી એક મહાન વ્યક્તિ, જેમને આચાર્યશ્રી આનંદશંકરભાઈએ 'સકલ પુરુષ' અને પૂ. ગાંધીજીએ 'વિધવાઓનાં આંસુ લૂછનાર' કહ્યા હતા તેમની જન્મજયંતી ઉજવવા આપણે આજે એકઠા મળ્યા છીએ. આ પ્રસંગે તેમના જીવનનાં વિવિધ-પાસાંઓનું મૂલ્યાંકન આપે એવા વક્તાઓ અને પ્રમુખ આપણને મળ્યા છે તે પણ ગૌરવની વાત છે. આજના મહોત્સવના પ્રમુખ તરીકે શ્રી. રસિકલાલ છોટાલાલ પરીખને નીમવાની હું આપની સમક્ષ દરખાસ્ત કરું છું. તેમની વિદ્વતા અને શ્રી. રમણભાઈના કુટુંબ સાથેના તેમના પરિચયની આપને ઓળખ આપવાની હોય નહીં; એટલે આપ સૌ આ દરખાસ્તને માન્ય રાખશો એવી આશા છે.

આ નિવેદન પૂરું કરતા પહેલાં સને ૧૯૨૮ના માર્ચની ૬ ઠ્ઠી એ શ્રી. રમણભાઈનું અવસાન થયું ત્યારે તે અંગે શોકની લાગણી પ્રગટ કરવા અમદાવાદમાં તા. ૧૪-૩-૧૯૨૮ના રોજ મળેલી જાહેર સભામાં સ્વ. સરદાર શ્રી. વલ્લભભાઈએ શ્રી. રમણભાઈને અંજલિ આપતાં ઉચ્ચારેલા શબ્દો આપની સમક્ષ રજૂ કરવાની તક લઉં છું.

સરદારશ્રીએ કહ્યું હતું કે:

"રાજકીય બાબતોમાં મારી અને શ્રી. રમણભાઈની વચ્ચે મોટો મતભેદ હતો છતાં તેઓ મારા પરમ મિત્ર હતા. એવો મતભેદ હોવા છતાં અમારા બેની વચ્ચે જરાયે કડવાશની લાગણી ન હતી એ તેમના સ્વભાવની સુજનતા અને આત્માની ઉદારતા બતાવે છે. તેઓ રાજા અને પ્રજા ઉભયનાં પ્રેમ અને સન્માન વણમાગ્યાં મેળવી શકયા હતા; આ કાર્ય ઘણું દુર્લભ છે છતાં તેઓ પોતાના ઉત્તમ ગુણોને લીધે જ આ સઘળું સંપાદન કરી શકયા હતા."

આવા એક મહાપુરુષને આપણે અંજલિ આપી, તેમના ગુણોનું અને કાર્યનું સ્મરણ કરી તે કાર્ય ગૌરવપૂર્વક આગળ વધે એવી ભાવના સેવી આપણે તેમના પ્રત્યેનું ઋણ અદા કરીએ.

# સર રમણભાઈ

રસિકલાલ છો. પરીખ

## [૧]

સર રમણભાઈની જન્મશતાબ્દી ઊજવવા પ્રસંગ યોજાવાનો છે એ બાબત મનનું ધ્યાન ખેંચવા લાગી એની સાથે એક પ્રકારનું મનમાં ગુંજન થવા લાગ્યું : આ પુરુષની વિશેષતા શી? એમને વિષે સંચિત થયેલા સંસ્કારોનો ઉદ્દગાર થયો : 'એ મહાજન છે–ગુજરાતમાં જન્મેલા મહાજન છે.' પરંતુ એથી 'ગુજરાતના મહાજન' એવો ષષ્ઠીનો પ્રયોગ–મર્યાદિત કરતો પ્રયોગ એમને માટે નહિ થાય,–ઘરદીવડાના અર્થમાં મર્યાદિત કરતો પ્રયોગ ન થાય. રમણભાઈમાં આવિષ્કાર પામેલા જે ગુણોથી એમને મહાજન તરીકે ઓળખીએ એ ગુણોથી જ માનવજાતમાંથી કોઈ ને પણ મહાજન કહીએ. દુનિયામાં વધતાઓછા જાણીતા હોવાને કારણે 'મહાજનતા'માં ઓછાવધતાપણું ન થાય. (આવું કોઈ કવિને માટે પણ કહી શકાય. એનું કાવ્ય એકાદ ભાષામાં હશે, પરંતુ જો એ 'કવિ' હોય તો એને એ કારણે મર્યાદિત નહિ કરાય. કવિ છે તો કવિ છે.) રમણભાઈ ગુજરાતમાં જાણીતા થયેલા મહાજન છે. ભારતભરમાં જાણીતા થયેલા મહાજનોની પંક્તિમાં એ છે.

## [૨]

મારો રમણભાઈ સાથેનો અંગત પરિચય તો બહુ ઓછો. વિદ્યાસભામાં સેવા કરવાનું પ્રાપ્ત થતાં પૂ. વિદ્યાબહેનની સાથે થયેલા સંપર્કને કારણે ક્રમે ક્રમે જે આદરભાવ બંધાતો ગયો–'મા' જેવાં ગણવાની અંગત લાગણી પણ થતી ગઈ, એવું તો રમણભાઈ વિષે કશું નહિ. છતાં એમની સાથેના થોડાક પ્રસંગોની મનમાં મુદ્રા પડી ગઈ છે.

પોતે ૧૯૧૩–૧૬માં ઓમ્બે લેજિસ્લેટિવ કાઉન્સિલના સભ્ય હતા. ૧૯૧૪–૧૮ નાં વર્ષો દરમિયાન હું પૂનામાં ફર્ગ્યુસન કૉલેજમાં અભ્યાસ કરતો હતો. એ સમયમાં પ્રો. બલવંતરાય ઠાકોર ડેક્કન કૉલેજમાં પ્રોફેસર હતા. તેમણે 'ગુજરાતી બંધુસમાજ' નામની એક સંસ્થા સ્થાપી હતી. તેનો પૂનામાં અભ્યાસ કરતા ગુજરાતી વિદ્યાર્થીઓને સારો લાભ મળતો. આ બંધુસમાજમાં ઑનરેબલ રમણભાઈને ભાષણ કરવા નિમંત્ર્યા હતા (ઘણું કરીને ૧૯૧૫). એમાં એમણે 'નાટક' વિષે અસરકારક ભાષણ આપ્યું હતું. એ ભાષણના મધુર અસ્ખલિત વાક્પ્રવાહનું સ્પષ્ટ સ્મરણ છે વિષયને એવી રીતે વિકસાવ્યો હતો કે મનમાં જાણે એમ થયું કે બધું સમજાઈ ગયું, ખ્યાલ આવી ગયા! પ્રો. ઠાકોરે સમારોપ કરતાં કહેલું કે એટલો લાંબો સમય જે નીરવ શાંતિથી વિદ્યાર્થીસમુદાયે એ ભાષણ સાંભળ્યું એ નામદાર રમણભાઈની વાણીનો વિજય છે. એમના નિરૂપણ વિષે એમણે કહેલું કે સંસ્કૃત અને અંગ્રેજી નાટકોના અભ્યાસ અને બન્ને પરંપરાઓની નાટ્યકલાનાં વિવેચનોના પરામર્શથી એકેમાં બંધાઈ ગયા વિના, 'રાઈનો પર્વત'ના લેખકની નાટ્યકલ્પના બંધાઈ હતી.

નાટકના મારા અભ્યાસમાં આ ભાષણના સંસ્કારો ઉપકારક થયા છે એવું અત્યારે પણ દેખાય છે.

એમના સીધા સંપર્કમાં ૧૯૧૯ ની સાલમાં આવવાનું થયેલું શ્રી ઇન્દુલાલ યાજ્ઞિકની પ્રેરણાથી. મારા મિત્ર ત્રિકમલાલ શાહ અને હું પૂનાથી ગુજરાતમાં શિક્ષણનું સેવાકાર્ય કરવા આવ્યા ત્યારે એક નાની શાળાની કારોબારી સમિતિમાં રમણભાઈ પ્રમુખ હતા અને હું મન્ત્રી હતો. એ સમયે એમનો મોભો એવો હતો કે મારા જેવા નાના માણસને એમની પાસે પ્રથમ જતાં ક્ષોભ થયો. પણ પહેલી બેઠકમાં જ એમની સરલ મીઠાશે એ ક્ષોભને અવકાશ

ન આપ્યો. મને યાદ છે તેમ સભાઓની 'મિનિટ્સ' કેમ રાખવી એ વિષે એમણે મને સમજણ અને શિખામણ આપેલી.

બીજાં પણ થોડાંક સ્મરણ છે ગુજરાત કેળવણી મંડળની બેઠકોનાં, જેમાં એમણે એકવાર કોઈ ભાઈ બેઠાં બેઠાં બોલતા હતા એમને ટોકયા, અને કહ્યું કે સભાના માનની ખાતર ઊભા થઈ બોલવું જોઈએ.

ગુજરાતીમાં મારો પહેલો લેખ 'મેઘદૂતનો પાંચમો શ્લોક' એ પોતે તંત્રી હતા ત્યારે એમણે વસંતમાં પ્રકટ કરેલો.

રામનારાયણભાઈ સાથે થયેલા કાવ્યપ્રકાશના અનુવાદની કદર અને એનું વિવેચન કરનાર એ સમયે એ એક જ હતા.

પરંતુ આ પરિચય કંઈ મત બાંધવા માટે પરિચય ન કહેવાય.

[ ૩ ]

રમણભાઈ વિષે અભિપ્રાય તો એમના જીવનને અને જીવનકાર્યને તટસ્થ રીતે જોનાર અને એમનો મહિમા સાંભળનાર અમદાવાદના રહેવાસી થયેલાને થાય એ રીતે થયો. ગુજરાતમાં વિશિષ્ટ ગણાયેલા પુરુષોએ એમના માટે જે અભિપ્રાયો ઉચ્ચાર્યા છે એ બધા ઉપરથી મારા મનમાં રમણભાઈ 'મહાજન' છે એવો મત બંધાયેલો.

રમણભાઈનો બુદ્ધિપ્રભાવ એ પોતે વિદ્યાર્થી હતા ત્યારથી જ અસાધારણ તેજે વિલસતો હતો. ઊંડા અભ્યાસ અને ચિંતનની સ્પષ્ટતા એમના સાહિત્યવિવેચનમાં પહેલેથી જ વ્યક્ત થતી હતી. ગુજરાતી સાહિત્ય પરિષદની એમણે સૂચવેલી કાર્ય-યોજનામાં વર્તમાન અને ભાવીની જરૂરિયાતોનો સર્વગ્રાહી ખ્યાલ છે. કાર્યદક્ષતા અને કાર્યકુશળતા એમના અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકેના વહીવટમાં દેખાય છે. આજુબાજુના જનસમાજની દાઝ તેમની સંસારસુધારાની પ્રવૃત્તિમાં દેખાય છે, જેનાં જોખમો વહોરવામાં એમનું વીરત્વ વ્યક્ત થયું છે. એમનો રાષ્ટ્રપ્રેમ પોતાને રાષ્ટ્ર માટે જે હિતકારક લાગ્યું તેને વળગી રહેવામાં અને આજુબાજુના ઉગ્ર ધોધમારમાં નહિ તણાઈ જવામાં સમજનાર સમજતા હતા. એમનો સ્વાર્થત્યાગ કામ કરવાની શક્તિ ઘટે તો ધનની આવકનું સાધન વકીલાત છોડી દઈ સેવાના સાધન મ્યુનિસિપાલિટીનો કાર્યને વળગી રહેવાના સંકલ્પમાં હતો.

અને આ બધાં કાર્યોમાં એમની સો ટચની પ્રામાણિકતા વ્યક્ત થઈ હતી.

અને એમની અગાધ ઈશ્વરશ્રદ્ધા વહેમો અને રૂઢિઓને વિરેચિત કરી શુદ્ધ થયેલી હતી. તેમની ઈશ્વરભક્તિ તેમનાં કાવ્યોમાં અને પ્રાર્થના–પ્રવચનો-માંથી નીતરી રહી છે.

અને આવું ઉત્તમ કોટિનું પ્રભાવશાલી વ્યક્તિત્વ હોવા છતાં સંતોમાં હોય છે એવો નિરભિમાન-ભાવ એમનામાં હતો.

રમણભાઈ મહાજન છે એનું ગુંજન આમ થતું ચાલ્યું.

[ ૪ ]

આવા પુરુષોની જયંતી ઊજવવાની મારી એક રીત એવી છે કે એમનું કાંઈક વાંચવું—એમને વિષે કંઈક વાંચવું–વિચારવું અને એ રીતે ઉપાસના કરવી. આ કરતાં એ ગુંજન આગળ ચાલ્યું.

નરસિંહરાવ રમણભાઈને સંસારસુધારક, સાહિત્ય સેવક અને દેશસેવક કહેવાના વિભાગાત્મક ઉદ્ગારને બદલે 'દેશસેવક' એ એક જ શબ્દમાં સર્વ લક્ષણો સમાવિષ્ટ કરે છે. આમાં ઊંડું તત્ત્વ છે. સંસારસુધારક તરીકે કે સાહિત્યકાર તરીકે દેશનું હિત ભુલાઈ જવાય એવું જે કેટલાકની જીવનપ્રવૃત્તિમાં દેખાય છે તેવું રમણભાઈમાં ન હતું; તેમ જ દેશનું હિત સમાજસુધારા અને સાહિત્યસેવાથી અલગ પાડી શકાતું નથી—આ ભાન રમણભાઈના જીવનકાર્યમાં રહેલું છે.

ગાંધીજીએ રમણભાઈની સુજનતા અને સેવાપરા-યણતા વિષે અનેકવાર ઉલ્લેખો કર્યા છે. પરંતુ રમણભાઈના અવસાનની નોંધમાં, ૧૯૨૮ માં, ગાંધીજી-એ લખ્યું કે "રમણભાઈ એટલે ગુજરાતના આધુનિક જીવનનો ઇતિહાસ."

આ સૂત્રાત્મક કથન અભ્યાસયોગ્ય છે. ઓગણીસમી સદીની છેલ્લી પચીશી અને વીશમી સદીના ત્રણ દાયકાનો ગુજરાતના જીવનનો જે કોઈ ઇતિહાસ વિચારશે તેને આ વિધાનનું તથ્ય સમજાશે. ઇતિહાસ ભૂલી જવો એ આપણી આદત છે. અને નજીકનો ચરતન ઇતિહાસ, જે વર્તમાન જીવનમાં આકાર પામી ગયો છે, તેને જરા અલગ કરી સમજવો પણ અઘરો છે. છતાં આજના જીવનમાં જે બાબતો સહજ જેવી લાગે છે તેને સહજ કરવામાં રમણભાઈનો કેટલો પુરુષાર્થ હતો તે વિચાર્યે એનું મહત્ત્વ સમજાશે.

આજે છોકરીઓ સહેલાઈથી એમને લેવું હોય તે શિક્ષણ લઈ શકે છે; તે પહેલાં ન હતું. આજે સ્ત્રીસ્વાતન્ત્ર્ય વિરુદ્ધ કોઈ બોલી શકે નહિ; પહેલાં તો **न स्त्री स्वातन्त्र्यमर्हति** હતું. આજે ખાવાપીવામાં નાતજાતની આભડછેટ અને વટલાઈ જવાની બીક નથી; તેમ પહેલાં ન હતું. આજે જ્ઞાતિ બહાર લગ્ન કરતાં કે ઉચ્ચ ગણાતી કોમની વિધવાને પુનર્વિવાહ કરતાં કોઈ રોકી શકતું નથી, ત્યારે પહેલાં તો આનો સર્વથા પ્રતિબંધ હતો. આજે છોકરીઓ મોટી ઉમ્મરે પરણે છે, કુંવારી પણ રહી શકે છે; પહેલાં તો બાર વર્ષ બહુ કહેવાય, વિદ્યાબ્હેન પોતે જ બાર વર્ષે પરણ્યાં હતાં; અને કુંવારા તો રહેવાય નહિ. ડોસો કુંવારો મરે પણ ડોસી કુંવારી મરતી જોઈ છે ! આવી કહેવત હતી. આ અને આવી બાબતોમાં પહેલાંની અને અત્યારની સ્થિતિ સરખાવીએ તો સમજાય કે રમણભાઈ અને પછીથી ગાંધીજી જેવાના પુરુષાર્થે સમાજજીવનને કેટલું અને કેવું પલટી નાંખ્યું છે.

આ બધાં માટે ઝૂઝવું તે ગુજરાતના આધુનિક જીવનનો ઇતિહાસ; અને એ ઇતિહાસ ઘડાયો હતો રમણભાઈના જીવનથી. ગાંધીજીના કથનનું આવું કંઈક તાત્પર્ય છે.

આનંદશંકરે ગાંધીજીના આ જ વિધાન ઉપર ભાષ્ય કરી રમણભાઈની અનોખી પ્રતિભાનું દર્શન કરાવ્યું છે. "ઇતિહાસ એટલે એની સર્વ પ્રવૃત્તિઓ મળી રચાતો એક પટ. સ્વ. રણછોડલાલ છોટાલાલે મ્યુનિસિપાલિટીના વહીવટનો આદર્શ સ્થાપ્યો; રમણભાઈના પિતા મહીપતરામે કેળવણીકાર અને બહાદુર સુધારક તરીકે યશ મેળવ્યો; અંબાલાલ સાકરલાલે ગુજરાતની બુદ્ધિશક્તિને શોભાવી; લાલશંકર ઉમિયાશંકરે સંસારસુધારાને લગતી અનેક સંસ્થાઓ સ્થાપી; ગોવર્ધનરામે સાક્ષરજીવનની ભાવના સિદ્ધ કરી; મણિલાલે પત્રકાર તરીકે અદ્‌ભુત પ્રભાવ પાડ્યો. રાજ્યપ્રકરણમાં ગોકળદાસ મહેતા, ચિમનલાલ સેતલવાડ, વિઠ્ઠલભાઈ પટેલને ગુજરાત અગ્રસ્થાને મૂકશે; અને ઊંડી ધાર્મિક ભક્તિમાં ગાંધીજી સર્વોપરિ સ્થાન ભોગવે છે. પરંતુ જે વ્યક્તિએ જીવનનો પ્રત્યેક ક્યારો પાયો છે એ તો ભાઈ રમણભાઈ જ. ગુજરાતે એવો **સકલપુરુષ** એની સ્મરણશક્તિ પહોંચે છે ત્યાંસુધી કદી પણ જોયો નથી."

આનંદશંકરનો રાજપ્રકરણીય નેતાઓ વિષેનો અભિપ્રાય ૧૯૨૮ ની સાલ સુધીના સમય માટે પણ સ્વીકાર્ય ન બને; સરદાર વલ્લભભાઈનું રાજકીય હીર આ ત્રણે કરતાં વધારે ચમક્યું હતું. પરંતુ વિવિધ જીવનપ્રવૃત્તિઓને સાંકળી લઈ આખા રમણભાઈને ઓળખાવતો 'સકલપુરુષ' એ શબ્દ એકાદ શબ્દ કે વિશેષણથી આખી વસ્તુ ઉપર પ્રકાશ પાડવાની આનંદશંકરમાં જે શક્તિ હતી તેનો ઉત્તમ પ્રયોગ છે.

[ ૫ ]

આ સકલપુરુષના ગુણોનું વિવેચન તેમના નિકટવર્તી સમકાલીનોએ કેવું કર્યું છે તે પણ જાણવા જેવું છે. નરસિંહરાવે રમણભાઈના સ્વભાવનું લક્ષણ આમ કર્યું છે : "સમતોલતા, ન્યાયદૃષ્ટિ, નિરભિમાનવૃત્તિ, વિનીતભાવ, દૃઢતા, ઉદાર હૃદયવૃત્તિ, ક્ષમાશીલતા, આત્મવિલોપન...આ સર્વ લક્ષણોમાં તેમની રમૂજવૃત્તિ સૂત્રવત્ પરોવાયેલી રહેતી હતી."

દી. બા. કૃષ્ણલાલ ઝવેરી રમણભાઈના ગાઢ મિત્ર હતા. તેમને રમણભાઈમાં વિશેષ તરી આવતું તત્ત્વ આ દેખાતું : "રમણભાઈ આગ્રહની, નિશ્ચયતાની મૂર્તિ હતા." અને આ સાથે કોઈની પણ લાગણી ન દુભાય એની રમણભાઈ ખાસ કાળજી રાખતા. એ લાગેલું. એના ઉદાહરણ તરીકે રમણભાઈ પોતાની સાથે અબોટિયું રાખતા એ બાબતને કૃષ્ણલાલે નોંધી

છે. કોઈ બ્રાહ્મણ કે નાગરની સાથે જમવા બેસવાનો પ્રસંગ આવે તો પેલાને નાહકના ન દુભાવવા પડે એ માટે તે અબોટિયું પહેરી લેતા; અથવા જનોઈને તોડીને ફેંકી દેવાનું 'શૌર્ય' પણ તેમણે નહોતું બતાવ્યું.

આમાં જેમ અન્યની લાગણી સાચવવાની સજ્જનતાની કુમાશ છે તેમ મુખ્ય અને ક્ષુલ્લકની વિવેકબુદ્ધિ પણ છે; કારણ કે રમણભાઈ તત્ત્વના આગ્રહમાં વજ્ર જેવા હતા.

ગાંધીજીએ એમનો વિશિષ્ટ ગુણ રમણભાઈએ 'જિંદગીને કર્તવ્યપરાયણ કરવામાં જિંદગીની સાર્થકતા માની' એમાં જોયો.

[ ૬ ]

પ્રો. બ. ક. ઠાકોરને ગુણપ્રશંસક થવું ગમતું નહિ. એ એવી ભાટાઈનો તિરસ્કાર કરનારા હતા. તેમણે રમણભાઈના જીવનનું અને કવનનું તીક્ષ્ણ રીતે વિવેચન કર્યું છે; જો કે એમાં અંતર્ગત છે એમનો સંતાપ: આવી અને આટલી બધી શક્તિઓવાળા રમણભાઈની જીવનલીલા કેમ આટલામાં સમાપ્ત થઈ ગઈ, એમનાં સાહિત્યસર્જનો આટલાં ઓછાં કેમ?

એમના મતે રમણભાઈના મગજમાં ત્રણ ચક્ર સાથે ચાલ્યા જ કરતાં (એક) મામૂલી વ્યવહાર–ચરખો, (બીજું) સાથે સાથે કાંઈ વિચારણા કે વાંચન–લેખન ચાલુ હોય તેમાં સત્તર આની એકાગ્રતા. (ત્રીજું) આસપાસ જે ચાલી રહ્યું હોય તે ઉપર ડોળો ખરો જ—વીસ આના. અર્થાત્ 'આ પ્રમાણે ત્રેવડી અવિશ્રાંત ચાલતી મગજક્રિયા'એ એમના જ્ઞાનતંતુઓને તૂટી જાય એટલા બધા ખેચ્યા. પોતે કહે છે કે 'રમણભાઈ લાંબું આયુષ્ય ભોગવી ન શક્યા, કારણ કે એમના મગજને આ ત્રણ અવધાન સાથે ચાલતાં રાખવાની પ્રકૃતિ જ બંધાઈ ગઈ: સાઠ વર્ષમાં પૂરાં સો વર્ષ જેટલો ઘસારો તો એમણે વેઠ્યો જ.

પરંતુ એ વિવેચકનો અંતિમ ચુકાદો તો એવો થયો કે "રમણભાઈ સંસારકર્તવ્ય ચૂક્યા નથી, રાજકર્તવ્ય ચૂક્યા નથી, પ્રજાકર્તવ્ય ચૂક્યા નથી, કુટુંબ કર્તવ્ય ચૂક્યા નથી, ધર્મકર્તવ્ય ચૂક્યા નથી, સાહિત્યકર્તવ્ય પણ ચૂક્યા નથી. એમની શાસ્ત્રાધિરૂઢ સાહિત્યોદ્ધાર ચિચ્છક્તિ વ્યવહારમાં એમની પાંખ બની છે. એમનો વ્યવહારાનુભવ સાહિત્યવિહારમાં એમનો અંકુશ બન્યો છે. બન્નેમાં તપોમય સ્વાર્પણ-ને જ એ વર્યા છે. એકેમાં વૈયક્તિક વિજયથી એ લલચાયા નથી."

એમને શોક છે કે રમણભાઈની કવિત્વશક્તિ ગુજરાતી સાહિત્યને ઘણી ઓછી મળી છે; જો કે એમની થોડીક એવી કવિતા માટે પ્રો. ઠાકરનો એવો અભિપ્રાય છે કે 'લખાઈ છે તે દરેક સરલ, રમતી, અર્ચિષ્મતી છે. એ દરેક સ્વાનુભવ રસનું પરિપકવ સ્વાદુ સુન્દર ફલ છે.'

[ ૭ ]

હું પોતે તો રમણભાઈને 'રાઈના પર્વત'થી ઓળખું છું. આ નાટકની મુંબઈ ગુજરાતી નાટક–મંડળી માટે તખ્તાલાયક આવૃત્તિ રામનારાયણ-ભાઈએ કરી હતી; એ નાટકની તખ્તાલાયકી વધારવા મેં નવા પ્રવેશો લખ્યા હતા, જે અત્યારે સાહસ કર્યા જેવું લાગે છે! એને માટે શિષ્ટ ગણાતા રાગોમાં મેં ગીતો રચ્યાં હતાં, જે મારે માટે કવિતાની એક નવી જાતની કરામત શીખવા જેવું હતું. પરંતુ આ નિમિત્તે એ નાટકનો બહુશઃ અભ્યાસ કરવાનું બન્યું.

૧૯૪૮ માં ગુજરાત વિદ્યાસભાની શતાબ્દી-ઉત્સવ નિમિત્તે 'રાઈનો પર્વત' ભજવવાનો નિર્ણય થયો હતો. એમાં મુખ્ય પાત્ર રાઈને તૈયાર કરવાનું મારે માથે આવ્યું હતું. આ નિમિત્તે, રાઈનું પાત્ર-સર્જન કેટલી કુશળતાથી, વિદગ્ધતાથી, સહૃદયતાથી અને મનોવિજ્ઞાનથી થયું છે એ મારી સમજમાં આવ્યું. એના વાક્યે વાક્યે કેવાં સૂક્ષ્મ ભાવબિંદુઓ છે, એ કેવાં પરિવર્તિત થાય છે અને જોડાઈને કેવા એક પ્રવાહરૂપ બને છે, અને આખા પાત્રને કેવું જીવંત બનાવે છે એનો મારા હૃદયમાં પ્રકાશ પડ્યો.

એનું ગદ્યશિલ્પ પણ નમૂનેદાર છે. હું માનું

છું કે નાટકના ગદ્ય માટે 'રાઈનો પર્વત' અને કાન્તનું 'ગુરુ ગોવિંદસિંહ' અભ્યાસ કરવા જેવા ગ્રંથો છે.

રમણભાઈની સર્જકપ્રતિભા માટે રાઈના પર્વતને કારણે મારું શિર નમેલું છે.

એમની કવિતાઓમાં સ્મરણમાં રહી ગયેલી પંક્તિઓ છે :

જેવી ફરંતી શરદભ્રછાય
પડે પડે ને વળિ ઊડિ જાય
ન છાય અભ્રો કંઈ રેંજ અંતે.

મનને જે હજી આકર્ષી રહી છે તે તુંગભદ્રા કાવ્યની પંક્તિઓ

બીજી નદીઓ દિઠિ છે ઘણી મેં,
ન તુંગભદ્રા સમિ કો નદી છે.
એમાં નથી પાણીનું મ્હોટું પૂર,
જાયે ન એનો રવ ઘોર દૂર,
દોડે ન એમાં જલસ્રોત વેગે,
તરંગ ઉંચા ન જણાય એકે
પરંતુ એની દિઠિ એવી મુદ્રા,
કે લાગ્યું "બીજી નથિ તુંગભદ્રા"

સુંદર ચિત્રાંકન કરતી આ સરલ રેખાઓની પાછળ કંઈક ગૂઢ મનોભાવ ડોકિયું કરી રહ્યો એનો ચમત્કાર મનને થઈ જાય છે. અને પેલી ગઝલ—

શેના વિના માનું બધું હું ખાકસાર જહાનમાં;
નરગિસ સરીખાં નેનને ઝુલફાં છુટાં દિલદારનાં.

પણ ટુકડે ટુકડે મગજમાં આવ્યા કરે છે. અને પેલો 'તત્કાલનો મહિમા' જીવન છે ત્યાં સુધી કેવી રીતે ઓછો થાય ?

અને
'એ એક ક્ષણનું મંજુ ગાયન ના સુણ્યું તે ના સુણ્યું'
અને
'એ અંતરે મીઠું કુસુમ એ ના સુંઘ્યું તે ના સુંઘ્યું.'
અને
'દુર્લભ પળે એ વિરલ દર્શન ના દીઠું તે ના દીઠું'
અને
તરુણી સ્વહૃદય રહસ્ય કહેતી દૃષ્ટિ નીચી રાખીને,
ત્યાં ગાલ પર તે સમય સુરખી ઉછળી રહિ રાતિ જે;
તે ચિત્ર પામે નાશ જ્યાં ઉત્પન્ન થઈને ક્ષણ ટક્યું,
તે પર તંહી તત્કાલ ચુંબન ના લિધું તે ના લિધું.'
ઇત્યાદિ.

રમણભાઈનાં ભક્તિપદો પણ ભાવવાહી છે, પરંતુ રમણભાઈના જીવનને ઉજ્જ્વલ પ્રકાશિત કરતું કાવ્ય એમણે ટેનિસનના Ancient Sage નામે કાવ્યના એક ભાગનું ભાષાંતર કર્યું 'શ્રદ્ધાનો પ્રભાવ' તેમાં દેખાય છે.

વિવિધ વિધિનું શ્રદ્ધા માટે કરાય નિષેવન,
સહુ તરિ જજે, એ રાતો—એ મનુષ્યનું કલ્પન;
સુદૃઢ કરજે શ્રદ્ધાનું તું સદા અવલંબન
જીવનપથમાં થાશે તેના પ્રભાવનું દર્શન.

એ શ્રદ્ધા ક્યારે ચમકે છે ? તો કવિ કહે છે—

ડગતિ નથી એ તોફાનોમાં વિતર્ક વિવાદના;
અથડિ પડતાં 'હા' ને 'ના' જ્યાં પ્રદીપ્ત થતી ત્યહાં.

એનું સ્વરૂપ કેવું છે ? તો—

અતિ અશુભમાં દેખે છે એ રહ્યું શુભ ઝાંખું જે;
રવિ ગુમ થયે જાણે છે એ નિશા સુધિ એવું છે.
સુકિ કળિ મહીં જૂએ ખીલ્યો વસંતવિકાસ એ;
મુકુલ ખરતાં પ્હેલાં ચાખે મીઠું ફળ પકવ એ,
પરભૃત તણો મૂગા ઈંડા મહીં સ્વર એ સુણે;
મૃગજળ દિસે બીજાને ત્યાં નદીજલ એ પિયે.

## [ ૮ ]

રમણભાઈએ મનન અને નિદિધ્યાસન કરી આ સ્વરૂપની શ્રદ્ધાનું દર્શન અનુભવ્યું હશે એમ મને લાગે છે. એમની ઈશ્વરશ્રદ્ધાનું જ આ એકરૂપ છે. જ્યારે ઈશ્વર વિષેની નાસ્તિકતા સેવવાની ફેશન હોય તે વયેથી અને તે શિક્ષણથી એમનામાં રહેલી ઈશ્વર-શ્રદ્ધાનાં બીજ અંકુર પામતાં જ રહ્યાં છે, જે કદી સુકાયાં દેખાતાં નથી.

અને આજે જ્યારે બધે નિરાશા આભાસે છે ત્યારે આ યાદ રાખવા જેવી પંક્તિઓ નથી ?

આ વૃત્તિ કદાચ એમનો સહજ સંસ્કાર હશે. વારસામાં અને કુટુંબશિક્ષણમાં ઘણાને આવી શ્રદ્ધા મળતી હોય છે, પણ તે ટકતી દેખાતી નથી.

ટકતી દેખાય છે ત્યાં દંભરૂપે હોય છે. તો વળી તર્કબલ ઘણીવાર એ બીજને ઉખાડી નાખે છે. એટલે એમનો વારસો અને કુટુંબસંસ્કાર એમની શ્રદ્ધાને જીવંત જ્વલંત રાખી શક્યાં એનું કારણ તો ઈશ્વરશ્રદ્ધા એમને સહજ સંસ્કારરૂપે હોય એમાં દેખાય છે.

આની સાથે બીજી એમની સહજવૃત્તિ હસવા-હસાવવાની છે, નરસિંહરાવ જેને રમૂજી વૃત્તિ કહે છે. વસ્તુઓ, માનવો અને ઘટનાઓમાં હસવા જેવી બાજુ હોય છે. એ જોવાની સહજશક્તિ વિરલ છે. કેટલાક કૃત્રિમ રીતે હાસ્ય કરવા-કરાવવાનો પ્રયત્ન કરતા હોય છે, પણ એ તો ઉપહસનીય તુચ્છ લાગે છે. જેનામાં આવી દર્શનશક્તિ સહજ હોય છે તેમનો 'હાસ' જુદો હોય છે. રમણભાઈમાં એ 'હાસદર્શન'ની સહજવૃત્તિ છે; અને એ દર્શનની વિવિધ કોટિઓએ એમની પાસે અનોખું હાસ્ય-સાહિત્ય સર્જાવ્યું છે. પરંતુ એ હસવું-હસાવવું ફક્ત સાહિત્ય માટે ન હતું, એ એમના જીવનનું અવિભાજ્ય પાસું હતું.

આ બે વૃત્તિઓ પરસ્પર વિરોધક નથી—વિરોધાભાસી લાગે એટલું જ. રમણભાઈમાં એ સહાવસ્થાન પામી હતી. એમના જીવનને 'સમતોલ' રાખવામાં કદાચ આ વૃત્તિએ જ ધારણ આપ્યું હશે, જેમ એમની ધર્મશ્રદ્ધાએ એમના જીવનને ઉન્નત રાખ્યું હશે.

એમના નિકટના સંબંધી–અન્તેવાસી જેવા ગટુભાઈ કહે છે: "રમણભાઈની સર્વ પ્રવૃત્તિઓનું મૂળ—સર્વનું પ્રેરક બળ એમની અત્યંત ધાર્મિક વૃત્તિમાં રહેલું હતું." આ ધાર્મિક વૃત્તિ ટીલાં ટપકાંની ન હતી એ તો રમણભાઈની બાબતમાં કહેવું પડે જ નહિ. ગટુભાઈ કહે છે કે "પરમાત્માના દિવ્ય તેજનું એ નિરંતર ધ્યાન ધરતા. भर्गो देवस्य धीमहि એ આપણી અતિપ્રાચીન પ્રાર્થના એમનો મુદ્રાલેખ હતો."

આવા મહાજનનો જન્મ અભિનંદવા યોગ્ય છે. તેમનાથી જગત શોભે છે, અથવા કાલિદાસના બે શબ્દો વાપરી કહીએ કે એમનાથી જગત પુનિત થાય છે અને વિભૂષિત થાય છે.

આ ગુંજનથી રમણભાઈની જન્મશતાબ્દી હું ઊજવું છું +

---

+ તા. ૧૩-૩-'૬૮ની સાંજે પ્રમુખસ્થાનેથી કરેલા વ્યાખ્યાનમાં આપવા ધારેલું ચિત્તગુંજન.

# વાતાવરણ

હસિત બૂચ

નાના ગામડામાં દીનુભાઈની પ્રતિષ્ઠા ઘણી હતી. સાદા પવિત્ર બ્રાહ્મણ તરીકે તો એમનો પ્રભાવ હતો જ, પણ વધુમાં પૂજવાજોગ–વખત આવ્યે સલાહ મગાય એવા શાણા વ્યવહારકુશળ વડીલ તરીકે ય દીનુભાઈ ગામમાં ઘેરઘેર સંભારાતા. એ હજી વીસેક વર્ષના હતા ત્યારથી ગામનાં ઘણાં કુટુમ્બોમાં ગોર થઈ તેઓ હરતા-ફરતા થયા હતા. પિતાના અવસાન પહેલાં જ એમણે પિતાની એ કામગીરી ગંભીરતાથી ઉપાડી લીધી હતી. તે એટલે સુધી કે નાના અવસરે પણ સહુ એમને પૂછતા. શાન્ત સ્વભાવે વાત સમજવી, સામાને અનુકૂળ થાય તેવો રસ્તો ચીંધવો અને અણીટાણે વગર બોલાવ્યે ય પહોંચી જવું, એ એમની હંમેશની પ્રકૃતિ. લગ્ન–મરણ–જનમ કે કોઈ નાનો એવો પ્રસંગ હોય તોય ઘેરઘેર માર્ગદર્શન–મદદ મગાય ને દીનુભાઈના ગામના બીજા બેએક ગોર એમને માન આપે, કારણ એ એમની પાસેથી માન ને કામ પણ પામ્યા કરતા. એમાં દીનુભાઈએ ખપપૂરતું વૈદું હસ્તગત કરેલું અને એ હાથ–કુંડળી પણ 'થોડું જાણું છું' કહી જોઈ આપતા; તેથી કેટલાંક કુટુમ્બોમાં તો દીનુભાઈ ગોર એટલે દેવ. સહુથી મોટી વાત તો એક એ જ, કે એમના લોહીમાં લોભનો અણુસારે નહીં, સ્પૃહા નહીં તેમ એનો દેખાડો કે ગર્વ પણ નહીં. ગામમાં સરકાર સુધી જેમના હાથ પહોંચતા મનાતા તે ગોવિન્દભાઈ પણ કહેતા, 'દીનુભાઈની વાત ન થાય. એ તો એમના પુણ્યે જ ગામ રૂડે વાન છે.' પારવતીબહેન બૈરાંઓના મોવડી. એય કહેતાં, 'ભરામણ તે આવા હોય!'

દીનુભાઈ ઘરભંગ થયા એનું ગામ આખાને દુઃખ. એ બીજીવાર ન જ પરણે એની ય સહુને ખાતરી. તેથી જ દયા પણ ઘણાં ખાતાં કે દીકરો ભણીને બહાર જશે તો દીનુભાઈની દેખભાળ કોણ લેશે? દીકરો અનિરુદ્ધ ત્યારે બારતેર વર્ષનો. દીનુભાઈ ચાળીસ ઉપર. બહારનું તો બધું દીનુભાઈ સાચવે જ, પણ દીકરાના સંસ્કારથી માંડીને ઘરનું રસોડું ય દીનુભાઈએ એવું જાળવ્યું કે પાડોશીઓ સુદ્ધાં દંગ થઈ વખાણ કરતાં થાકતાં નહિ.

એ દીકરો મેટ્રિક થયો ને અમદાવાદ વિજ્ઞાનની કોલેજમાં શિષ્યવૃત્તિ મેળવી દાખલ થયો ત્યારે સ્ટેશને કેટલાય ઘર મૂકવા હાજર. બધાને મન દીનુભાઈ માટે જ માત્ર નહિ, ગામ આખા માટે એ ગૌરવનો દિવસ હતો. ગામના શેઠ હરિલાલભાઈએ તો અમદાવાદના એક બ્રાહ્મણ કુટુમ્બમાં અનિરુદ્ધને રૂમ અપાય તેવી ગોઠવણ પણ કરી આપેલી. એ તો કોલેજનો ખર્ચ પણ આપવા આગ્રહ કરી ચૂકેલા. દીનુભાઈ વિનયથી એની ના કહે તેમાં કોઈને નવાઈ નહોતી લાગી. 'દીનુભાઈ એમ જ કરે' એ જાણકારો જાણે.

એક અનિરુદ્ધ જાણતો કે એનું અમદાવાદ જવું ને તેય ત્યાં કૉલેજનું ભણવું દીનુભાઈને બહુ પસંદ ન હતું. એકલવાયાપણાની મૂંઝવણ દીનુભાઈને ન હતી. વહેલી સવારના ગામ બહાર શૌચવિધિ પતાવી, નદીએ નાહીને પાછા ફરતાં સૂર્ય કંઈક ઉપર ચડતો અને પછી તો દીનુભાઈ પૂજાપાઠમાં કલાકેક રોકાઈ જતા. રસોઈ બનાવતાં વચ્ચે વચ્ચે કોઈ કામે આવ્યું હોય તેની વાત ઉકેલી લઈ અગર કોઈ ન આવ્યું તો આંગણાના ફૂલક્યારા સંભાળી લઈ તેઓ સવાર વિતાવતા.

બપોરે થોડી વામકુક્ષી કરી એ બહાર નીકળતા. જે ઘેર બોલાવ્યા હોય ત્યાં જઈ કામ ગોઠવવું–પાર

પાડવું, મહાદેવના પૂજારી સાથે ભક્તિ-સંસારની વાતો કરવી, ક્યારેક નદીને રસ્તે આવતી સાકા ભગતની વાડીએ ખબર અંતર પૂછી આવવી, સાંજે અનિરુદ્ધ રમીને પાછો આવે ત્યારે ગામ-ઘર શાળાની વાતો કરતાં કરતાં ઈષ્ટ સંસ્કાર સીંચ્યે જઈ ભાખરી શાક બનાવી લેવાં-એમાં રાત ક્યારે પડી તેય તેમને જાણ ન થતી. જમીને પ્રાર્થના કરવા બેસતા. અજબ ગાતા, અનિરુદ્ધ જાગતો હોય તો તેનેય ગાવામાં જોડતા ને પ્રાર્થનામાં જોડાતાં પડખેનાં કુટુંબો સાથે ક્યારેક થોડી વધુ વાર વાતવિનોદ પણ કરી લેતા. જાણે ઘરમાં કશુંય ખૂટતું ન હોય એવી ભરચક એમની સાદી દિનચર્યા રહેતી. હા, ક્યારેક તુલસીક્યારે પાણી પાતાં કે ત્યાં સમી સાંજે દીવો મૂકતાં તેમનો હાથ કોઈ સ્મૃતિ-ભારે પાછો ખેંચાતો, ક્યારે આંધરણ ચડ્યું હોય ત્યારે એમનું મન અણધાર્યું છૂપું છૂપું શેકાયા કરતું અને ક્યારેક પૂજામાં બેસતાં આંખો મીંચતાં કે સ્તોત્રપાઠ બુલંદ અવાજે લલકારતાં તેમનું મન ક્યાંક દૂર ઊંડી ગુહામાં ભરાઈ જવા મથ્યા કરતું.

એવી પળો કોઈકને જ કળાતી હશે બીજા ઘણાઓને તો દીનુભાઈનો શાન્ત ચહેરો આછું સ્મિત વેરતો જ જોવા મળતો. એમની દિનચર્યામાં સહુને કર્તવ્યપરાયણતાની અને સમૃદ્ધ શીલની ફોરમ અનુભવવા મળતી. દીનુભાઈની એકાંતની પળોમાં ગત પત્નીનું ગોરું ગોળ નમણું મોં જે વચ્ચે વચ્ચે શીળી ચન્દ્રિકા વરસાવતું તો કોઈક જ કલ્પી શકતું હશે. જગદમ્બા જેવાં ગવરીબહેનને કોઈ ભૂલ્યું ન હતું. દીનુભાઈ પરની એમની છાયા જે મીઠાશ પાથર્યા કરતી એની સ્મૃતિ સ્ત્રીઓનાં વર્તુળોમાં તો સંભારાય જ કરતી. દીનુભાઈની સ્વસ્થતા તેથી જ પૂજ્ય થતી.

એ દીનુભાઈને દીકરો અમદાવાદ કૉલેજનું ભણવા જાય તે ન ગમ્યું, પણ એ આડા ય ન આવ્યા. એમની ઇચ્છા એવી કે 'અનુ' એમનો વારસો રાખી બ્રાહ્મણધર્મ-ગોરકર્મ બજાવે. સંસ્કૃત-ગુજરાતી-હિંદી ધર્મગ્રંથોમાં રસ લઈ પોતાથી ય વધુ વિદ્વાન થઈ નામ કાઢે, ઘરનું ભક્તિશીલ વાતાવરણ જીવતું રાખે, ગામની ભોળી પ્રજાની પડખે રહી બ્રાહ્મણોચિત જિંદગી જીવે, એ જ 'અનુ' માટેની એમની કલ્પના. કૉલેજના ભણતરથી માણસને કંઈ વિશેષ મળતું નથી એમ માનવા છતાં 'અનુ' પોતાનું કુલખમીર તે વચ્ચેય રાખશે એવી આશાથી એમણે કહેલું, "બેટા, તારી ઇચ્છા છે, તો જા...મને તો આપણું કામ જ તારે માટે સાચું લાગે છે...હશે, જા તું...પણ જોજે, ભણતર આપણા વારસાને દિપાવે એવું લેજે."

દીનુભાઈને નવાઈ લાગી કે અનિરુદ્ધે અમદાવાદ જઈ અઠવાડિયામાં જ કૉલેજ બદલી કૉમર્સ-વાણિજ્યવિદ્યાનું ભણવું પસંદ કર્યું હતું. એમને એ ન ગમ્યું. અનિરુદ્ધ પહેલે વર્ષે પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયો ને કૉલેજનું ઇનામ જીતી લાવ્યો, તોય એમનું મન કહેતું રહ્યું, 'લાવે એ તો! શું ખપનું?' ગામના શેઠ હરિલાલભાઈ અનિરુદ્ધનું ભવિષ્ય ઊજળું કહેતા ને શેઠિયાઓ એની સલાહ પૂછતા થવાના એમ કહેતા, જ્યારે મૂંગા રહેતા દીનુભાઈને એમાં 'ખોટ' દેખાતી. 'બ્રાહ્મણ ઊઠીને વેપારવિદ્યાનો નિષ્ણાત થાય! શો યુગપ્રભાવ?'—એ જ એમના મનની વેદના. અનિરુદ્ધ રજામાં આવતો. એ જ એની સીધી રીતરહેણી ને એ જ એની નિર્દોષ ભાવનાશીલતા જોઈને ય એમને ફિકર રહેતી, 'બધું ખરુ... ઈશ્વરની દયા. પણ હવે આ ઘરનો બ્રાહ્મણ-ધર્મ તો ગયો જ માનવો...એને હવે એ ન જ ગમે...' એમને એ વાતની વેદના સતત હેર્યા કરતી.

એ વેદના, અસંતોષ, ખિન્નતા તેઓ કોઈને કળાવા ય દેતા ન હતા. તેઓને મનમાં પ્રતીતિ થઈ ચૂકી હતી કે તેઓ પોતાની ભાવના પરત્વે અટૂલા હતા. ગામનાં એમને માન દેતાં બ્રાહ્મણ કુટુમ્બો પણ અનિરુદ્ધની ભવિષ્યની કલ્પનાએ દીનુભાઈને ભાગ્યશાળી કહી રાજી થતાં તેઓ જોતા. 'કદાચ હું જ જમાના બહારનો છું. હવે કદાચ મારી વાત નકામી જ હશે સહુને...' તેઓ વિષાદગ્રસ્ત થઈ મનમાં બોલતા. એમની નજર આગળ જ ગામ

શહેરની નકલે ચડ્યું દેખાતું હતું: બજાર, નિશાળ, વ્યવહાર, બધે જ ગામનો રંગ બદલાતો તેઓ જોતા હતા. એમનું માન બધે જ જળવાતું હતું, છતાં એમને લાગતું કે જૂની ઉષ્મા શરમાતી શરમાતી દૂર જવા મથી રહી હતી. એમણેય તેથી જ દિનચર્યામાં ઘેર ધ્યાન–પૂજા–અધ્યયન વધાર્યાં હતાં, મહાદેવના મંદિરે વધુ સમય ગાળવા માંડયો હતો અને 'અવસ્થા થઈ' એ કારણ આપી બીજા ગોર બ્રાહ્મણોને પોતાવતી મોકલવા માંડયા હતા. એમને પોતા માટેના સ્વાભાવિક વાતાવરણથી દૂર થવું રુચે એમ જ નહતું.

અનિરુદ્ધ વાણિજ્યવિદ્યાનો પારંગત થઈ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ થઈ, અમદાવાદમાં જ સદ્ધર સ્થિતિએ જોતજોતામાં પહોંચી જઈ ત્યાં સ્થિર થયો. દીનુભાઈ એનું મન રાખવા એ બધું એકવાર જોઈ પણ આવ્યા. એમણે વિદાય વેળા કહેલું," અનુ, જમાના પ્રમાણે તેં લાઈન લીધી.........હું જુદા જમાનાનો માણસ રહ્યો......હશે, આમાં ય તારું ખોળિયું બ્રાહ્મણનું છે એટલું યાદ રાખીશ, તો ય ઘણું છે......ફત્તેહ કર." એમને ઘેર પાછા ફરતાં ટ્રેઇનમાં, પ્લેટફોર્મ પર, રસ્તા પર, પોતાને ગામ બજારમાં થઈ વળતાં, એ જ છાપ પડયા કરી કે જૂના જમાનાની ઝડપથી પીછેહઠ ચાલુ હતી. એમને યાદ આવ્યું 'સ્વધર્મે નિધનં શ્રેય:'—એમને પોતાનો એ માર્ગ રુચ્યો. 'અનુને એ ન રુચ્યું' એ ખટક એમને કઠયા કરી. 'આ શો મોહ?' એમનું મન સામો સવાલ કરતું.

ભલે તેઓ બહારનાંને પોતાની મનોવેદના જાણવા નહોતા દેતા, ભલે કોઈને જાણ ન થાય એમ પોતાનું જૂનું જીવન ગામના જીવનમાંથી તેઓ પાછું સંકેલી રહ્યા હતા, પણ શરીર પર એની અસર અચૂક પ્રગટ થયા કરતી હતી. રાતે એ વહેલા સૂઈ જતા, સવારે એમને અંગ કળતાં, જમવામાં તેમને લિજ્જત ન મળતી. કયારેક તો પાડોશીઓ જાણી જ જાય એવી શરદી કે ઝીણો તાવ આંટો મારી જતાં. કોઈ અનુને ત્યાં જવા એમને સૂચવે તો એ કહેતા, "વિચાર થાય છે... પણ આ ઘરની માયા ય હોયને, ભાઈ!" પોતે જ અંદરથી હસી લેતા, 'માયા?'—'ઘર?'

એમાંય ઉનાળાની ચાંદની રાતે તેઓ લગભગ જાગતા જ પડયા રહેતા. એમને ઘણું યાદ આવી જતું: યુવાનીનું દામ્પત્યજીવન, જગદમ્બા જેવી પત્નીની મોરેખ—હરફર—વાતચીત—નિષ્ઠા—છેલ્લી કસુવાવડ પછીની જીવલેણ માંદગી—એ તૈયાર કરતાં તે પૂજાપાની સામગ્રી. એમને યાદ આવી જતો કિશોર દીકરા અનુનો કોમળ લંબગોળ ચહેરો, યુવાનવયે એનો વિકસેલો આંખ ઠારતો દેહ, એની અમદાવાદમાંજ સાહ્યબી, એની આમન્યા, એનો અમદાવાદ આવી વસવાનો આગ્રહ એમની માનસિક દગને છાઈ દેતી હતી, તેની વચ્ચે વચ્ચે, નવા જમાનાની છાયા. એ છાયાથી ઉદાસ થવાનુ ય હવે એમને સહી ગયું હતું. એ છાયાને ધસતી જોઈ એ ધીમું ધીમું બબડતા, "હા...તારો જય છે હવે...મારા ઘરમાં ય..."

એમને કયારેક થઈ આવતું કે એમની આયુ-દોરી ટુંકાઈ જતી કેમ નહિ હોય? એ વિચારે તેમનું સત્ત્વ તરત માથું ઊંચકતું, 'એમ શેની ટુંકાવા દઉં? ભલે દુનિયા બીજે રસ્તે જતી! હું જાઉં એ રસ્તે, તો તો થઈ જ રહ્યું ને? અનુને ભલે ને નવા જમાનાએ ઝડપી લીધો! મને એ અડે તો એની ખેર નથી!'

મનની એ ખુમારી એમનું શરીર ન ગણકારતું. એ થાકયા કરતું, ધસાયે જતું અને પછી તો વધુ ને વધુ વાર રિસાવા માંડતું હતું. દીનુભાઈ એથી ચેતી ગયા હતા. એમને ન ગમતી એવી દવા જાતે બનાવીનેય એ તેવે વખતે લઈ લેતા. તે સાથે તેઓ સમજતા હતા કે દવાને બહુ માથે ચડવા દેવા જેવું ન હતું—શરીર સ્વાભાવિક રીતે જ હવે ચેતવણી આપ્યા કરતું હતું.

એ સમજ એમને એમના છેલ્લા જન્મદિવસની સાંજે એવી સાફ માથે ચડાવવી પડી કે પડોશનાં કુટુમ્બીઓને રાત લગીમાં તો જાણ થઈ ગઈ કે દીનુદાદાને આકરો તાવ ચડયો હતો. એએક

જુવાનોએ નક્કી કરી નાખ્યું કે દીનુદાદાની રાતે સંભાળ એમણે લેવી. બીજી સવારે વચ્ચે વચ્ચે દીનુભાઈને તંદ્રામાં સરી જતા કોઈ પડોશીઓએ ગામના નવા દાક્તરનેય બોલાવ્યા. દાક્તરની સૂચના કે જો તાવ કાબૂમાં ન આવે તો અમદાવાદથી દીકરાને તરત બોલાવવો. એ સાંભળીને તો પડોશનાં પીઢ પારવતીબહેને દિવસભર દીનુભાઈની સારવારમાં હાજર રહીને ઘેર ન જવાનું ય ગોઠવી નાખ્યું. બપોરે દીનુભાઈનો તાવ નમ્યો. એ આજુબાજુની ધમાલ જોઈ બોલ્યા, "આ બધી ધમાલ તમે કરી લાગી!"

"બધાએ કરી છે...તમે કરાવી તો ને?" પારવતીબહેન હસ્યાં.

"હવે ઠીક લાગે છે મને...એ તો ઉંમર થઈ એટલે—"

"ઉંમર? ઉંમર શેની? હજી તો આ ઘરમાં અનુની વહુ—" પારવતીબહેને પોતા માટે સહજ એવું ઇન્જેક્શન દીનુભાઈના મનમાં આપ્યું.

"એવી બધી માયા હવે પેલાને માથે—" કહી દીનુભાઈએ હાથ ઊંચો કર્યો.

સાંજ નમી ને દીનુભાઈના તાવે ફરી એવડી તાકાતથી હલ્લો કર્યો. મોડી રાતે દાક્તરને બીજી વાર આવવું પડ્યું. તે પછીની વહેલી સવારે તો દાક્તરે સ્પષ્ટ કહ્યું, "જુઓ, અમદાવાદ તાર કરી દો. હવે સારું થઈ જશે, પણ બોલાવવા ઠીક અનિરુદ્ધભાઈને.'

"અમદાવાદ દવાદારૂ પણ સારું થાય!" એક જુવાને કહ્યું.

"હા...કંઈક ઠીક થયે અમદાવાદ લઈ જવાય!" દાક્તરે સંમતિ આપી. એ સંમતિમાંથી પારવતી બહેને તો ભરપૂર આશા મેળવી.

બીજી સવારે અનિરુદ્ધ આવ્યો ત્યારે થોડા કલાક પહેલાં મળસ્કે પિતા દીનુભાઈ કાયમી નિદ્રા લઈ ચૂક્યા હતા. પિતાનો સ્વસ્થ, શાન્ત, ધીમું સ્મિત ઝમતો ચહેરો જોઈ રહેલા અનિરુદ્ધને આશા જાગી, 'ના, ના, મૃત્યુ પામ્યા નથી. હમણાં જાગશે! પણ ગામ આખું આંગણે ઉભરાયું, હવા ભારે ગંભીર થઈ ગઈ, સ્મશાનમાં ચિતા ખડકાઈ, પિતાનો નિષ્પ્રાણ દેહ તે પર સુવાડાયો અને છેલ્લે પોતે ચિતાની પ્રદક્ષિણા ફરી રહ્યો ત્યાં સુધીમાં એની આશાની કોઈ કણી ય રહી ન હતી એને ચિતા પરથી ઊંચે ઊડતી જ્વાળાઓમાં એક ભવ્યતા–પવિત્રતા–નિશ્ચયાત્મકતા આકાશ ભરીને ફેલાઈ જતી દેખાઈ.

એ ઘેર આવ્યો ત્યારે એ ભાંગી ગયો હતો. પાડોશના એકબે પરિચિતો તેની સાથે જ રાતભર રહ્યા તોયે એને એકાન્ત જ લાગ્યા કર્યું, સૂનાપણું જ ઘેરી રહ્યું. એને બધું ખુલ્લું, નીરસ, ભેંકાર લાગ્યું. જાણે પગ તળેથી નક્કર ભૂમિ ખસી ગઈ હોય એવું ભાન એને થયા કર્યું એ ભૂલી ગયો વય, પોતે મેળવેલી પ્રતિષ્ઠા, પોતાની શક્તિ. એને થયું જાણે એ પેલો કિશોર અનુ જ હતો, પણ હવે પિતા–શક્તિના સ્રોત સમા પિતાના છત્ર વિનાનો–એકલો ને અસહાય.

ત્રીજી બપોરે એ ટ્રેઇનમાં અમદાવાદ જવા ઊપડ્યો. કેવું ખાલીખમ હતું બધું?—એના મનમાં શૂન્યતા ભોંકાઈ રહી ટ્રેઈન આગળ વધતી ગઈ. એ છાપું હાથમાં બેવડ વાળીને બહાર જોઈ રહ્યો. બધું જ એની નજરે ઉજ્જડ હતું: સીમા આકાશ, ધરા, વૃક્ષોનું મૌન, ટ્રેઇનનો ધ્વનિ, પંખીઓની ગતિ, વીજળીના થાંભલા બધું જ એને પરાયું લાગ્યું. એને યાદ આવી રહ્યું પારવતીમાસીનું નમણું શૂન્યત્વથી છવાયેલું સૂકું મોં. એને સાંભર્યો હરિલાલ શેઠનો દિલાસો, "ભાઇ, બાપા તો તરી ગયા આ સંસારની બધી જ ઉપાધિઓને...આમ જોઈએ તો તારે જ નહિ, અમારેય મોટી ઓથ હતા એ.. તને આવો ઊંચો આવ્યો જોઈને ગયા એ ઓછું છે? ભૂલતો નહિ અમને..." બાજુમાં બેઠેલા ગોવિંદભાઈ તરત બોલેલા," ભૂલે? આપણને? તે વળી દીનુભાઈનો દીકરો?"

એની નજર આગળ ઓચિંતી દેખાઈ પિતા વિના અટૂલી–ઝૂરતી જણાતી ઓસરીની બારી પાસે પડી રહેતી પાટ. એ પરની સફેદ ચાદરની કરચલી દૂર કરવા જતાં સવારે જ હજી એની આંખો ભીની થઈ ગઈ હતી. એણે બારીની પાળ પર પડેલાં પિતાનાં હંમેશનાં સાથી જેવાં ચારપાંચ પુસ્તકો

સાથે લીધેલાં તે એને યાદ આવ્યું. એણે ઉપરની પાટલી પર મૂકેલી પોતાની સૂટકેસ પર નજર કરી ને ત્યાંથી તરત પાછી પણ વાળી. 'એ પુસ્તકો બાપુને મન પુસ્તકો ન હતાં...જીવન હતાં...'એના મનમાં સ્મૃતિ સળવળી, પોતે? બાપુને રસ્તે ન જ રહ્યો? બાપુને દુઃખ હતું એ જાણ્યા છતાં પોતે 'નવા જમાનાનો' થયો. એને ન ગમ્યો ગામડાગામમાં રહી બ્રાહ્મણધર્મ બજાવવો! શેનો ગમે? 'ક્યાં અમદાવાદની પેઢીની રોનક ને ક્યાં ગોરપદાની કડાકૂટ!'—એના મનની અવળચંડાઈ એને ખૂંચી.

'કોમર્સ ભણ્યો તેમાં ખોટું શું કર્યું? વિદ્યા તો એય છે સ્તો...' એ બબડ્યો.

'હા .વિદ્યા' સ્તો...પણ કમાઈ આપે એવી વિદ્યા!'એની અંદરથી કોણ બોલ્યું.

'એ ભણ્યો તો આ સ્થિતિ પામ્યો છું... અમદાવાદમાં બ્લોક લઈ રહું છું, ઘેર ટેલિફોન છે, સ્કૂટર લીધું છે...હરિલાલ શેઠ જેવા કે ગોવિન્દભાઈ જેવાય માન આપે છે...અમદાવાદમાં ચાર જણમાં નામ લેવાય છે...' એણે મૂંગો મૂંગો જવાબ ઘડ્યો.

"પણ, તારા બાપુ—દીનુભાઈને મન એ બધું તું ક્યાં નથી જાણતો? એને તો જોવો હતો અનિરુદ્ધ પોતાની વિદ્યાનો દીવો સતેજ રાખે એવો... એમની આંખ મીંચાઈ ગઈ છે, પણ એમાં હતી વેદના, બળતરા, કે દીકરો પોતાની દીવી નહિ જાળવે! એમને તારો ટેલિફોન, તારું સ્કૂટર, તારો બંગલો, તારી પેલી કોણ? હા—તારી સુલુ, સુલોચના, કશું જ—"

મનમાંથી ઊઠેલા છેલ્લા શબ્દે એ ચોંક્યો, 'સુલુ? સુલોચના?' એને યાદ આવી. હજી છેલ્લા એકાદ વર્ષથી જ એના પરિચયમાં આવી એની સ્વપ્નમૂર્તિ બની ગયેલી મહારાષ્ટ્રીય યુવતી સુલોચના ફિલસૂફી સાથે એમ. એ. થઈને તે કૉલેજમાં અધ્યાપિકા હતી અને પી એચ. ડી.નું કરતી હતી. એક મિત્રના કુટુમ્બમાં મળવા જતાં એ તેને ત્યાં પોતાનાં માબાપ સાથે પહેલીવાર મળી હતી. પછી એકાદ મેળાવડામાં એ મળતાં પરસ્પર રસ જાગ્યો હતો. એ મિલન બીજાં અનેક મિલનોનું પ્રેરક થયું અને છેલ્લે છેલ્લે તો સુલોચનાનાં માબાપે પણ આ સંબંધને સંમતિ–આશિષ આપી હતી. એણે સુલુથી કશું જ છાનું રાખ્યું ન હતું. પોતાનું વતન, પોતાનું બાળપણ, પિતાની ઇચ્છાથી જુદી પોતાની અમદાવાદમાંની કારકિર્દી, પિતાની ઝંખના, પિતા પાસે બેત્રણ વર્ષથી આવેલાં માગાં, પિતાનું એ બાબત પોતાને પૂછવું છતાં દબાણ ન કરવાનું વલણ, બ્રાહ્મણના કર્તવ્ય વિશેની પિતાની ભાવના, બધું જ સુલુને એણે કહ્યું હતું. તે સાથે એણે સુલુને એય કહેલું, "આપણી વાત તેમને ન ગમે એવુંય બને. મેં એમને હમેશાં નિરાશ કર્યા છે. આ વાત કઈ રીતે કરવી એમને?"

એની દૃષ્ટિ ઓચિંતી દૂર અંતરિક્ષની ધાર પર સ્થિર થઈ. ત્યાં પેલી પાર ઊતરી ચૂકેલા સૂર્યના પાછળના લહેરતા હિંગળોક ઝળકતા ઉત્તરીયનો છેડો હજી દેખાતો હતો. એ પર સંધ્યાનો શ્યામલ પડછાયો હવે સ્પષ્ટ વરતાતો હતો. એને યાદ આવી ગઈ પિતા શિયાળામાં બહાર જતી વેળા ઓઢતા તે ખૂલતા લાલ રંગની શાલ. 'આ સૂર્ય તો કાલ સવારે પાછો દેખાવાનો! પણ બાપુ? એ તો હવે કદીય—' એના વિચારે ખિન્નતા પ્રસારી દીધી એના મનમાં કોણ જાણે કેમ એને આ સૂના વાતાવરણ વચ્ચેથી સંભળાઈ રહ્યો પિતાની ચાખડીઓનો એકધારો છતાં પ્રભાવકારક ધ્વનિ, રાતે તેઓ ગાતા તે ભજનોના શબ્દોમાં વહેતો એમનો બુલંદ મીઠો અવાજ, સવારમાં નાહીને બહાર આવતાં તેઓ બોલતા એ શ્લોકોનો સ્પષ્ટ મંગલ ઉચ્ચાર. એ સ્મૃતિ એના ચિત્તને શાન્તિ અર્પી રહી.

'બાપુના આશીર્વાદ નહિ મેળવી શકું હવે... સુલુ એમનેય જરૂર સંસ્કાર—કુટુમ્બમાં શોભે એવી જ.—'

'સ્વાર્થી! તને ગમ્યું તે એમને ગમે જ, એવું કઈ રીતે માની લે છે? એમને જે ગમતું તે તને ગમ્યું છે, બોલ ને!'—સામેથી વિચારે વળાંક લીધો.

'સુલુ, બાપુની ભાવના હમેશાં આદરથી—'

'ને તું?' સામા વિચારે પૂછ્યું.

'મેં શું ખોટું કર્યું છે? જમાના પ્રમાણે આગળ વધ્યો, એમાં–' એ મૂંઝાઈ ઊઠ્યો.

'જમાનો ? જમાનાની વાત કરે છે ? માણસ, પોતાની કોઈ વાત સૂઝતી જ નથી તને! બાપુ પોતાના વારસાને સાચવવામાં માનતા'તા, ને તું–'

'બ્રાહ્મણ બ્રાહ્મણ જ છે બધે, જો સંસ્કાર સાચવે તો—' એ દૃઢ થયો. કોણ જાણે કેમ, એની એ દૃઢતાની નીચેથી પાછો સવાલ માથું ઊંચું કરી રહ્યો, 'સુલુ મહારાષ્ટ્રીય બ્રાહ્મણ યુવતી...બાપુને એની સાથેનો સંબંધ સ્વીકાર્ય થાત ખરો ?'

વધતા અંધારા વચ્ચે એ સવાલે એના મન પર મૌનનું ઘેન પાથરી દીધું. એ ઘેને એની પાંપણોને સ્પર્શ કર્યો તેવાં જ એનાં પોપચાં વાતાવરણના શાન્ત અંધારને ઝીલતાં નીચાં પડ્યાં. ટ્રેઇનના એકધારા અવાજે તો એ ઢળેલાં પોપચાંને ઢળેલાં રાખ્યાં જ, પણ વચ્ચે આવી ગયેલાં બેત્રણ સ્ટેશનનાં પ્લેટફોર્મ્સની હલચલ અને અશાંતિએ પણ એને એમ જ રાખ્યાં. એના પ્રથમ વર્ગના ખાલી કમ્પાર્ટમેન્ટના એકાન્તે એમાં ભરપટ્ટ મદદ કરી.

એ એકદમ જાગી ગયો. અમદાવાદ આવી ગયું હતું એટલું જ નહિ, એનું રોનકદાર પ્લેટફોર્મ પણ પચરંગી ચૈતન્યથી ધમધમતું હતું. એણે તરત સ્વસ્થ થઈને બારીનો કાચ ખોલી નજર નાખી. એણે ટી–સ્ટોલથી થોડેક આઘે જોઈ સુલુને. 'કેવી સરસ લાગે છે સફેદ સાડીમાં ય ?' એનું મન બોલી ઊઠ્યું.

રિક્શામાં એણે જાણ્યું કે એણે આ રાત તો સુલુને ઘેર જ ગાળવાની હતી. એને એ બાબત હા–ના કરવાની જ ન હતી. સુલુનાં માતાનો આદેશ હતો. પિતાના અવસાનના ખબર ગઈકાલના અખબારમાં વાંચી ગઈ સાંજથી તેઓ સવાર–બપોર–રાતની ટ્રેઇન પર કોઈ કોઈને મોકલતાં જ હતાં. આજ સવારે તો તાર પણ કરેલો !

અને જમતાં જમતાં એણે જાણ્યું કે બાપુ–દીનુભાઈએ જન્મદિવસની સવારે જ સુલુના પિતાના પત્રના ઉત્તરમાં 'પુત્રવધૂ આવી વિદુષી મળે, તેમ ફિલસૂફીની પંડિતા, ને પોતે આશીર્વાદ ન આપે ? ધન્ય થઈને આશિષ આપે પોતે' એ મતલબનું લખેલું. સુલુના પિતાના પત્રનીય અનિરુદ્ધને તો જાણ ન હતી !

એને સમજાયું નહિ કે આમ છતાં એ કેમ ગંભીર હતો ? એકાન્ત મળતાં એ આંખ મીંચી આડો પડયો, તોય એના મોં પર એ ગંભીરતા જ છવાયા કરી. એણે રાતબત્તીના ઝાંખા તેજમાં સુલુને પોતા પાસે ધીમેથી બેસતી જોઈ. એની આંખમાંથી અશ્રુ ખરી પડ્યું. સુલે એ અશ્રુને પારખી શકી. એમાં ન જોયેલા સસરાના આત્માનું અમી એને ઝમતું લાગ્યું. એની મૃદુલ આંગળીઓ એ ઝમતા અમીના હળવેરા સ્પર્શેય પુલકિત થઈ રહી. અનિરુદ્ધની છાતીએ એણે ઢાળેલા મોં આગળ એ સ્પર્શે દૂરદૂરની એણે ન જોયેલી સૃષ્ટિની ધૂસર ચિત્રાવલિ રચવા માંડી. પવિત્રતા અને ભક્તિથી વડલા જેવા ભવ્ય દેખાતા સસરાજી, એમની ધ્યાનમગ્ન છતાં ઋજુભાવે ભરી ભરી વિશાલ આંખો, સ્કંધ પરથી ઝૂલતી શીલની અભિવ્યક્તિ સમી એમની જનોઈ, એ ચડી રહ્યા હતા તે ઘરનાં પગથિયાં, એ ઘરનો વાડો, એમાંનો તુલસીક્યારો, એ સ્તોત્ર લલકારતા જ્યાં બેઠા હતા તે પૂજાની ઓરડી, સરલ વિદ્વત્તાથી અંકિત એમના મોં પરની આદરપ્રેરક કરચલીઓ, અરે જાણે પોતે પગે લાગવા નમી ને એમણે હાથ લંબાવી આશીર્વાદ આપ્યો "બેટા, ઘણું જીવો !" એ શબ્દોમાં સભર સભર એવો વત્સલ ધ્વનિકંપ.

"સુલુ" અનિરુદ્ધના એ ધીમા ઘેરા સાદે એણે મોં ઊંચું કર્યું. એણે એની આંખમાં, એના સાદમાં અગાઉ કદી ન અનુભવેલી આત્મીયતાની પ્રતીતિ કરી. એણે કંઈક નવું અનુભવ્યું. એ ધન્ય થઈ રહી. એને અનિરુદ્ધની સંનિધિમાં એના શૈશવનો, એના જૂના જીવનનો, પિતાના વ્યક્તિત્વની પરંપરાનો અણસાર થયો. એને અનિરુદ્ધ આ ક્ષણે વાતાવરણમય પ્રિયતમ લાગ્યો, જે વાતાવરણ એના અસ્તિત્વના મુખમાં સજીવન હતું તેનાથી એ સુરભિત થયો એને લાગ્યો. એણે અનિરુદ્ધનો હાથ હાથમાં લીધો. એ નીચું જોઈ રહી. એના કાનમાં ઓરડાની શાન્તિ શાર્દૂલ વિક્રીડિત સીંચી રહી એને લાગી. એને રોમેરોમ એ લયની હળવી હળવી લહર ફરી વળી.

# હથોડી

મૂળ લેખક : વિલિયમ સારોયાન
અનુવાદક : મધુસૂદન પારેખ

ઑગસ્ટ મહિનાના એક દિવસે અલ કૉન્ડ્રેગ ખીસાખર્ચ માટે એક પેની પણ વિના વુલવર્થમાંથી ભટકતો ભટકતો જતો હતો. એ વખતે તેણે એક નાની હથોડી જોઈ અને એ લઈ લેવાની તેને પ્રબળ વૃત્તિ થઈ આવી. એને લાગ્યું કે તેને જોઈતી જ વસ્તુ મળી ગઈ. હવે એ પોતે એ હથોડીથી કંઈક કરી શકશે. અને એનો કંટાળો દૂર થશે. એણે પેકિંગ હાઉસમાંથી કેટલાક કીમતી ખીલા ભેગા કર્યા હતા. પેટી બનાવનારા લુહારોએ કામ કરતાં કરતાં બેદરકારીથી એ હથોડી ત્યાં પાડી નાંખી હશે એમ માની એણે મહેનત કરીને ખીલા ભેગા કર્યા કારણ ખીલા જેવી વસ્તુ નકામી તો ન હોય એવું તે સમજતો હતો.

તેણે વિચાર્યું કે આ હથોડી, પેટીઓનું લાકડું અને ખીલાની મદદથી એ કશુંક બનાવી શકશે. શું બનાવી શકશે એનો એને ખ્યાલ નહોતો, પણ ટેબલ કે નાની પાટલી એવું કંઈક બનાવી શકાય.

તેણે હથોડી લઈને પોતાના લાંબા કોટ નીચેના ખીસામાં સેરવી દીધી, પણ એણે એ હથોડી સેરવી કે તરત જ એક માણસે કશું પણ બોલ્યાચાલ્યા વિના બાવડેથી એને સજ્જડ ઝાલ્યો. અને તેને સ્ટોરની પાછળ આવેલી એક નાની ઑફિસમાં ઘસડી ગયો. ત્યાં બીજો એક માણસ જરા પ્રૌઢ હતો તે કંઈક લખવામાં ગૂંથાયેલો હતો. આ છોકરાને ઘસડી લાવનાર જુવાન ઉશ્કેરાયેલો હતો અને તેને કપાળે પરસેવો વળી ગયો હતો. તે બોલ્યો, “લો, આ એક બીજો વધારે પકડાયો.”

ઑફિસમાં કામ કરતા પેલા માણસે જરાક ઊંચા થઈને આ છોકરાને નખશીખ નિહાળ્યો. પૂછ્યું, “એણે શું ચોર્યું છે?” “હથોડી” પેલા જુવાન માણસે એ છોકરા સામે ઘૃણાથી જોઈને કહ્યું. અને એ છોકરાને ફરમાવ્યું, “ચાલ કાઢ જોઈએ”.

છોકરાએ પોતાના ખીસામાંથી હથોડી કાઢી અને પેલા જુવાનને સોંપી દીધી. એ જુવાન બોલ્યો. “ઇચ્છા તો એવી થાય છે કે આ હથોડી તારા માથામાં મારું.” એમ કહીને તે પેલા પ્રૌઢ માણસ તરફ વળ્યો. એ માણસ સ્ટોરનો મેનેજર અને ઉપરી હતો. એણે એ જુવાનને પૂછ્યું, “આ છોકરાનું હવે શું કરવું છે?” મેનેજરે જવાબ દીધો, “એને અહીં મારી પાસે છોડી જાવ.”

પેલો જુવાન ઑફિસની બહાર નીકળી ગયો અને મેનેજરે પોતાના કામમાં ચિત્ત પરોવ્યું. પંદર મિનિટ સુધી એ છોકરો ત્યાં જ ઊભો રહ્યો. આખરે તેણે એ છોકરા સામે ફરીવાર નજર કરી, અને બોલ્યો, “એમ ત્યારે!”

શો જવાબ દેવો એ છોકરાને સૂઝ્યું નહીં. પેલો માણસ હવે બારણા તરફ જોઈ રહ્યો હતો.

આખરે એ છોકરાએ કહ્યું, “મારો ઇરાદો હથોડી ચોરી જવાનો ન હતો. મારે એની જરૂર હતી. અને એ ખરીદવા માટે ખીસામાં પૈસા ન હતા.”

“વસ્તુ ખરીદવાના પૈસા નહોય, એનો અર્થ એવો તો નહિ ને કે વસ્તુ ચોરી જવી?”

“ના સાહેબ.”

“બોલ હવે તારું શું કરવું? તને પોલીસને સોંપી દઉં?” એ છોકરો કશું બોલ્યો નહીં, પણ પોલીસને સોંપાવાની તેની જરાય ઇચ્છા ન હતી. એને આ માણસ માટે ધિક્કાર થયો, પણ સાથે સાથે એને એ પણ ખ્યાલ આવ્યો કે એની જગ્યાએ બીજો કોઈ મેનેજર હોય તો આનાથી પણ વધારે કડકાઈથી કામ લઈ શકે.

મેનેજરે કહ્યું, "હું તને જવા દઉં તો આ સ્ટોરમાંથી ફરી કદી ચોરી નહીં કરવાનું વચન આપીશ?"

"હા સાહેબ."

"ભલે," એ માણસે કહ્યું. "તું જઈ શકે છે પણ વસ્તુ ખરીદવાના પૈસા ન હોય ત્યાં સુધી આ સ્ટોરમાં હવે પછી પગ મેલતો નહીં."

તેણે બારણું ઉઘાડ્યું, અને છોકરો એકદમ ઝડપથી બહાર નીકળી ગયો.

મેનેજરના પંજામાંથી એ છૂટ્યો ત્યારે પહેલાં તો એને હસવું આવ્યું. છતાં એટલું તો એને સમજાયું કે પોતાનું ભારે અપમાન થયું હતું. એ વિચારથી એને ખૂબ શરમ ઉપજી. જે વસ્તુ એની પોતાની ન હોય તે લેવાનું એના સ્વભાવમાં જ ન હતું. જે જુવાને તેનું બાવડું પકડ્યું તેના પ્રત્યે તેને દ્વેષ થયો અને સ્ટોલના મેનેજરે તેને લાંબો વખત ચૂપચાપ ઓફિસમાં ઊભો રાખ્યો એ બદલ એના પ્રત્યે પણ ધિક્કાર પેદા થયો. જુવાન માણસે એને કહ્યું હતું કે તને તો માથામાં હથોડી મારવી જોઈએ. એ શબ્દો એને જરાય રુચ્યા ન હતા. તેનામાં તે જુવાનની આંખમાં આંખ પરોવીને તેની સામે સીધું જોવાની અને સામો સવાલ પૂછવાની હિંમત હોવી જોઈતી હતી કે 'તમારા એકલાની જ એ ઇચ્છા છે કે બીજા કોઈની પણ છે?' અલબત, એણે હથોડીની ચોરી કરી હતી અને એ પકડાયો હતો. તેમ છતાં તેનું આ રીતે અપમાન કરવામાં આવ્યું હતું તે બરાબર નહોતું.

ત્રણેક બ્લોક વટાવ્યા પછી તેણે નક્કી કર્યું કે હજુ હમણાં ઘેર જવું નથી. એમ વિચારતાં જ તે પાછો વળી ગયો અને શહેર ભણી ચાલવા માંડ્યો, જે માણસે તેને પકડ્યો હતો તેની પાસે પાછા જઈને તેને કંઈક સંભળાવી આવવાની તેને લાગણી થવા માંડી. એક વિચાર એવો પણ આવ્યો કે ફરીવાર ત્યાં પાછા જવું, હથોડી ચોરવી અને ભાગી જવું. શું કરવું અને શું નહિ એની વિમાસણમાં તે પડ્યો. પોતે ચોર હતો એવો અનુભવ તેને કરાવવામાં આવ્યો હતો ત્યારે હવે એ હથોડી શા માટે ન ચોરવી?

સ્ટોરની બહાર આવ્યા પછી તેણે પોતાનો મિજાજ ગુમાવ્યો. એ રસ્તા ઉપર ઊભો રહીને દશ મિનિટ સુધી સ્ટોરમાં નજર નાંખી રહ્યો. એના મનમાં ભારે ગૂંચવણ પેદા થઈ. એ ખૂબ શરમિંદો બની ગયો, કારણ એક તો એણે કોઈક વસ્તુ ચોરી, પાછો પકડાયો; એનું અપમાન થયું. અને છતાં પાછા જઈને હથોડી ચોરી લાવવાની તેનામાં હિંમત ન હતી. આખરે તેનું મન એવું ચગડોળે ચડ્યું કે રસ્તામાં એ એના સાથીદાર પીટને સામો મળ્યો ત્યારે એ સારા શબ્દો બોલવાનુંય એને સૂઝ્યું નહિ.

જ્યારે એ ઘેર પાછો આવ્યો ત્યારે એ એટલો બધો શરમિંદો હતો કે અંદર જઈને પોતાનું કાચનું વાસણ ઉઘાડવાની પણ તેને ઇચ્છા થઈ નહિ. તેણે પાછળના વાડામાંથી ધરાઈને પાઈપ વાટે પાણી પીધું. એની મા દર વર્ષે જે ઝાડપાન વાવતી હતી તેમાં પાણી સીંચવા માટે આ પાઈપનો ઉપયોગ કરતી હતી.

એની માને એ બગીચો બહુ ગમતો અને ઉનાળામાં રોજ રાતે એ તેમાં ખુરશીઓ નાંખીને બેસતી અને બગીચાની ઠંડક અને સુગંધ માણતી અને ત્યાં રાતનું વાળુ પણ પતાવતી.

ધરાઈને પાણી પીધા પછી એ છોકરો બગીચામાં બેઠો અને છોડવા ઉપરથી કંઈ કૂંળું કઠોળ ખાવા માંડ્યો. પછી તે ઘરમાં ગયો અને જે કંઈ બન્યું હતું તેની બધી વાત તેની માને કહી. મેનેજરે પોતાને છોડી મૂક્યા પછી તેને ફરી પાછા ત્યાં જઈને હથોડી ચોરી લાવવાનો વિચાર આવ્યો હતો તે પણ તેની માને કહ્યો. એની માએ કહ્યું, "તારે ચોરી શા સારુ કરવી પડે? આ રહ્યા દશ સેન્ટ તું એ માણસ પાસે પાછો જા. એ રકમ તેને આપીને તે હથોડી લઈ આવ.'

છોકરાએ ના પાડી: "મારે જેની ખરેખર જરૂર નથી. એવી વસ્તુ માટે તારા પૈસા નહિ લઉં. મને તો માત્ર સહેજ વિચાર આવ્યો કે હથોડી હોય તો સારું. એનાથી કંઈક બનાવી શકાય. મારી

પાસે ઘણા ખીલા અને પેટીનાં લાકડાં છે, પણ હથોડી નથી."

"તો જા અને હથોડી ખરીદી લાવ," તેની માએ કહ્યું. "ના," છોકરાએ કહ્યું.

"તો પછી ચૂપ રહે." એની માને જ્યારે કશું બોલવાનું ના સૂઝે ત્યારે એ ચૂપ રહેવાનું કહેતી.

અલ બહાર પગથિયા પર જઈને બેઠો. તેનું અપમાન તેને કોરી ખાવા લાગ્યું. તેણે કારખાના તરફ જતા રેલગાડીના રસ્તા પર રખડવાનું નક્કી કર્યું, કારણ જે કાંઈ બની ગયું તે બાબત વિષે તે કંઈક વધુ વિચાર કરવા માંગતો હતો. ત્યાં એ પેકિંગ હાઉસ પાસે તેણે જોનીને પેટીમાં ખીલા ગોઠવતો દશ મિનિટ સુધી નિહાળ્યો, પણ જોની એના કામમાં એટલો મશગૂલ હતો કે તેણે એને જોયો પણ નહિ. જો કે બેત્રણ વર્ષ પહેલાં એક દિવસ સ્કૂલમાં જોનીએ તેને "કેમ છે દોસ્ત" એમ કહીને સત્કાર્યો હતો. જોની હથોડી વતી કામ કરતો હતો અને એના ગામમાં દરેક જણ કહેતું કે એના જેવો ઝડપથી પેટી બનાવનારો બીજો કોઈ નથી. મશીનની જેમ તે કામ કરતો. જોનીને લીધે કારખાનાનો પોતાનું ગૌરવ માનતો.

અલ કોન્ડ્રેગ છેવટે પાછો ઘર ભણી જવા નીકળ્યો, કારણ તે હવે એના માર્ગમાં દખલ કરવા માંગતો ન હતો. કદાચ જોની અપમાન કરી બેસે તો ? ફરીવાર અપમાન નોતરવાની તેની ઇચ્છા ન હતી.

ઘેર જતાં રસ્તામાં તેણે પૈસા માટે આમતેમ ફાંફાં મારવા માંડયાં, પણ કાચના કટકા અને કાટ ખાઈ ગયેલા ખીલા સિવાય બીજું કંઈ રસ્તા પર નહતું, અને એ વસ્તુઓ દર ઉનાળે તેના ખુલ્લા પગમાં ચીરા પાડતી.

જ્યારે તે ઘેર આવ્યો ત્યારે એની માએ સલાડ બનાવ્યો હતો. અને એ ટેબલ પર બેઠી હતી એટલે એ પણ ખાવા બેસી ગયો, પણ એનું ચિત્ત ખાવામાં ન હતું. તે ઊભો થયો, ઘરમાં ગયો અને પોતાના ઓરડાના ખૂણામાંથી કાચના વાસણમાંથી પાણી પીધું.

તે ફરી પાછો શહેરમાં ગયો અને બંધ સ્ટોરની સામે જઈને ઊભો રહ્યો. જે જુવાને તેને પકડયો હતો તેને તે મનોમન ધિક્કારી રહ્યો, અને પછી તે હિપોડ્રૂમને માર્ગે ચાલ્યો અને ત્યાં ફોટાનું પ્રદર્શન નીહાળ્યું. ત્યાંથી તે જાહેર પુસ્તકાલયમાં ગયો. બધી ચોપડીઓ તે જોઈ વળ્યો, પણ તેને એકે પસંદ પડી નહિ, એટલે તે શહેરની આસપાસ રખડતો રહ્યો, અને લગભગ સાડા આઠે ઘેર આવીને સૂઈ ગયો.

તેની મા ક્યારનીય સૂઈ ગઈ હતી. કારણ તેને બીજે દિવસે વહેલી સવારે ફળના પેકિંગનું કામ કરવા માટે બીજે ગામ જવાનું હતું. ત્યાં આખો દિવસ કામ ચાલતું. કેટલીક વાર તેને અડધા દિવસનું કામ મળતું, પણ ઉનાળા દરમિયાન એની મા જે કંઈ કમાણી કરી લાવતી, તેનાથી તેમનું આખું વર્ષ નભતું.

એ રાતે એ ઊંઘી શકયો નહિ, કારણ જે બનાવ બની ગયો હતો તે એના મનમાંથી નીકળતો ન હતો. એ બનાવ બાબત હવે શું કરવું તેની છસાત રીત તેણે વિચારી કાઢી. એક વિચાર તો જે જુવાને તેને પકડયો હતો તેનું ખૂન કરી નાંખવાનો પણ થયો. વળી બીજો વિચાર તેને એવો આવ્યો કે આખી જિંદગી વ્યવસ્થિતપણે સફળતાપૂર્વક ચોરીઓ કર્યા કરવી. એ રાતે ગરમી ખૂબ હતી, તેથી તે ઊંઘી શકયો નહિ.

આખરે તેની મા ઊઠી અને ઉઘાડા પગે રસોડામાં પાણી પીવા ગઈ. પાછાં વળતાં ધીમેકથી તેણે છોકરાને કહ્યું, "ચૂપ રહે."

જ્યારે વહેલી સવારે પાંચ વાગે એ ઊઠી ત્યારે છોકરો ઘરમાં ન હતો, પણ એવું તો અગાઉ ઘણી વાર બનતું હતું. એ છોકરાને સ્વભાવથી અજંપો હતો અને દર ઉનાળે બધો વખત ફરતો જ રહેતો. તે ભૂલો કરતો ને ભોગવતો. તેણે ચોરી કરવાનો પ્રયત્ન કર્યો ને પકડાયો એની પીડા તેને પજવતી હતી. એની માએ પોતાનો નાસ્તો બાંધી લીધો અને

આખા દિવસનું કામ મળશે એવી આશાએ તે ઉતાવળી કામે નીકળી ગઈ.

તેને આખા દિવસનું જ કામ મળ્યું. તે ઉપરાંત ઓવરટાઈમ પણ મળ્યો. વધારાના મહેનતાણા માટે તે કામે લાગી ગઈ. એની સાથે એની પાડોશણ લીઝા પણ હતી. તેણે કહ્યું, "જેટલું વધારાનું કામ મળે તેટલું પૂરું કરીને જ જઈએ. ઘેર જઈને આપણા બેનું ભેગું જ વાળુ બનાવીને તમારા બગીચામાં ખાઈશું. ત્યાં ઠંડક સારી હશે. અત્યારે ઉનાળાનો દિવસ છે અને પચાસથી સાઠ સેન્ટનું મહેનતાણું ગુમાવવાનો કંઈ અર્થ નથી."

બંને સ્ત્રીઓ જ્યારે બગીચામાં પાછી આવી ત્યારે લગભગ નવ વાગ્યા હતા. પેલો છોકરો લાકડામાં ખીલા જડતો હતો, અને હથોડી વતી કશુંક બનાવી રહ્યો હતો. કંઈક પાટલી જેવું લાગતું હતું. તેણે બગીચાને પાણીનો છંટકાવ કરી દીધો હતો. સ્થળ રમણીય લાગતું હતું, પણ છોકરો બહુ ગંભીર અને કાર્યમગ્ન લાગતો હતો. એ સ્ત્રી અને લીઝા બંને વાળુ બનાવવા ગયાં.

લીઝા પોતાને ઘેર બ્રેડ લેવા ગઈ અને પછી બંને જણીએ નિરાંતે મહેનતાણાની દૃષ્ટિએ દહાડો સફળ ગયો તેની લહેજતભરી વાતો કરતાં કરતાં વાળુ કરવા માંડ્યું. વાળુ પત્યા પછી કોફી પીધી.

લીઝાના ઘેર ગયા પછી માએ તેને પૂછ્યું, "આ હથોડી ક્યાંથી લાવ્યો?"

"સ્ટોરમાંથી જ લઈ આવ્યો,"

"કેવી રીતે લાવ્યો? ચોરી લાવ્યો?"

છોકરાએ પાટલી તૈયાર કરી નાંખી હતી. એના ઉપર તે બેઠો અને બોલ્યો, "ના, ચોરીને નથી લાવ્યો."

"ત્યારે કેવી રીતે લાવ્યો?"

"મેં સ્ટોરમાં મજૂરી કરી," છોકરાએ કહ્યું.

"જ્યાં ગઈકાલે ચોરી કરી હતી એ સ્ટોરમાં?"

"હા."

"કોણે કામ આપ્યું?"

"મેનેજરે."

"કેવા પ્રકારનું કામ સોંપ્યું?"

"જુદી જુદી વસ્તુઓ, જુદા જુદા કાઉન્ટર પર ઊંચકી જવાનું કામ મને સોંપ્યું હતું.'

"ભલે, સારું થયું." એ સ્ત્રીએ કહ્યું. "એ હથોડી માટે કેટલા કલાક કામ કર્યું?"

"આખો દિવસ." છોકરાએ કહ્યું. "એક કલાક મેં કામ કર્યું પછી મેનેજરે મને હથોડી આપવા માંડી, પણ હું તો કામ કરતો જ રહ્યો. જે માણસે મને પકડયો હતો એણે મને કામ કેવી રીતે કરવું એની રીત શિખવાડી અને અમે સાથે કામ કર્યું. અમે કશી વાતચીત કરી નહીં, પણ દિવસને અંતે એ મને મેનેજરની ઑફિસમાં લઈ ગયો અને મેનેજર સમક્ષ તેણે ભલામણ કરી કે આ છોકરાને ઓછામાં ઓછો એક ડોલર તો મળવો જ જોઈએ. તેણે આખો દિવસ સખત કામ કર્યું છે." માએ કહ્યું, "સારી વાત છે."

"એ મેનેજરે મને એક ડોલર આપ્યો, અને જે માણસે મને ગઈકાલે પકડયો હતો તેણે મેનેજરને કહ્યું, 'આપણા સ્ટોર માટે આના જેવા એક છોકરાની જરૂર છે. રોજના એક ડોલરના મહેનતાણાથી તેને રાખી લઈએ.' અને મેનેજરે મને નોકરીમાં રાખવાની હા પાડી."

માએ કહ્યું, "સારું થયું, એ રીતે તું તારે માટે થોડી રકમ ભેગી કરી શકીશ."

છોકરાએ કહ્યું, "મેં મને મળેલો ડોલર મેનેજરના ટેબલ ઉપર પાછો મૂકી દીધો અને બંનેને કહી દીધું કે મારે નોકરી કરવી નથી."

એની મા બોલી ઊઠી, "અરે, પણ એમ તેં શા માટે કહી દીધું? અગિયાર વર્ષના છોકરા માટે રોજનો એક ડોલર એ તો સારી રકમ ગણાય. તે નોકરી કેમ જવા દીધી?"

"કારણ એ બેયને હું વિક્કારું છું." છોકરાએ

કહ્યું. "હું એમના જેવાઓ માટે નોકરી કરવા નવરો નથી મેં તેમની સામે તીરછી નજર નાંખી મારી હથોડી ઉપાડી હું બહાર આવતો રહ્યો. ઘેર આવીને મેં આ પાટલી બનાવી."

"બહુ સારું, ચૂપ રહે," એની માએ કહ્યું. એમ કહીને તે સૂવા માટે અંદર ચાલી ગઈ. પણ એ છોકરો પોતે બનાવેલી પાટલી ઉપર બેઠો અને બગીચાની સુગંધ માણવા લાગ્યો. હવે પેલા અપમાનનો ડંખ તેને ખટકતો ન હતો.

અને પેલા બે માણસોએ તેની સાથે જે પ્રકારનું વર્તન દાખવવું ઘટે તેવું વર્તન દાખવવા સિવાય બીજું વિશેષ તેનું કાંઈ બગાડયું ન હતું એમ તે માનતો હોવા છતાં પણ એ બંનેને તે હજુ ધિક્કાર્યા સિવાય રહી શક્યો નહિ.

---


**સરસપુર મિલનું કાપડ**

**એટલે**

**સંતોષની પરાકાષ્ઠા**

| | | |
|---|---|---|
| ટકાઉ અને આકર્ષક | સેનો, શર્ટિંગ, પોપલિન ક્રેપ, ધોતી અને સાડી | મધ્યમ ભરનું કાપડ |

**ધી સરસપુર મિલ્સ લિમિટેડ**

સરસપુર રોડ : અમદાવાદ-૧૮

ટેલિફોન્સ : ૨૪૯૦૧ - ૨૨૮૧૫ ■ ટેલિગ્રામ : "રૂપસરસ"

# ૭. રસ અને ધ્વનિ

નગીનદાસ પારેખ

એટલે અભિનવને મતે રસાનુભવને આપણે ઉપચય, અનુકાર કે સ્મૃતિ ગમે તે નામ આપીએ, પણ રસ એ એના અનુભવમાં આવતાં બધાં વિઘ્નો રહિત આનંદપૂર્વક અનુભવાતો ભાવ છે. सर्वथा वीतविघ्नप्रतीतिग्राह्यो भाव एव रसः। આ વિઘ્નોનો પરિહાર કરનાર વિભાવાદિ છે. સામાન્ય લૌકિક વ્યવહારમાં પણ સર્વ વિઘ્નમુક્ત જ્ઞાનને ચમત્કાર, રસના, ભોગ, લય, વિશ્રાંતિ વગેરે જુદેજુદે નામે ઓળખવામાં આવે છે. રસના અનુભવમાં આવતાં આ વિઘ્નો કયાં છે? એ વિઘ્નો સાત છે: ૧. प्रतिपत्तावयोग्यता सम्भावनाविरहः। કાવ્યમાં વર્ણવેલી ઘટનાની સંભવિતતાની પૂરી ખાતરી ન થવી તે. જ્યારે પિતાના વચનને ખાતર સામ્રાજ્યનો ત્યાગ, સમુદ્રલંઘન, દેવોને પણ ત્રાસરૂપ દાનવ સાથે યુદ્ધ આદિ અલૌકિક ઘટનાનું નિરૂપણ કરવાનું હોય છે ત્યારે તે રામ જેવા મહાન નાયકના સંબંધમાં જ કરવામાં આવે છે, અને ત્યાં આપણે દીર્ઘકાળની પ્રસિદ્ધિને કારણે નિઃસંશય રીતે એ બધું માની લઈએ છીએ. નાટકોનું વસ્તુ પુરાણોમાંથી લેવામાં આવે છે તેનું આ એક મોટું કારણ છે. પ્રહસનાદિમાં આમ કરવાની જરૂર હોતી નથી.

૨. स्वगतपरगतत्वनियमेन देशकालविशेषावेशः એટલે દેશકાલની વિશેષતાને કારણે સહૃદય વર્ણ્ય વિષયથી પોતાને ભિન્ન માને અથવા ભિન્ન ન માને તે. જો પોતાનાં છે એમ લાગે તો તેનામાં તેને ટકાવી સહૃદયને સુખદુઃખ રાખવાની અથવા તેને દૂર કરવાની, તેને પ્રગટ કરવાની કે ગુપ્ત રાખવાની આકાંક્ષા જાગે અને તે રસાનુભૂતિમાં વિઘ્નરૂપ થઈ પડે. વળી, એ સુખદુઃખ બીજાનાં છે એવું તેને લાગે તોપણ તેના ચિત્ત ઉપર તેની અસર થાય. મિત્ર, અરિ કે ઉદાસીનનાં સુખદુઃખ પ્રમાણે તે પણ સુખી, દુઃખી કે ઉદાસીન બને. આ વિઘ્નને ટાળવા માટે પૂર્વરંગ, પ્રસ્તાવના, વેશભૂષા, રંગભૂમિ, વિશેષ ભાષા વગેરે નાટકીય તરકીબોનો ઉપયોગ કરવામાં આવે છે. એને લીધે તેને ખબર નથી પડતી કે આ સુખદુઃખ આ વ્યક્તિ અનુભવે છે અને અથવા આ સમયે અનુભવે છે, કારણ, એનું સાચું સ્વરૂપ અપ્રગટ રહે છે.

૩. निजसुखदुःखादिविवशभावः। પોતાના સુખદુઃખથી વિવશ થઈ જવું તે. જે માણસ પોતાનાં સુખદુઃખથી વિવશ થઈ ગયો હોય તે બીજી કોઈ વાત ઉપર શી રીતે ધ્યાન એકાગ્ર કરી શકે? એ મુશ્કેલી દૂર કરવા માટે સંગીત, રંગભૂમિની સજાવટ અને વારાંગનાઓનો ઉપયોગ કરવામાં આવે છે, જે અસહૃદયના ચિત્તમાં પણ પડઘો પાડે છે.

૪–૫. प्रतीत्युपायवैकल्यम् અને स्फुटत्वाभावः એટલે પ્રતીતિ જન્માવવાના ઉપાયની વિકલતા અને સ્ફુટતાનો અભાવ. આ બે હોય ત્યાં માણસને પોતાના જ્ઞાન વિશે ખાતરી શી રીતે થાય? શબ્દ અને અનુમાન પ્રમાણ સ્પષ્ટ હોય તેમ છતાં આપણને તેટલામાત્રથી મળેલા જ્ઞાનને વિશે પૂરી ખાતરી થતી નથી, કારણ, અનુભવ વગર સ્પષ્ટ, અવ્યવહિત અને ચોક્કસ જ્ઞાન થતું નથી. આથી જ સાચું જ્ઞાન અનુભવ ઉપર આધાર રાખે છે એમ કહેવાય છે. અનુભવજ્ઞાનને ગમે તેટલાં અનુમાનો કે શબ્દપ્રમાણો કે શાસ્ત્રપ્રમાણોથી અન્યથા કરી શકાતું નથી. આલાતચક્ર જેવા દાખલામાં પણ વધુ પ્રબળ અનુભવ જ પહેલા અનુભવજ્ઞાનને હઠાવી શકે છે. એટલે આ બે વિઘ્નો દૂર કરવા માટે નાટકમાં અનુમાન અને શબ્દપ્રમાણથી ભિન્ન એવી યુક્તિ વાપરવામાં આવે છે, જે લગભગ અનુભવ જેવી જ હોય છે—

અભિનય, નાટ્યધર્મી, વૃત્તિ અને પ્રવૃત્તિ.

૬. અપ્રધાનતા એટલે કોઈ વસ્તુનું પ્રધાન ન હોવું તે. આપણું ચિત્ત ગૌણ વસ્તુઓના જ્ઞાનથી સંતોષ પામતું નથી. તે હમેશાં મુખ્યની તરફ ધસે છે. આપણને કેવળ વિશેષણોથી સંતોષ થતો નથી, વિશેષ્યની આપણને હમેશાં ઝંખના રહ્યા કરે છે. એ જ રીતે વિભાવો અનુભાવો અને વ્યભિચારી ભાવો કોઈ બીજી જ વસ્તુને પુષ્ટ કરવા મથતા હોય છે એટલે તે પોતે ગૌણ છે, અને તેના અનુભવથી આપણને સંતોષ થતો નથી. એ તો સ્થાયિભાવના અનુભવથી જ થાય છે. કારણ, તે જ પ્રધાન છે અને તેને પુષ્ટ કરવા માટે વિભાવાદિ મથે છે. સ્થાયિભાવ શા માટે પ્રધાન અને વ્યભિચારી શા માટે ગૌણ? કારણ, અમુક ભાવો જ જીવનના પુરુષાર્થ સાથે સીધા સંકળાયેલા છે, અને તે જ પ્રધાન છે. રતિ કામ તેમ જ ધર્મ અને અર્થ સાથે સંકળાયેલી છે. क्रोध અર્થ સાથે, उत्साह કામ અને બધા પ્રકારના ધર્મ સાથે, અને शम મોક્ષ સાથે. એટલે આ ભાવો પ્રધાન છે. हर्ष, शोक અને अद्‌भुत વગેરે લોકોમાં સામાન્યપણે જોવા મળે છે, ઓછા મહત્ત્વના છે, અને ઉપર ગણાવેલાને મદદ કરી પુરુષાર્થની સાધનામાં સહાયરૂપ થાય છે. એ ભાવો જ સ્થાયિભાવ કહેવાય છે. એ બધા જ માણસોમાં કંઈ નહિ તો સુપ્તરૂપે પણ હોય છે, અને પ્રસંગ આવતાં તે ઉદ્‌બુદ્ધ થાય છે. માત્ર તેની માત્રા વ્યક્તિભેદે ભિન્નભિન્ન હોય છે. ગ્લાનિ વગેરે વ્યભિચારી ભાવો કંઈ કાયમી હોતા નથી, અને તે બધી વ્યક્તિઓમાં અને બધે સમયે જોવામાં આવતા નથી. અમુક અમુક કારણોથી તે ઉત્પન્ન થાય છે, અને કારણ જતાં નાશ પામે છે. એક દાખલાથી આ સ્પષ્ટ થશે. આ બે વિધાનો જુઓ 'આ માણસને ગ્લાનિ થઈ છે.' 'રામમાં ઉત્સાહશક્તિ છે.' પહેલું વિધાન સાંભળતાં જ આપણે પ્રશ્ન કરીએ છીએ કે 'શાથી ગ્લાનિ થઈ છે?' એ જ બતાવે છે કે ગ્લાનિ સ્થાયી નથી અને કોઈક કારણથી જન્મે છે. પણ બીજા વિધાનની બાબતમાં કોઈ એવો પ્રશ્ન નથી કરતું કે 'રામમાં શાથી ઉત્સાહશક્તિ છે?' કારણ ઉત્સાહ સ્થાયી વસ્તુ છે, અને એ અમુક સમય પૂરતો અસ્તિત્વમાં આવતો ભાવ નથી. સ્થાયિભાવ અને વ્યભિચારીભાવનું વર્ગીકરણ આ સિદ્ધાંત ઉપર થયેલું છે. વ્યભિચારી ભાવો એ માળાનાં રત્નો સમા છે. માળા છે ત્યાં સુધી તેમને સ્થાન છે, પણ માળાનું અસ્તિત્વ તેમને અવલંબીને રહેલું નથી. આમ, સ્થાયિભાવ એ પ્રધાન છે અને વ્યભિચારી ભાવો ગૌણ છે. એટલે જ્યારે સ્થાયિભાવનો બરાબર પરિપોષ કરવામાં આવ્યો હોય છે ત્યારે તે કદી નજર બહાર જતો નથી અને अप्राधानता નું વિઘ્ન ઉપસ્થિત થતું નથી.

૭. संशययोगः । એટલે સંશય. વિભાવો, અનુભાવો અને વ્યભિચારી ભાવો કોઈ સ્થાયિભાવ સાથે નિત્ય સંબંધથી જોડાયેલા નથી. દા. ત., અશ્રુ (અનુભાવ) આનંદથી પણ આવે અને દુઃખથી પણ આવે, કોઈ વાર રોગથી પણ આવે. વાઘ વગેરે (વિભાવ) ક્રોધ પણ જન્માવે, ભય પણ જન્માવે. શ્રમ અને ચિંતા (વ્યભિચારી) ઉત્સાહના કે ભયના આનુષંગિક ભાવો હોઈ શકે. એટલે જ્યાં કોઈ નજીકના સગાનું મૃત્યુ વિભાવ હોય, રુદન, અશ્રુ વગેરે અનુભાવ હોય અને ચિંતા ક્લાન્તિ વગેરે વ્યભિચારી ભાવો હોય ત્યાં કયા સ્થાયિભાવનો પરિપોષ કર્યો છે એ વિશે શંકા જાગી ન શકે. પણ જ્યાં એમ નથી હોતું ત્યાં શંકા જાગે છે, અને એ શંકાનું નિવારણ કરવા માટે રસસૂત્રમાં 'संयोग' શબ્દ વાપરેલો છે. એટલે કે જ્યારે આવા વિભાવ, અનુભાવ અને વ્યભિચારીભાવોનો સંયોગ હોય છે ત્યારે આપણને ખબર પડે છે કે પરિપોષવા ધારેલો સ્થાયિભાવ શોક છે અને રસ કરુણ છે.

આ રીતે સાત વિઘ્નોનો પરિહાર કરવામાં આવે છે. વળી, સહૃદય પણ પોતાના શિક્ષણને લીધે લૌકિક હેતુ કાર્ય અને સહકારી કર્મો ઉપરથી મનોભાવો સમજવાને સમર્થ હોય છે. અને હવે એવા જ હેતુઓ જે લૌકિક હેતુઓ જેટલા વાસ્તવિક નથી હોતા અને વિભાવ, અનુભાવ અને

વ્યભિચારી ભાવને નામે ઓળખાય છે, તેને લીધે તેનું ચિત્ત વર્ણવાતી ઘટનામાં એકરાગ બની જાય છે અને તે તેની સાથે કલ્પનાજન્ય સમભાવથી તાદાત્મ્ય સાધે છે, અને એ રીતે જાગ્રત થયેલા પોતાના સ્થાયિભાવને નિર્વિઘ્નપણે અને આનંદસહિત પરિપોષ પામતો અનુભવે છે. એ અનુભવ શુદ્ધ આનંદના સ્વરૂપનો હોય છે. તે કોઈ ભૌતિક પદાર્થ જેવો હોતો નથી અલૌકિક હોય છે, વિભાવાદિનો અનુભવ ચાલેત્યાં સુધી જ ટકે છે, અને સ્થાયિભાવથી ભિન્ન હોય છે. એને રસ કહે છે.

આ પ્રતીતિને અલૌકિક એટલા માટે કહી છે કે (૧) એ લૌકિક કારણોથી જન્મેલી નથી. તો શું વિભાવાદિને રસના હેતુ ન કહી શકાય? એને તમે કેવા હેતુ કહેશો? કારકહેતુ એટલે ઉત્પાદક હેતુ કહેશો કે જ્ઞાપકહેતુ એટલે જણાવનારા હેતુ કહેશો? કારકહેતુ નાશ પામ્યા પછી પણ તેનાં પરિણામ કાયમ રહે છે. જેમ લાકડી કે ચાકડો નાશ પામ્યા પછી પણ ઘડો કાયમ રહી શકે. પણ અહીં તો વિભાવાદિ જતાં જ રસપ્રતીતિ પણ લોપ પામે છે. જ્ઞાપકહેતુ હોય ત્યાં તેની પહેલાં પણ જ્ઞાપ્ય તો હોય છે જ. જેમકે દીવો લાવીએ તે પહેલાં પણ ઘડો તો હોય છે જ. પણ અહીં તો વિભાવાદિ આવ્યા તે પહેલાં રસ હતો એમ કહી જ ન શકાય. એટલે આપણે એમ જ કહી શકીએ કે વિભાવાદિ રસનું સૂચન કરે છે. આમ એ કાર્ય પણ નથી અને જ્ઞાપ્ય પણ નથી એટલે એને અલૌકિક કહે છે. વળી, માનસશાસ્ત્રની દૃષ્ટિએ પણ એનું સ્વરૂપ અલૌકિક છે. રસપ્રતીતિ એ આનંદમય જ્ઞાન છે એમ કહેવાય છે. એ જો જ્ઞાન હોય તો એ કાં તો નિર્વિકલ્પક હોય કે સવિકલ્પક હોય. નિર્વિકલ્પક જ્ઞાનમાં કોઈ જાતની નિશ્ચિતતા હોતી નથી અને કોઈ જાતનો સંબંધ હોતો નથી. પણ રસપ્રતીતિ છેક સંબંધશૂન્ય હોતી નથી. કારણ, વિભાવાદિના જ્ઞાન દ્વારા જ આપણે રસપ્રતીતિ પામીએ છીએ, એટલે કે રસના જ્ઞાન માટે વિભાવાદિનું વિશેષ જ્ઞાન આવશ્યક છે, અને એટલે એ નિર્વિકલ્પક નથી. સવિકલ્પક જ્ઞાન નિશ્ચિત હોય છે અને તેનો જાતિ સાથે સંબંધ હોય છે. પણ રસપ્રતીતિ તો તદ્દન અનિર્વચનીય હોય છે અને સાથોસાથ પ્રતીતિક્ષણે એ એક સંકુલ આનંદમય અનુભવરૂપ હોય છે, જે વાચાથી પર હોય છે. એટલે એ બંને પ્રકારના જ્ઞાનથી ભિન્ન છે, અને માટે એ અલૌકિક છે. તો આપણે એને કોઈ યૌગિક અનુભવની સાથે સરખાવી શકીએ ખરા? યૌગિક અનુભૂતિ બે જાતની હોય છે: ૧. યુંજાનની અને ૨. યુક્તની. યુંજાન બ્રહ્મની સાથે યુક્ત થવા માટે હઠયોગની વિવિધ ક્રિયાઓનો આશ્રય લે છે, જે ક્લેશકર હોય છે, જ્યારે રસપ્રતીતિ તો સુખદ હોય છે. યુક્ત તો બ્રહ્મની સાથે એક થઈ ગયો હોય છે, અને કોઈ પણ ભેદનો અનુભવ કરતો નથી. જ્યારે સહૃદય તો ભેદોના ભાનમય કોઈ અલૌકિક સુખ અનુભવે છે. વળી, યોગની ઉચ્ચતમ કક્ષામાં તો જીવનમરણ જ રહેતાં નથી, એ બંનેની એ પર ચાલી જાય છે, જ્યારે રસાનુભૂતિ તો જીવનમાં જ સંભવે છે. બ્રહ્માનુભૂતિ હોય ત્યાં રસાનુભૂતિ થઈ જ ન શકે. આથી એને અલૌકિક કહી છે.

ભટ્ટ નાયકના મતમાં અને અભિનવગુપ્તના મતમાં એટલો ફેર છે કે ભટ્ટ નાયકના સાધારણીકરણ અથવા ભાવકત્વનો અહીં વ્યંજનામાં અને ભોગનો રસપ્રતીતિમાં સમાવેશ કરવામાં આવેલો છે.

તો રસના આ સિદ્ધાંતો શરૂઆતમાં રજૂ કરેલી મુશ્કેલીઓનો પરિહાર કરે છે ખરા? (૧) પહેલી મુશ્કેલી વ્યક્તિત્વ અથવા અહંકારને લગતી છે. અને (૨) બીજી કરુણરસને લગતી છે. પહેલા બે વાદો આ મુશ્કેલીઓનો ખુલાસો કરી શકતા નથી. ત્રીજો વાદ એટલે કે ભટ્ટ નાયકનો સાધારણીકરણ દ્વારા અને અભિનવગુપ્ત સાત વિઘ્નોના પરિહાર દ્વારા પહેલી મુશ્કેલીને દૂર કરે છે અને બીજી મુશ્કેલીનો જવાબ અભિનવ ગુપ્ત સાંખ્યદર્શનને આધારે આપે છે કે, બધા જ રસો સુખપ્રધાન છે. પણ અભિનવ બરાબર જાણે છે કે, જુદા જુદા સ્થાયિભાવો વચ્ચે ભેદ છે અને તેને એ પણ ખબર છે કે કરુણનો સ્થાયિભાવ શોક છે. તો એ શોક આનંદનો અનુભવ શી રીતે

કરાવી શકે ? અભિનવ કહે છે કે, કરુણની પ્રતીતિ વખતે પણ ચિત્ત નાટ્યમાં પૂર્ણપણે તલ્લીન થઈ ગયેલું હોય છે અને આ તલ્લીનતા સાથે ચિત્તમાં એક પ્રકારની વિશ્રાંતિ પણ હોય જ છે. અને ચિત્તની એ વિશ્રાંતિ જેમાં કશો વિક્ષેપ પડતો નથી એ જ સુખ અથવા આનંદ કહેવાય છે. આ વિશ્રાંતિમાં વિક્ષેપ પડતાં ચિત્તની જે દોલાયમાન સ્થિતિ થાય તે દુઃખ. આ મત સાંખ્યમતને મળતો આવે છે. તે મત મુજબ ચિત્તની અસ્વસ્થતા તે દુઃખ. જ્યારે એ અસ્વસ્થતા દૂર થાય છે ત્યારે ચિત્ત પૂર્ણ વિશ્રાંતિ ભોગવે છે, અને એ જ આનંદ છે. આનંદનાં બે સ્વરૂપ છે: ભાવાત્મક અને અભાવાત્મક. એટલે કે સ્વભાવે એ સુખદ છે, અને જ્યારે ચિત્ત કંઈકમાં તલ્લીન થઈ જાય છે ત્યારે અભાવાત્મક સ્વરૂપ પણ જોવા મળે છે. કરુણરસમાં આનંદનું ભાવાત્મક સ્વરૂપ નથી. કારણ, તે સ્વભાવે દુઃખદ છે. પણ અહીં ચિત્તની તલ્લીનતા અત્યંત ગંભીર અને પૂર્ણ હોવાને કારણે એમાં આનંદનું અભાવાત્મક સ્વરૂપ ઉત્કટરૂપે અનુભવાય છે. એમાં સહેજ કટુતાનો સંભવ હોય છે ખરો, પણ તે લેશ પણ પ્રગટ થતી નથી અને આનંદના ઉત્કટ અનુભવમાં ડૂબી જાય છે. આમ, માણસને દુઃખ ગમતું ન હોવા છતાં કરુણ દૃશ્યો કેમ આનંદદાયક થાય છે એનો તાત્વિક ખુલાસો મળી રહે છે.

तत्र सर्वे अमी सुखप्रधाना. । स्वसंविच्चर्वणारूपस्यैक-घनस्य प्रकाशस्यानन्दसारत्वात् । तथा हि एकघनशोक-संविच्चर्वणेऽपि लोके स्त्रीलोकस्य हृदयविश्रान्तिरन्तराय शून्यविश्रांतिशरीरत्वात् ( सुखस्य )। अविश्रान्तिरूपतैव दुखःम् । ततएव कापिलैः दुःखस्य चाञ्चल्यमेव प्राणत्वे नोक्तं रजोवृत्तितां वदद्भिरित्यानन्दरूपता सर्वरसानाम् । किन्तूपरञ्जकविषयवशा.त् तेषामपि कटु किं नास्ति । स्पर्शो वीरस्य स हि क्लेशसहिष्णुतादिप्राण एव ।

---

## સાભાર સ્વીકાર

**લોક ગુર્જરી**, ગુજરાત રાજ્ય, લોકસાહિત્ય સમિતિ C/o, જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, ભદ્ર, અમદાવાદ.

**ગોરમાનાં ગીતો** રૂ. ૧–૫૦

**રાંદેલના ગીતો** રૂ. ૨–૫૦

**તુલસીવિવાહનાં ગીતો** રૂ. ૧–૦૦

સંપાદકો : ડૉ. મંજૂલાલ મજમૂદાર, બચુભાઈ રાવત, મનુભાઈ જોધાણી

**આર. આર. શેઠની કું. સોનગઢ (સૌરાષ્ટ્ર)**

**ભારતીય નગર** : સં. ડૉ. અક્ષયકુમાર દેસાઈ, ડૉ. નીરા દેસાઈ રૂ. ૪–૦૦

**ભારતીય સમાજ અને સંસ્કૃતિ** : સં. ડૉ. અક્ષયકુમાર દેસાઈ, ડૉ. નીરા દેસાઈ, રૂ. ૩–૫૦

**ભારતનું ગ્રામજીવન** : સં. એમ. એમ. શ્રીનિવાસ, રૂ. ૮–૫૦

**સ્મૃતિ સાહિત્ય મંદિર, મુંબઈ**

**કાયા કલ્પ** : લે. યોગેશ્વર, રૂ. ૬–૦૦

**કાળ પડછાયા** : લે. મૂળચંદ મોદી, રૂ. ૮–૦૦

**નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૪**

**ગાંધીજીનો અક્ષરદેહ** : (ભા ૧–૨) રૂ. ૧૬–૫૦ (ભાગ–૩) રૂ. ૧૬–૫૦ અને (ભાગ ૪) રૂ. ૧૬–૫૦

**ગાંધીજી અને રાષ્ટ્રિય પ્રવૃત્તિ** : શંકરલાલ ઘેલાભાઈ બેંકર રૂ. ૯–૦૦

**કમલ પ્રકાશન : સંજીવની સામે, અમદાવાદ-૭**

**વિરાગની મસ્તી** : રૂ. ૧–૦૦

**ઊંડા અંધારેથી** : રૂ. ૧–૦૦

**શરણાગતિ** : રૂ. ૧–૦૦

**સાધનાની પગદંડી** : રૂ. ૧–૦૦

**અધ્યાત્મસાર** : દરેકના લેખક મુનિશ્રી ચંદ્રશેખર રૂ. ૩–૫૦

# અછાંદસ રચનાઓ*

જયંત પાઠક

કાવ્ય પદ્યમાં હોય તેમ ગદ્યમાં પણ હોય એમ કહેનારે કાવ્યતત્ત્વની ઝીણી સૂઝ બતાવી છે, ને કેટલીક ગદ્ય કૃતિઓને આપણે કાવ્ય તરીકે ઓળખતા આવ્યા છીએ. કાવ્યરચનામાં પદ્ય અનિવાર્ય નથી; ભાવનો ઉદ્રેક, આવેગ કે તીવ્રતા આવશ્યક છે એમ સમજાયું છે. છતાં આવા ઉદ્રેક કે આવેગ માટે વાણીને કેમ પ્રયોજવી, કાવ્યના વાહન તરીકે વાણીનો ઠાઠ કેવો જોઈએ તેની વિચારણા સતત ચાલતી રહી છે ને એને પરિણામે અલંકાર, છંદ આદિ તત્ત્વોનો પુરસ્કાર કરવામાં આવ્યો છે. સંવેદનની અભિવ્યક્તિમાં સઘનતા, લાઘવ, ચોટ ને ચમત્કૃતિ સાધવા માટે છંદનો આશ્રય લેવાયો, ને એમ કાવ્યમાં પદ્ય લગભગ અનિવાર્ય ગણાવા લાગ્યું—"લગભગ" એટલા માટે કે પદ્યમુક્ત રચનાને આપણે કાવ્યપ્રદેશમાંથી આજ સુધી હદપાર કરી નથી.

પદ્યનું સ્વરૂપ તપાસીએ તો એમાં સૌપ્રથમ વાણીનો એક પ્રકારનો નિયમિત લય જડે. વાણી લયાન્દોલિત થાય એટલે એ છંદની કોઈ ચોક્કસ વ્યવસ્થામાં ઢળે. ગદ્યને પણ એનો લય હોય છે, પણ ગદ્ય અને પદ્યના લયમાં ફેર એટલો કે પદ્યમાં લય નિયમિત હોય છે, એની ચોક્કસ વ્યવસ્થા હોય છે. આ લય કવિની અનુભૂતિને, તેના સંવેદનને, તેના વક્તવ્યને સઘનતા, સંશ્લિષ્ટતા ને વેગ આપનારું બળ છે. કવિ જ્યારે કોઈ પ્રચલિત છંદ છોડી દે છે ત્યારે પણ એના ચિત્તમાં કોઈક લય રમતો હોય છે, કહો કે લયની દોરી જ એની વાણી ચાલે છે. કવિના સંવેદનને અનુરૂપ લય સાંપડ્યો કે તેનું અર્ધું કાર્ય તો સધાઈ જાય છે. એની વાણી ભલે છંદમાં ન ગોઠવાતી હોય, કોક લયમાં તો એ ગોઠવાઈને આવે જ છે. એ દૃષ્ટિએ જોઈએ તો લયયુક્ત વાણી જ કવિતાની વાણી એમ કહી શકાય.

આપણે ત્યાં એક કાળે કાવ્ય અને પદ્યનો અભેદ મનાતો હતો, જે કવિતા તે તો ગવાય જ એવી સમજ પ્રવર્તતી હતી. નાનાલાલની અછાંદસ રચનાઓમાં પદ્યની નિયમિતતા ન હોવાથી એને કવિતા ન ગણવાની હિમાયત પણ કરવામાં આવી હતી. આપણી અર્વાચીન કવિતાની પદ્ય કે છંદવિષયક ગતિ કંઈક આવી રહી છે. સંસ્કૃત રૂપમેળ વૃત્તોને આપણે આવકાર્યાં ને તેમની પ્રતિષ્ઠા કરી. તે પછી વળી આપણે માત્રામેળ છંદો તરફ વળ્યા ને એની પ્રવાહિતા તથા નમનીયતાનો લાભ લીધો. માત્રિક છંદોને વિવિધ આવર્તનોમાં વાળવા–ઢાળવાનું વધુ સુગમ હોવાથી ભાવની ગતિ અનુસાર છંદની ચાલ રાખવામાં એ છંદો ઠીક કામમાં આવ્યા. તે પછી આજે આપણે આવાં આવર્તનો, પરંપરિતની યોજનામાંથી પણ છૂટવા કરીએ છીએ ને અછાંદસ રચનાઓમાં કાવ્ય સિદ્ધ કરવા મથીએ છીએ. આમાં કાવ્યસિદ્ધિ માટે સહાયરૂપ ગણાતાં સાધનોમાંથી ઓછામાં ઓછાંને ઉપયોગમાં લેવાની નેમ રહેલી છે. રૂઢ પદ્યપ્રયોગનો અતિઉપયોગ થવાથી ક્યારેક આવા પ્રયોગની સફળતા જ કાવ્યની સફળતા ગણાઈ જવાનું જોખમ ટાળવાની નેમ પણ એમાં રહેલી છે. આજે કવિ જાણે એની અને કવિતાની વચ્ચે પદ્યને પણ વ્યવધાન સમજતો થયો છે ને એ વ્યવધાન દૂર કરી કાવ્યને મોઢામોઢ મળવા માગે છે. આ પ્રવૃત્તિનો હજી તો આ આરંભકાળ હોઈ એની સિદ્ધિનું સરવૈયું કાઢવાનો અવસર તો દૂર છે, પણ એમાં રહેલી શક્યતાઓ ને મર્યાદાઓ સમજી લેવાની

× આકાશવાણી, અમદાવાદ–વડોદરાના સૌજન્યથી.

જરૂર છે. અછાંદસ રચનાઓમાં પ્રવર્તતી લયયુક્ત વાણીની ઈમારત તપાસવાનું કાર્ય કરવા જેવું છે.

કવિતા મૂળે કાનનો વિષય છે, માત્ર ભાવકને માટે નહિ, કવિ માટે પણ. જેમ દર્શન માટે કવિને આંતરચક્ષુ હોય તેમ અભિવ્યક્તિ માટે તેને સૂક્ષ્મ કાન (ઇનર ઇયર) પણ હોય. આ કાન વડે જ કવિ શબ્દનો ધ્વનિ પારખે છે ને પકડે છે. જેનો આ કાન સરવો ન હોય તેવો કવિ ઉત્તમ વાણી પામી ન શકે. શબ્દમાં અર્થ અને ધ્વનિ એટલે અવાજ કે નાદતત્ત્વ રહેલાં છે. કવિ જેમ શબ્દના અર્થધ્વનિને પિછાણે છે તેમ તેના નાદધ્વનિને પણ ઓળખે છે. આ બન્ને ધ્વનિઓનું જે સામંજસ્ય સાધી શકે તે જ ઉત્તમ કવિ. છંદ-પ્રયોગમાં પણ મોટા ને નાના કવિની પિછાણ આ ધ્વનિતત્ત્વની તેની ગ્રહણશક્તિ ને માવજત ઉપરથી પમાય છે. બે કવિ એક જ છંદમાં કૃતિ રચે છતાં એકનો છંદ બીજાના કરતાં વધારે માતબર લાગે તે શાથી? ભાવના લયની શબ્દના લય સાથે એકરૂપતા સાધવાની તે કવિની શક્તિને લીધે. કવિતા કાનથી લખાય છે એમ કહેવાયું છે તે આ જ કારણે. વાણીના લયનાં અનેક રૂપ છે. એની આ બહુરૂપતામાં જ કાવ્યસર્જન માટેની મબલખ સામગ્રી રહેલી છે. છંદમાં ન પ્રયોજાતો હોય ત્યારે પણ શબ્દ કોઈક લય તો પોતાનામાં વહેતો જ હોય છે. અછાંદસ રચનાના કવિએ એ લય માટે તેના કાન સરવા રાખવાના છે, એ લયને પારખવાનો છે ને તેને કાવ્યના માધ્યમ તરીકે પ્રયોજવાનો છે.

ભાવ તીવ્ર થાય એટલે એને વ્યક્ત કરતી વાણીમાં ઝણઝણાટી પ્રગટે, વાણી આંદોલિત થાય. એ છંદ રૂપ ધારણ ન કરે, કવિ એમ થાય એવું ન ઇચ્છે, ત્યારે પણ તે કોઈ ને કોઈ નિયમિત રૂપમાં પ્રગટ થાય છે. પંક્તિગત વાક્યવળોટમાં, શબ્દવિન્યાસમાં, અન્વયની તરેહમાં, કોઈવાર પ્રાસ જેવા અંગમાં પેસે લય ઢળેલો જોવા મળે છે. સુરેશ જોષીની "સૂર્યા" નામની કૃતિ જોઈએ :

ધુવડની આંખોમાં ઘૂંટાઈને
અંધકારનું ટપકું બનેલા સૂર્યનું
લાવ તને કાજળ આંજું.
મધ્યાહ્ને પોતાનો પડછાયો શોધતા
એકાકી સૂર્યની આંખમાં ઝમેલા બળબળતા મોતીની
લાવ તને નથ પહેરાવું.
આદિકાળના જળની નગ્નતાના સ્પર્શે
સૂર્યને થયેલા રોમાંચની
લાવ તને પાનેતર પહેરાવું,
અંધકારના ઉદરમાં નહિ જન્મેલા
લાખો સૂર્યના અધીરા સિત્કારનાં
લાવ તને ઝાંઝર પહેરાવું.
સાંજવેળાએ સૂર્યનો પરપોટો ફૂટી જતાં
મુક્ત થતી રક્ત શૂન્યતામાં
લાવ તને ઢબૂરી દઉં. (પ્રત્યંચા)

આ રચનાને કોઈ રૂઢ છંદ નથી, છતાં વાંચતાં એક લય પકડાય છે જે કૃતિના પાંચેપાંચ ખંડમાં વ્યાપેલો છે. દરેક ખંડ ત્રણ પંક્તિનો ને એક જ વાક્યનો બને છે. ત્રીજી પંક્તિમાં, દરેક ખંડમાં, 'લાવ તને'નું આવર્તન લય સર્જવામાં સહાયક બને છે. "આંજું", "પહેરાવું" ને "દઉં" જેવાં સમાન ધ્વનિ અને અર્થનાં ક્રિયારૂપો દરેક ખંડને અંતે આવતા પ્રાસનો આભાસ તો ઊભો કરે છે, પણ તે ઉપરાંત કાવ્યસમસ્તની એકતાને દૃઢ કરી આપે છે. અહીં કવિએ છંદ છોડ્યો છે, પણ સ્વચ્છંદ સ્વીકાર્યો નથી, રચના કોઈ ને કોઈ નિયમને વશ રહે એવો આશય રખાયો છે.

કવિને કાવ્યપ્રવૃત્તિમાં પ્રેરનારું ને રચનામાં ગતિ કરાવનારું તત્ત્વ ભાવની તીવ્રતા છે. આ તીવ્રતા લય શોધી લે છે ને કોઈવાર કવિને ઇષ્ટ ન હોય ત્યારે પણ વાણીની કોઈ નિયમિત, વ્યવસ્થિત તરેહને પકડી લે છે. કોઈ છંદના નિયમમાં ન વહેવાનો સંકલ્પ કરીને પ્રવર્તતી રચના પણ આથી કોઈવાર પરિચિત છંદઢાળમાં ઢળી પડતી જણાય છે, એની પંક્તિમાં કે પંક્તિખંડમાં કોઈ છંદઢાળનું તત્ત્વ પ્રવેશી જતું વરતાય છે. પ્રિયકાંત મણિયારનું કાવ્ય

"વાડનાં ફૂલ" આરંભાય છે અછાંદસ રૂપમાં:

આંગણાની આડ
મેંદીની વાડમાં
લોઢાના તારના અણિયાળા કાંટામાં
હું એક ફૂલ ઊધડી ગયું છું.

આગળ ચાલતાં આવી પંક્તિઓ આવે છે:

એમ સમજો ને અમે હાસ્યનાં જ ફૂલો છીએ.
કોઈ વિહંગને
આકાશે અલોપ કરી દીધું કદી જાણ્યું નથી.
તો અમારે દુઃખ શેનું? (સ્પર્શ)

અહીં મનહરની ચાલ પ્રગટતી તરત પકડાય છે.

કવિતામાં આજે ટૂંકી રચનાઓ વિશેષ થાય છે. એકાદ ભાવ કે વિચારને કવિ ચમત્કૃતિપૂર્વક રજૂ કરે છે. એક જ છંદમાં કે છંદોવૈવિધ્ય સાધીને લાંબી કૃતિ રચવાનું વલણ ઓછું થતું જાય છે. છંદમુક્તિની યોજના આવી ટૂંકી કૃતિઓમાં વધારે ફાવે; નાની, ખાસ કરીને નાટકનો ભાવ પ્રગટ કરતી રચના માટે એ સારું વાહન બની શકે, બાકી દીર્ઘ રચના માટે એ ભાગ્યે જ અનુકૂળ ગણાય. જો છંદમાં રચાતી કૃતિ એક જ ઢાળામાં પડી જઈ એકસૂરતા જન્માવે તો છંદમુક્ત રચના પણ વાણીની એક તરેહમાં પડી જઈ એકવિધતા આણે. એમાં ભાવની તીવ્રતા જાળવવાનું અઘરું છે. કોઈ નિયમને વશ ન રહેવાય –ને કલા તો નિયમ માગે છે–એટલે કલાકૃતિમાં અવ્યવસ્થા આવે, આકૃતિ બરાબર સધાય નહિ, એની એકતા ને સમગ્રતા પણ જોખમાય. ગદ્યની વધુ નજીક પહોંચેલી લઢણ ક્યારેક ગદ્યમાં ઊતરી જાય ને કૃતિ ગદ્યાળુ બની જાય એવું પણ બને. કાવ્યપુદ્ગલ સુઘટ રહેવાને બદલે પ્રસ્તારમાં ફેલાઈ ને ફીસું પડી જાય. રાધેશ્યામ શર્માની "સૂર્ય" નામની અછાંદસ રચના જોઈએ.

કબર ઉપરની ચાદરના
કાળા વણાટના વજન નીચે
રોજ ધોળું શબ ગોંધાય છે
અને ઊંહકાર કરતું કણસ્યા કરે છે
ત્યારે તેના પ્રલંબ આર્તનાદો સાંભળીને
મોડે મોડે
એક પ્રખર ઘોરખોદિયું આવે છે
અને પોતાના પીળા તીક્ષ્ણ નહોરથી
પેલી કાળી રેશમી ચાદરને
ઉઝરડી–ઉતરડી
ચીરી તો નાખે છે, છતાં જાણે
ઘોરતી કબરોને આ ના ગમતું હોય
એમ ધ્રૂજતી ધ્રૂજતી પોતાના ઉપર
ચોપડેલો ચૂનો ખેરવતી જ જાય છે
બસ, ખેરવતી જ જાય છે. (આંસુ અને ચાંદરણું)

અહીં એક જ વાક્યને કવિએ ટુકડા કરી પંદર પંક્તિમાં વહેંચ્યું છે. આખી રચનામાં કોઈ વિશિષ્ટ લય પકડાતો નથી ને એક પ્રકારનો નિરર્થક પ્રસ્તાર એક નાનકડા ભાવચિત્રને ઝાંખું કરી નાખે છે. છંદમાં કદાચ આ જ ચિત્ર એકાદ મુક્તકના કદમાં સઘનતાથી રજૂ કરી શકાયું હોત, કે પછી પદ્યમાં ઓછી જગામાં સમાવાઈ શકાયું હોત. એમાં થતી અનુભૂતિને ભાગ્યે જ કાવ્યાનુભૂતિ કહી શકાય. ગદ્યમાં જ થયેલા ગદ્યાળુ વિધાનથી આગળ એ રચના વધી શકતી નથી.

નિર્બંધતા કલામાં વધારે સાવધાની ને સજ્જતા માગે છે. એલિયટે એટલે જ કહ્યું હશે કે જેણે છંદોને પૂરા જાણ્યા નથી, એમના પર પ્રભુત્વ મેળવ્યું નથી તેણે મુક્ત પદ્યના પ્રયોગમાં પડવા જેવું નથી. ગદ્યના સીમાડે રહેતી અછાંદસ રચનાઓ ક્યારે સીમાભંગ કરી બેસે તે કહેવાય નહિ.

અછાંદસ કૃતિ દ્વારા આપણે ગદ્ય નથી માગતા, કાવ્ય માગીએ છીએ. કવિએ વક્તવ્યમાં કાવ્યની ઉત્કટતા, તીવ્રતા સાધવાની છે. ગદ્યની પણછ આકર્ણ ખેંચાતી નથી, શિથિલ રહે છે, જ્યારે કાવ્ય તો તંગ પણછે ચઢીને જ નિશાન વીંધે છે. હા, શબ્દ અને અલંકારની અવનવી ભંગીઓ ને છટાઓથી કવિ છંદના અભાવની ઘટ પૂરી શકે ખરો, પણ એવા પ્રયત્નમાં એણે સદા સજ્જ, સદા જાગ્રત રહેવાનું હોય, છંદ છોડીએ છતાં પંક્તિઓ તો તંગ જ રહે, શબ્દની પસંદગી ને વિન્યાસ કાવ્યોચિત ને કાવ્યક્ષમ

રહે, ભાવ વધુ પડતો કંતાઈને પાતળો ન થઈ જાય એની સાવધાની કવિએ રાખવાની હોય છે. જુદા જુદા છંદોને એમનું આગવું વ્યક્તિત્વ હોય છે, જે ભાવાભિવ્યક્તિ માટે અનુકૂલતા પૂરી પાડે છે. આપણા એક શ્રુતિના છંદથી માંડીને શાર્દૂલવિક્રીડિત ને સ્રગ્ધરા જેવા દીર્ઘ છંદોમાં જુદા જુદા ભાવને ધારણ કરવાની ક્ષમતા રહેલી છે; કહો કે માનવવાણીએ જુદા જુદા ભાવો તંત્રતાથી જે ઉદ્દગારોમાં પ્રગટાવ્યા તેમાંથી જ છંદોનું નિર્માણ થયું છે.

તો અછાંદસતામાં એવી ક્ષમતા મેળવી-કેળવી શકાય? એક જ પ્રકારની લઢણ કે તરેહ બધા ભાવોને અનુકૂલ થાય? આનો જવાબ કદાચ એમ અપાય કે કાવ્યમાં છંદ જ સર્વસ્વ કે સર્વોપરિ નથી. એ તો એક યુક્તિ છે ને એમાંથી મુક્તિ મેળવીને બીજી રીતે પણ કાવ્ય સિદ્ધ કરી શકાય. આવી પ્રતીતિ કે આસ્થા સાહસને પ્રેરે ને એ સારી વાત છે. આખરે તો કાવ્યયાત્રા આવાં સાહસને માર્ગે જ થતી હોય છે ને એવાં સાહસો એની સફળતાથી તેમ નિષ્ફળતાથી કવિતાને નવી દિશા દાખવે છે કે જોખમ તરફ આંગળી ચીંધી ચેતવે છે.

---

## સાભાર-સ્વીકાર

### વોરા એન્ડ કું. પ્રા. લિ૦ મુંબઈ-૨

**ત્રણ રોમાંચક કથાઓ** : અનુ. દોલતરાય દેસાઈ રૂ. ૬-૦૦

**તબીબી વિજ્ઞાનની શોધો** : અનુ. ડૉ. કેશવપ્રસાદ ત્રિવેદી રૂા. ૩-૦૦

**હકલબરી ફીનનાં પરાક્રમો** : અનુ. ધીરુબહેન પટેલ રૂ. ૬-૦૦

**જગતનો ચિત્રમય ઇતિહાસ** : અનુ, નગીનદાસ ર. સંઘવી રૂ. ૭-૦૦

**હરણની હૈયાફાળ** : અનુ. ઈશ્વર પંચોલી રૂ. ૩-૦૦

**વધુ ને વધુ સુંદર** : કુન્દનિકા કાપડિયા રૂ. ૪-૫૦

**મુમુ** : અનુ. ઇન્દિરા ડગલી રૂ. ૧-૨૫

**એલીનોર રૂઝવેલ્ટની આત્મકથા** : અનુ. સૌદામિનીબહેન મહેતા રૂ. ૩-૦૦

**ચિત્રમય વિજ્ઞાન-વિમાન** : ધીરજલાલ ગજ્જર રૂ. ૧-૨૫

**ચિત્રમય વિજ્ઞાન-આગગાડી અને મોટરગાડી** : ધીરજલાલ ગજ્જર રૂ ૧-૨૫

**પ્રભુની પ્યારી ગ્રીવામાં** : ચીમનલાલ દવે રૂ ૨-૫૦

**ન્હાનાલાલ** : મનસુખલાલ ઝવેરી રૂ. ૩-૫૦

**જીવનજગતની અજાયબ સૃષ્ટિ** : અનુ. વિજય ગુપ્ત મૌર્ય રૂ. ૩-૦૦

**ન્હાનાલાલનો કાવ્યપ્રપાત** : રમણ કોઠારી રૂ. ૩-૦૦

**ગોવર્ધનરામ** : મનસુખલાલ ઝવેરી રૂ. ૨-૦૦

### ગુજરાત પુસ્તકાલય સહકારી મંડળ લિ. વડોદરા

**ઋતુઋતુનો મેળો** : માધવ મો. ચૌધરી રૂ. ૨-૦૦

**કલ્પમુદ્રા** : રમણલાલ સોની રૂ. ૧-૨૫

# નિબંધ—એક દૃષ્ટિપાત

ઇલા પાઠક

પાશ્ચાત્ય સાહિત્યમાં ઘણો મોડો ઉદ્‌ભવેલો અને ઉદ્‌ભવ્યા પછી લગભગ દોઢસો વર્ષ પાંગરેલો રોપો તે નિબંધ. જેમ સાહિત્યમાં નવલકથાનો વિકાસ મોડો થયો તેમ નિબંધનો વિકાસ પણ પાછળથી જ થયો છે. સામાન્ય રીતે જેમ ઇંગ્લેંડમાં નવલકથાની શરૂઆત ૧૭૪૦ થી થયેલી ગણાય છે, પણ ઇતિહાસકારો એનાં મૂળ જોવા છેક બાઇબલના સમય સુધી દૃષ્ટિપાત કરે છે તેવું જ નિબંધનું છે. મોન્ટેઇનની શૈલીના નિબંધનો વિકાસ ઇંગ્લેંડમાં અઢારમી સદીથી થયો પણ તેની શરૂઆત બેકનના સમયથી એટલે કે સોળમી સદીથી થઈ ગણાય. નિબંધના મૂળ શોધનાર ઇતિહાસકારે મોન્ટેઇન તરફ ડોક લંબાવી ફ્રેંચ નિબંધના ઉદ્‌ગમની વાતો કરવી જ પડે, બેકનનું અનુકરણ તપાસવું પડે અને કાઉલીના પ્રયત્નોને પણ નોંધવા જ જોઈએ. છતાંયે નિબંધકલાની સાચી શરૂઆત સ્ટીલ અને એડિસનના જમાનામાં ૧૭૦૯ થી થઈ ગણાય.

નિબંધના ઉદ્‌ગમ માટેની સમયરેખા બાંધતાં પહેલાં નિબંધ શબ્દની વ્યાખ્યા નક્કી કરવી જોઈએ. જો આપણે એમ કહેવા માગતા હોઈએ કે અઢારમી સદીથી જ ઇંગ્લેંડમાં નિબંધનો વિકાસ શરૂ થયો તો કયા પ્રકારની કૃતિને નિબંધ કહીએ છીએ તે નક્કી કરવું પડે. જેમ દરેક સાહિત્યસ્વરૂપનું લક્ષણ બાંધવા કોઈ એક વ્યાખ્યા પૂરતી થઈ પડતી નથી તેમ નિબંધનું પણ છે. નિબંધની અનેક વ્યાખ્યાઓ થઈ છે છતાં તેમાંથી કોઈપણ એકમાં નિબંધને પૂરી શકાય તેમ નથી, પરંતુ તેનાં મુખ્ય મુખ્ય લક્ષણો નોંધીને તેને આગવા સાહિત્યપ્રકાર તરીકે સમજી શકાય.

જેમ છંદની હાજરી માત્ર કોઈ પણ કૃતિને કવિતા કહેડાવવા પૂરતી નથી તેમ નિબંધ કહેવાયાથી કોઈપણ ગદ્યકૃતિ નિબંધ બની જતી નથી. નિબંધ શબ્દનો ઉપયોગ અનેક પ્રકારનાં ગદ્ય લખાણો માટે થતો આવ્યો છે. તે વિશે સામાન્ય છાપ એવી રહી છે કે કોઈપણ એક વિષયનું મથાળું બાંધીને લખવામાં આવેલો લેખ તે નિબંધ. આ છાપ જેટલી સામાન્ય છે તેટલી જ ખોટી છે. નિબંધને એક સાહિત્યસ્વરૂપ તરીકે સમજતી વખતે આ સહજ સ્વીકૃત ખોટા ખ્યાલને દૂર કરવો જ જોઈએ. નિબંધકારનું કાર્ય એક શીર્ષક બાંધીને તે વિષય પર વિવેચન કરવાનું નથી. તેવી રીતે લખાણો લખાયાં છે અને લખાય છે, પણ તેને નિબંધ કહેવા કરતાં લેખ કહેવા વધુ ઉચિત છે.

નિબંધનું કાર્ય, એક સાહિત્યપ્રકાર તરીકે, વિસ્તારપૂર્વક માહિતી આપવાનું નહીં, પણ લેખકનું જીવનદર્શન પ્રગટ કરવાનું છે. કવિની જેમ નિબંધકારને માટે નિબંધ ઊર્મિપ્રાકટ્યનું સાધન છે. લેખકના કવન માટે તે એક વાહન બને છે અને તેમાં લેખકનાં સંવેદનો, વિચારો, ગમો–અણગમો, અને તે સર્વ દ્વારા લેખકની પ્રતિભા વ્યક્ત થાય છે. લેખકનો ઇરાદો તેમાં પોતાના જ્ઞાનનું પ્રદર્શન કરી વાચકને પ્રભાવિત કરવાનો નથી, પરંતુ પોતાના માનસમાં ઉદ્‌ભવેલા તરંગોને શબ્દસાત્‌ કરીને વાચકને તેમાં તરબોળ કરવાનો છે. તેમ થતાં વાચક મોહ પામીને લેખકની દુનિયામાં પ્રવેશે છે, તેનાં સંવેદનો અનુભવે છે, તેની રીતે વિચારે છે અને તેની આંખે દુનિયાને જુએ છે. જેમ ઊર્મિકાવ્ય વાંચતાં વાચકને કવિના ઊર્મિતંત્રનો અને તે દ્વારા કવિના અંતરતલનો પરિચય થાય છે તેમ જ નિબંધ વાંચતા વાચકને નિબંધકાર સાથે નૈકટ્યનો અનુભવ થાય છે અને

નિબંધકારનો તે સહૃદય મિત્ર બને છે. જે નિબંધકાર આમ વાચકને તત્પૂરતી આજુબાજુની દુનિયા ભુલાવીને પોતાના લેખની મોહિનીમાં વશ કરી દે છે તે જ સાચો નિબંધકાર છે અને તેનું લખાણ તે સાચો નિબંધ છે.

આમ નિબંધ એક ખાસ સાહિત્યપ્રકાર છે. તે સાહિત્યકારની સાહિત્યિક અભિવ્યક્તિનું આગવું સાધન છે. તેનો સર્જનસ્રોત છે નિબંધકારનું વ્યક્તિત્વ. જેટલો વધુ નિર્બંધપણે નિબંધકાર પોતાના નિબંધમાં વિહરે તેટલો વધુ રોચક તેનો નિબંધ બને. લેખકની પ્રતિભાનો રંગ જેટલો ઊંડો તેના નિબંધ પર બેસે તેટલો નિબંધ જીવંત બને. બસો વર્ષે પણ જૂના નિબંધકારોના નિબંધો વાંચવા ગમે છે તેનું કારણ એ જ છે. એમાં કંડારાયેલી માનવમૂર્તિ આજે પણ તેવી ને તેવી જ જીવંત અને હૃદયંગમ લાગે છે. તેથી જ નિબંધનો ઇતિહાસ જોતાં તેવા જ નિબંધકારોના નામ આગળ તરી આવતાં દેખાય છે કે જેમણે પોતાના હૃદયસ્પંદનોનો નિચોડ નિબંધોમાં ઠાલવ્યો હોય, જરાયે ક્ષોભ રાખ્યા વિના મન મૂકીને અને દિલ ખોલીને વાતો કરી હોય અને પોતાના વક્તવ્ય સિવાય બીજું કોઈ ધ્યેય રાખ્યું ન હોય.

કલાત્મક સાહિત્યિક નિબંધની શરૂઆત કરનાર મોન્ટેઇને સભાનપણે નિબંધમાં નિજની જ વાતો કરવાની શરૂઆત કરી. અંગ્રેજીમાં વપરાતો essay શબ્દ અને ફ્રેંચ ભાષાનો મોન્ટેઇને સૂચવેલો essai નો શબ્દપ્રયોગ પણ નિબંધ એ પ્રયત્ન છે તેમ બતાવે છે. મોન્ટેઇને પોતાના essai માં પોતાની પ્રતિભાને અભિવ્યક્ત કરવાનો પ્રયત્ન કર્યો છે. (૧૫૮૦) તેના નિબંધો લોકપ્રિય થયા અને બેકનને ઇંગ્લૅંડમાં તેનું અનુકરણ કરવાનું સૂઝ્યું. બેકનનું અનુકરણ પોતાના નિબંધો માટે essay શબ્દ વાપરવા પૂરતું જ મર્યાદિત રહ્યું. તેના નિબંધોમાં પોતાના વ્યક્તિત્વની અભિવ્યક્તિનો પ્રયાસ વરતાતો નથી. બેકને તો પોતાના જુદા જુદા વિષયો પરના નવરાશની ઘડીએ નોંધેલા ટાંચણો જ આ નામ નીચે છપાવી દીધા—(૧૫૯૭-૧૬૨૫). પરિણામે તેના હાથમાં નિબંધ નિર્બંધ સ્રોત મટીને ગજગામિનીના જેવો ધીરગંભીર અર્થયુક્ત લેખ બન્યો. નિબંધનો આત્મા તેમાં ગૂંગળાઈ ગયો અને તેની લોકપ્રિયતા નષ્ટ થવા પામી. અબ્રાહમ કાઉલીએ તેને સંજીવની પાઈ. કાઉલીએ મોન્ટેઇનની જેમ નિબંધોમાં પોતાની વાતો શરૂ કરી. પણ કાઉલીને પદ્ય લેખનમાં જેટલો રસ હતો તેટલો ગદ્ય લેખનમાં ન હોતો. પોતાની જિંદગીના છેલ્લાં બે વર્ષ જ તેણે આ સાહિત્યપ્રકાર ખેડ્યો. તેના મૃત્યુ પછી જ તેના મુખ્ય નિબંધો છપાયા અને તેથી સજીવન થયેલો નિબંધ વિકસ્યો. ત્યાર પછી લગભગ ચાળીસ વર્ષ પછી સ્ટીલે અને તેને પગલે પગલે એડિસને નિબંધને પુનઃસ્થાપિત કર્યો. (૧૭૦૯)

અઢારમી સદીથી નિબંધનો ઇતિહાસ પત્રકારત્વ સાથે સંકળાયેલો રહ્યો છે. નિબંધને કલાસ્વરૂપ તરીકે પણ પત્રકારત્વનો સહારો ખૂબ મળ્યો છે. સુવિદિત છે કે અમર પત્રકારત્વ સાહિત્ય તરીકે સ્થાન પામે છે અને ફિસ્સું સાહિત્ય પત્રકારત્વની જેમ ક્ષણજીવી નીવડે છે. અઢારમી સદીના પત્રકારત્વમાંથી સાહિત્યસ્વામીઓ તરીકે નામાંકિત થયેલા અનેક લેખકોનાં નામો અને અનેક સર્જનો મળી આવે છે. આ જ્વલંત નામાવલિમાં સ્ટીલ, એડિસન, જ્હોન્સન, ગોલ્ડસ્મિથ વગેરેનો સમાવેશ સહેજે થાય. આ સમયના નિબંધકારોનું મૂળ-ધ્યેય તેમણે સ્વેચ્છાએ સ્વીકારેલું ધ્યેય—તો સામાજિક સુધારણાનું હતું. પણ અઠવાડિયામાં ત્રણ વાર ફક્ત સુધારાની નીરસ વાતો કરવી અને માનવું કે વિશાળ સંખ્યામાં લોકો તે ખરીદીને વાંચશે એ તો અસંભવિત જ હતું. અને તેથી પોતાનો સંદેશો લોકભોગ્ય બનાવવા માટે સ્ટીલ, એડિસન, ગોલ્ડસ્મિથ વગેરેએ પોતાના નિબંધોને હળવા બનાવ્યા, તેમાં આકર્ષક પાત્રો મૂક્યાં અને રસપ્રદ પ્રસંગો આલેખ્યા. દરેક નિબંધને એકબીજા સાથે સાંકળી લેવા માટે લેખકનું પોતાનું પાત્ર તો હાજર હોય જ. આ નિબંધખેડાણે એક બાજુ નવલકથાસર્જનમાં સહાય કરી અને બીજી

બાજુ નિબંધને આગવા સાહિત્યપ્રકાર તરીકે સ્થાપ્યો. આ સર્વ લેખકોમાં આજે સૌથી ઓછો વંચાતો હોય તો જ્હોનસન, કેમકે તેણે ભારમાં રહીને શીર્ષકને વળગી રહી બેકનની જેમ ચર્ચા કરી. આ મંડળીમાં આજે સૌથી વધુ વંચાતા હોય તો તે સ્ટીલ અને ગોલ્ડસ્મિથ, કેમકે તે બેએ પોતાનું વ્યક્તિત્વ રજૂ કરવા તરફ જ ધ્યાન આપ્યું હતું.

ઓગણીસમી સદીની શરૂઆતમાં તો રોમેન્ટિસિઝમનો પવન ફૂંકાયો અને સ્વાભાવિકપણે જ નિબંધકાર પણ તેમાં તણાયો.' હું ' અગત્યની વ્યક્તિ છું એવી સભાનતા દરેક કલાકારમાં આવી અને તેથી 'હું'ની વાતો અગત્યની થઈ પડી. નિબંધની જાણે કે યુવાવસ્થા આવી. વસંતની વેલની જેમ તે ખૂબ પાંગર્યો. ચાર્લ્સ લેમ્બે તેને જતન કરીને લડાવીને, સાહિત્ય સ્વરૂપોનો શિરોમણિ બનાવી દીધો. લેમ્બના હાથમાં નિબંધનો વિશિષ્ટપણે વિકાસ થયો. લેમ્બના તરંગ, તેના જીવનની અસહ્ય અને અકથ્ય વેદના, એ વેદનામાં વણાયેલું કરુણના રંગે રંગાયેલું હાસ્ય, તેના ઘેલા શોખ અને તેનું ઊંડુ વાંચન–આ બધાને વ્યક્ત કરતો નિબંધ ઊર્મિકાવ્યની તોલે જઈને બેઠો. હેઝલિટ અને ક્વીન્સી તેમ જ લે હન્ટે લેમ્બની સાથે હાથ મિલાવીને નિબંધને પોષ્યો. લેમ્બે નિબંધમાં જીવનની તરલતા સમાવી છે અને હેઝલિટે તેને જીવનનો જુસ્સો બક્ષ્યો છે. આ ચારે નિબંધકારોએ મળીને નિબંધને વિવિધ રીતે પહેલ પાડી છે. તેમના નિબંધો હાથમાં લેતાં ક્યારેક તમને નજીવી વાતો મળશે તો ક્યારેક ગૌરવયુક્ત શૈલીમાં જીવનના ગહન પ્રશ્નોની છણાવટ જોવા મળશે તો ક્યાંક સાહિત્યના એકાદ પાસા પર નર્મયુક્ત વાણીમાં નવો પ્રકાશ રેલાતો દેખાશે તો ક્યારેક લેખકની ઊંડી વેદનાઓનો પરિચય થશે અને ક્યાંક હાસ્યની છોળો તમને ઘેરી વળશે. વિષયવૈવિધ્ય વિપુલ પ્રમાણમાં અને તે વૈવિધ્યના ઊંડાણમાં ડોકાતી રહેતી નિબંધકારના વ્યક્તિત્વની ઝાંય મનોરંજન અને અર્થગાંભીર્ય પૂરાં પાડશે.

ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં નિબંધનું વહેણ ધીમું પડ્યું જણાય છે, પણ વીસમી સદીના આરંભથી જ ફરી પાછું તે ધસમસતું વહેતું થઈ જાય છે. સામયિકો અને છાપાંઓમાં નિયમિત કટારો લખતા નિબંધકારોના હાથમાં નિબંધ અગત્યનું સાધન બની રહ્યું છે. હંમેશ એક જ સાપ્તાહિક કે માસિકમાં લખતો નિબંધકાર તેના વાચકવર્ગને પરિચિત હોય છે અને વાચકવર્ગ તેને પરિચિત હોય છે, તેથી નિબંધમાં મૈત્રી ભરી વાતચીતનો રણકો સંભળાય છે. વાચક નિબંધ વાંચવાની શરૂઆત એવી અપેક્ષાથી જ કરે છે જાણે કે મિત્ર સાથે ગપ્પાં મારવા ન બેસતો હોય! નિબંધનું શીર્ષક લેખક કે વાચક બેમાંથી એકેયને મન અગત્યનું હોતું નથી. વિષયને વળગી રહેવાની નિબંધકારને જરૂર નથી, કેમકે તેનો વિષય છે તે પોતે. કોઈપણ વિષય પર તે નિબંધ લખી શકે છે, વિષયનો સહારો પળમાત્ર માટે લઈ તે પોતાના વ્યક્તિત્વના ઊંડાણમાં ડૂબકી મારે છે, અને ત્યાં જે લાધે છે તે રજૂ કરે છે.

સ્વાભાવિક છે કે નિબંધકારની શૈલી રસળતી હોય. તેની ભાષા વાતચીતની ભાષા જ હોય. તેની શૈલીમાં માધુર્ય, સરળતા અને પ્રાસાદિકતાના ગુણો નજરે ચડે છે. હળવા મનથી સામાન્ય રોજિંદી વાતોની ગોષ્ઠિ તે માંડે છે પણ તેથી એવું નથી કે તેની લખાવટ અત્યંત સામાન્ય પ્રકારની જ હોય. શૈલી એ તો માનસની છબિ છે એટલે દરેક નિબંધકારની શૈલી આગવી રીતે ઘડાયેલી જ હોવાની. હાસ્ય, કટાક્ષ, નર્મ અને અનેકવિધ અલંકારોને પણ તેનાં સ્થાન છે જ, પણ તેનો ઝોક બોલચાલની ભાષા તરફ જ રહેવાનો.

વીસમી સદીના નિબંધકારોએ પોતાના નિબંધોમાં એક વધુ લક્ષણ વિકસાવ્યું છે. દરેક નિબંધમાં તે જીવનદર્શનની કૈંક વિગત મૂકતો રહે છે. ફિલસૂફીની ચર્ચા તેને કરવાની હોતી નથી, પણ જીવન જીવતાં જીવતાં જીવન જીવવાની ઉત્તમ રીત વિશે એણે મનન કર્યું જણાય છે અને આ મનનનો એકાદ ચિન્ત્ય મુદ્દો તે નિબંધમાં સરકાવી દે છે. નિબંધ વાંચી રહેતાં વાચક તે વાત પર વિચાર કરતો જરૂર થઈ જાય છે. નિબંધમાં માનવ અને

માનવીની દુનિયા—એની વાતો મુખ્યત્વે હોય છે. નિબંધકાર હળવી વાતો કરતાં કરતાં જીવન જીવવાની કલા વિશે વાત કરે છે અને તેમ કરતાં જીવન-સૌંદર્ય તરફ આંગળી ચીંધે છે. તેની નજર કોકવાર મનની સ્વચ્છતા તરફ તો કોકવાર વ્યવહારની ઋજુતા તરફ, કોકવાર વાણી અને વિચારના સુમેળ તરફ તો કોકવાર જીવનને સ્પર્શતા ગંભીરતર પ્રશ્નો તરફ મંડાયેલી હોય છે. માનવીયતા જ જાણે કે તેનો મુખ્ય વિષય બની ગયો છે. આ બધી વાતો પણ સહજપણે રોજિંદી વાતોમાંથી ઊઠેલી હોય છે. ચાહીને તે ગંભીર બનતો નથી. પણ એમ કહી શકાય કે દરેક નાનકડી વાતમાંથી, દરેક તુચ્છ બનાવમાંથી પણ તેને ફિલસૂફી સૂઝે છે, જીવન જીવવાની જડી બુટ્ટી જાણે કે તે શોધતો જ રહે છે. વીસમી સદીનો નિબંધકાર તેથી પ્રેક્ષક અને દર્શક બેઉ બની રહ્યો છે. હસતાં હસતાં, પોતાની વાત કહેતાં કહેતાં તે સારાયે જીવનને સ્પર્શે છે અને વાચકના મનમાં ઊર્મિની લહર તેમ જ મનન યોગ્ય વિચાર બેઉ જગાડી જાય છે.

નિબંધનો વિકાસ સમગ્ર રીતે જોઈએ તો પત્રકારત્વ સાથે સંબંધ બાંધીને થયો છે. તેથી એક એવું પરિણામ આવ્યું છે કે સામાન્ય કક્ષાના કહી શકાય એવા નિબંધોની સંખ્યા અસામાન્ય સાહિત્યિક નિબંધોથી વધુ થઈ પડી છે. પણ આ વાત કયા સાહિત્યપ્રકારને લાગુ નથી પડતી? ઉત્તમોત્તમની રચના નિત્ય સુલભ તો હોય જ નહીં. માટે વાચકે પોતાના રસને પોષવા સારાની શોધ-ખોળ કર્યા જ કરવી પડે. તેવું જ નિબંધમાં પણ છે. આ સાહિત્યસ્વરૂપનો વિકાસ જોતાં નિઃશંકપણે એમ કહી શકાય કે પત્રકારત્વના આશ્રયે જ તે વિકસ્યો છે. સ્ટીલ અને એડિસન કે લેમ્બ અને હેઝલિટ કે વીસમી સદીના અગ્રગણ્ય નિબંધકારો મેક્સ બીરબોમ, રોબર્ટ લીન્ડ, ઈ. વી. લુકાસ અને એ જી. ગાર્ડિનર સર્વેએ પોતાના લેખનના અવલંબન તરીકે સામયિકોને જ સ્વીકાર્યાં છે. પુસ્તક તરીકે પ્રકાશિત કરવાને ઇરાદે લખાયેલા નિબંધનો પ્રકાર સર્જક સાહિત્યિક રહેલો નથી-તેમાં અર્થ અને શૈલીનો ભાર વધી જાય એ સ્વાભાવિક છે. દર અઠવાડિયે કે દર મહિને અમુક કટાર ભરવી જ એ વિચારે લખતા લેખકોના લખાણનાં ગમે એવા પ્રમાણમાં બેપરવાઈ, હળવાશ અને વાતચીતની લઢણ સહજપણે પ્રવેશે છે. પુસ્તક પ્રગટ કરનારને રહેતો ક્ષોભ એને થવાનું કારણ નથી અને તેથી જ તે પોતાની કટારમાં મુક્તપણે વિહરી શકે છે. એમ સ્વૈરવિહારીની અદાથી લખાયેલાં સો લખાણમાંથી દસ અમર નીવડે એ આશ્વાસન શું ઓછું છે?!

---

## સાભાર—સ્વીકાર

### સનિષ્ઠ પ્રકાશન

**સ્વતંત્ર ભારતના પહેલા સ્પીકર** : અનુ. હીરાલાલ શાહ રૂ. ૪–૫૦

**આરઝૂ** : જશવંત લ. દેસાઈ રૂ. ૧–૫૦

**આપણી લોકશાહી, તેનું નિર્માણ** : લે ગણેશ વાસુદેવ માવળંકર, અનુ. ઉપેન્દ્ર ર. ભટ્ટ ૦–૬૦

**સાર્ત્રનો અસ્તિત્વવાદ** : મધુસૂદન બક્ષી રૂ. ૩–૦૦

**વિશ્વામિત્રો** : ડૉ. ન. મુ. શાહ રૂા. ૦–૭૫

**પ્રાચીન વૈદિક સમયની સ્વરાજ્ય પદ્ધતિ** : શ્રીપાદ દામોદર સાતવળેકર રૂ. ૦–૬૦

# કવિ શાલિસૂરિવિરચિત

# 'વિરાટપર્વ'નું અવલોકન

ચિમનલાલ શિ. ત્રિવેદી

[ ૧ ]

જૈન કવિ શાલિસૂરિવિરચિત 'વિરાટપર્વ' વિ. સં. ૧૪૭૮ પૂર્વે રચાયેલું છે અને 'ગુર્જર-રાસાવલી' (સંપાદકો : પ્રો. બી. કે ઠાકોર, શ્રી એમ. ડી. દેસાઈ અને શ્રી એમ. સી. મોદી) માં સંગ્રહાયેલું છે. વિ. સં. ૧૬૦૪માં સાણંદમાં લખાયેલી હસ્તપ્રતને આધારે એની વાચના આપવામાં આવી છે. ૧૬મા સૈકામાં કવિ નાકર અને વિષ્ણુદાસ જેવા જૈનેતર કવિઓએ મહાભારતનાં પર્વોને ગુજરાતીમાં અવતાર્યાં એ પૂર્વે જૈનેતર કવિઓ દ્વારા પણ મહાભારતકથાનું આલેખન થયું છે. ઉપરના સંપાદનમાં સંગ્રહાયેલા કવિ શાલિભદ્રસૂરિકૃત 'પંચપંડવચરિતરાસુ' (વિ. સં. ૧૪૧૦) અને અભ્યાસવિષય આ કૃતિ એનાં ઉદાહરણો છે.

જૈન સાહિત્યમાં કવિ જિનસેનકૃત 'હરિવંશ પુરાણ' (વિ. સં. ૮૪૦)માં, દેવપ્રભસૂરિકૃત 'પાંડવ-ચરિત્ર' (વિ. સં. ૧૨૭૦)માં, શુભચંદ્રાચાર્યના 'પાંડવપુરાણમ્' (વિ. સં. ૧૬૦૮)માં અને હેમચંદ્રાચાર્યની 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર' જેવી કૃતિઓમાં કૌરવ–પાંડવકથાનું આલેખન થયું છે. જૈન મહાભારતકથાની પરંપરા મહાભારતકથા પરંપરાથી કેટલાક અંશોમાં જુદી તરી આવતી દેખાય છે. (જૈન પાંડવકથાના ઉપર નિર્દેશેલા ગ્રંથો પણ કથાનકના અંશોમાં ક્યાંક ક્યાંક જુદા-પણું દર્શાવે છે.) એમાં, દ્રૌપદીનું પાંચ પાંડવો સાથે નહિ પણ અર્જુન સાથેનું લગ્ન, ક્યાંક વિષય-રતિના પ્રત્યક્ષ ફલદર્શને કીચકની દીક્ષા તો ક્યાંક ભીમને હાથે એનું મૃત્યુ, કૌરવોના દુર્વ્યવહારને કારણે વિદુરની દીક્ષા, કૃષ્ણ–જરાસંધયુદ્ધમાં કૌરવોનું મરણ અથવા અન્યત્ર વિદુર પાસે એમણે લીધેલી દીક્ષા અને અંતે પાંડવોની દીક્ષા, ત્રણ જ્યેષ્ઠ પાંડવોને મળેલો મોક્ષ અને નકુલ–સહદેવને સર્વાર્થ-સિદ્ધિમાં દેવપર્યાયની પ્રાપ્તિ વગેરે પ્રસંગો નિરૂપાયેલા મળે છે. આ રીતે, જૈન મહાભારતકથા વ્યાસરચિત મહાભારતકથાથી જુદી પડે છે. ઉપરનિર્દિષ્ટ 'પંચપંડવચરિતરાસુ'જેવી કૃતિઓમાં આપણને આવી જૈનમહાભારતકથાની પરંપરાનું દર્શન થાય છે. 'હરિવંશ'માંની 'વિરાટપર્વ'વાળી કથામાં કીચકને અંતે દીક્ષા લઈ અવધિજ્ઞાન પ્રાપ્ત કરતો દર્શાવ્યો છે. પરંતુ કથાનો 'ગોગ્રહ'વાળો ઉત્તરાર્ધ એમાં નથી. 'પાંડવપુરાણમ્'માં પાંડવો અનુક્રમે પુરોહિત, રસોયો, બૃહન્નટ, અશ્વપાલ અને ગોપાલ તરીકે તથા દ્રૌપદી માલણના વેશે વિરાટરાજાને ત્યાં રહે છે. સ્ત્રીવેશી ભીમ દ્વારા કીચકનો વધ નિર્દેશાયા પછી જાલંધરની વિરાટ પર ચડાઈ, દુર્યોધનનું ઉત્તર દિશા તરફથી ગોહરણ, બૃહન્નટવેશી અર્જુન સાથે ઉત્તરનું રણસંગ્રામમાં જવું–ભયભીત બની પાછા ફરવું, અને છેવટે અર્જુનનો પરિચય મળતાં તેના સારથિ બની વિજયી થવું વગેરે પ્રસંગો આલેખાયા છે.

કવિ શાલિસૂરિનું 'વિરાટપર્વ' જૈન મહાભારત-કથાના અંશોને અનુસરવાને બદલે વ્યાસરચિત મહાભારતકથાને અનુસરે છે એ નોંધપાત્ર છે એટલે આપણે વ્યાસરચિત મહાભારતમાંની 'વિટારપર્વ'ની કથાને અવલોકીએ.

[ ૨ ]

**વ્યાસરચિત મહાભારતમાં 'વિરાટપર્વ'ની કથા**

વ્યાસના મહાભારતમાં 'વિરાટપર્વ' પાંડવ-

પ્રવેશપર્વ, સમયપાલનપર્વ, કીચકવધપર્વ, ગોહરણપર્વ અને વૈવાહિક પર્વના કુલ ૭૨ અધ્યાયોમાં વિસ્તરેલું છે. એમાં અજ્ઞાતવાસની વિચારણા કરતાં યુધિષ્ઠિર અર્જુનને સ્થાન પસંદ કરવા કહે છે, અને અર્જુન સ્થળોની યાદી આપે છે એમાંથી યુધિષ્ઠિર મત્સ્ય દેશ પર પસંદગી ઉતારે છે.એ પછી પ્રત્યેક કયાં કર્મો કરશે એ વિશે પોતાના વિચારો જણાવી અનુક્રમે તેઓ દ્યૂતનિષ્ણાત કંક, બલ્લવ રસોયો, ગીત–નૃત્યજ્ઞ બૃહન્નલા, અશ્વપાલ ગ્રંથિક અને ગોપાલક તંતિપાલ તેમજ દ્રૌપદી સૈરંધ્રીરૂપે રહેશે એમ કહે છે. ધૌમ્ય ઋષિનો ઉપદેશ સાંભળી, શમીવૃક્ષ પર પોતાનાં શસ્ત્રો મૂકી (અને ગોવાળોને પોતાની ૧૮૦ વર્ષની માતાનું શબ બાંધ્યું છે એમ કહી), દુર્ગાસ્તવન કરી, વિરાટરાજાને ત્યાં જાય છે અને પૂર્વયોજના પ્રમાણેનો પરિચય આપી ત્યાં તે તે પદે નિયુક્ત થાય છે. મલિન વસ્ત્ર પહેરી, સૈરન્ધ્રીનો વેશ ધારી વિરાટનગરમાં ભટકતી દ્રૌપદી, વિરાટરાજાની રાણીની નજરે પડતાં, તે તેને બોલાવે છે, અને દ્રૌપદી પોતાની શરતો મૂકી ત્યાં રહે છે. અલબત્ત અહીં પ્રથમ યુધિષ્ઠિર, પછી ભીમ, ત્યાર બાદ દ્રૌપદી અને એ પછી સહદેવ–અર્જુન–નકુલનો જુદો જુદો પ્રવેશ દર્શાવાયો છે. અહીં પાંડવપ્રવેશ પર્વ પૂરું થાય છે. સમયપાલનપર્વમાં મત્સ્યપ્રદેશમાં બ્રહ્મા–મહોત્સવ-પ્રસંગે આવેલા મલ્લો પૈકી જીમૂત સાથે બલ્લવ (ભીમ ના મલ્લ યુદ્ધમાં જીમૂતનો વધ વર્ણવ્યો છે. ગુપ્તવેશે રહેતા પાંડવોને એક વર્ષ લગભગ પૂરું થવામાં હતું ત્યાં વિરાટના સેનાપતિ કીચકની દૃષ્ટિએ દ્રૌપદી પડતાં કીચકની કામાંધતા, દ્રૌપદીને એણે આપેલી લાલચો, દ્રૌપદીની એને પોતાના ગંધર્વપતિઓ વિષયક ચેતવણી, કીચકની બહેન સુદેષ્ણાને સૈરન્ધ્રી મેળવી આપવાની વિનવણી, સુરા લાવવા નિમિત્તે કીચકને ત્યાં સૈરન્ધ્રીને મોકલવાની સુદેષ્ણાની યોજના, કીચકની સૈરન્ધ્રી માટે વિવિધ મદ્યપાન અને પકવાન્નની તૈયારી, દ્રૌપદીની સૂર્યોપાસના અને સૂર્યે દ્રૌપદીના રક્ષણ માટે ગુપ્ત રાક્ષસને કરેલી આજ્ઞા વગેરેનું અહીં નિરૂપણ છે. વિરાટ રાજાને ત્યાં પરાભવ પામેલી દ્રૌપદી સભામાં આવે છે, કીચક રાજાના દેખતાં એનો ચોટલો ખેંચી લાત મારે છે; પેલો સૂર્યપ્રેરિત રાક્ષસ કીચકને દૂર કરે છે; ભીમ ક્રોધથી પ્રજ્વલી ઊઠે છે પણ યુધિષ્ઠિર એને વારે છે. દ્રૌપદી રાજાને ફરિયાદ કરે છે પણ કંઈ વળતું નથી, યુધિષ્ઠિર એને ચાલ્યા જવાની સલાહ આપે છે, અને રાણી પાસે જતાં તે એને સાંત્વન આપે છે. રાત્રે ભીમની પાકશાળામાં જઈ પાંડવો વિશેની પોતાની વેદના વર્ણવી, 'આત્મવિલાપ' કરી, કીચકના ત્રાસનો ખ્યાલ આપે છે. ભીમ એને સાંત્વન આપી, નૃત્યશાલામાં કીચકને બોલાવવાનો સંકેત યોજવા કહે છે એ રીતે દ્રૌપદી બીજે દિવસે કીચકને રાત્રે નૃત્યશાલામાં આવવાનો સંકેત કરે છે. કીચક એ પ્રમાણે બનીઠનીને આવે છે. અંધારામાં ભીમને સ્પર્શી આનંદ પામે છે. ભીમ એનો બાહુ-યુદ્ધમાં વધ કરે છે–એ સર્વનું વિગતપ્રચુર વર્ણન અહીં છે. કીચકને મારી, મસાલ સળગાવી, એના શબને દ્રૌપદીને બતાવી, ભીમ પાકશાળામાં પાછો ચાલ્યો જાય છે. દ્રૌપદી નૃત્યસભાના રક્ષકોને, 'કીચકને મારા ગંધર્પપતિઓએ મારી નાખ્યો છે' એમ જણાવે છે અને પછી કીચકના સર્વ ભાઈઓ ભેગા થઈ જાય છે. રોટલો કરી નાખેલા કીચકને અગ્નિસંસ્કાર કરવાનો વિચાર કરે છે ત્યાં દ્રૌપદીને જોતાં વિરાટ રાજાનું અનુમોદન મેળવી, કીચક સાથે દ્રૌપદીને બાળી મૂકવા માટે પકડે છે અને નનામી સાથે બાંધી સ્મશાન તરફ લઈ જાય છે. દ્રૌપદીનો વિલાપ સાંભળી ભીમ એક વૃક્ષ ઊંચકી સ્મશાન તરફ દોડે છે. કીચકભાઈઓ ગંધર્વપતિનો ભય સમજી દ્રૌપદીને મુક્ત કરી નાસે છે, પણ ભીમ એ સર્વ કીચકોને એક જ વૃક્ષથી યમદસનમાં મોકલી દે છે.

બીજી બાજુ, પાંડવોને ખોળી કાઢવા માટે દુર્યોધને મોકલેલા ગુપ્ત દૂતો પાંડવોનો પત્તો મેળવી શકતા નથી, પણ પાછા આવીને બળવાન કીચકના મૃત્યુના સમાચાર આપે છે. દ્રોણ–ભીષ્મ વગેરે પાંડવોની પ્રશંસા કરે છે. ભીષ્મ તો કહે છેઃ જે નગર કે દેશમાં યુધિષ્ઠિર હશે ત્યાં મનુષ્ય અસૂયા નહિ રાખતો હોય, અભિમાની નહિ હોય, પૃથ્વી

ધાન્યથી સંપન્ન હશે, ધાન્યમાં કસ ને ફળોમાં રસ હશે વગેરે વગેરે. કૃપાચાર્ય પાંડવો પ્રગટ થાય એ દરમ્યાન પોતાનું તથા પર રાજ્યનું સામર્થ્ય જાણવા માટે શત્રુ પર આક્રમણ કરવા કહે છે. ત્રિગર્તરાજ સુશર્મા, કીચકના મૃત્યુ-સમાચારે મત્સ્યરાજ પર હુમલો કરવા કહે છે. એ પ્રમાણે થતાં સુશર્મા અને વિરાટરાજાનું યુદ્ધ વિગતે વર્ણવાયું છે. સુશર્મા, વિરાટરાજાને બળપૂર્વક પકડી, પોતાના રથમાં નાખી ચાલી નીકળે છે. આ સાંભળી યુધિષ્ઠિર ભીમને વિરાટરાજાને છોડાવી લાવવા કહે છે. નાસતા સુશર્માને પકડી ભીમ એને જમીન પર પછાડી રગદોળે છે. પણ યુધિષ્ઠિરના કહેવાથી મુક્ત કરે છે. વિરાટરાજા પ્રસન્ન થઈ પાંડવોની સ્તુતિ કરે છે. વિરાટરાજા સુશર્માની પૂંઠે ગયેલો ત્યારે દુર્યોધન મહારથીઓ સાથે ઉત્તર તરફથી ગોધનને હરે છે. ગોવાળોએ આ સમાચાર આપતાં કુંવર ઉત્તર યોગ્ય સારથિને અભાવે મુશ્કેલી અનુભવે છે. અર્જુનથી પ્રેરાયેલી દ્રૌપદી કુંવર ઉત્તરને બૃહન્નલા અર્જુનનો સારથિ હતો, અગ્નિએ જ્યારે ખાંડવવનને બાળ્યું હતું ત્યારે એણે અર્જુનના ઉત્તમ અશ્વોને હાંકયા હતા વગેરે કહી, એને સારથિ તરીકે સ્વીકારવા કહે છે. ઉત્તરા, અર્જુન પાસે જઈ પોતાના ભાઈનું સારથિપણું કરવા બૃહન્નલાને વીનવે છે. એ રીતે ઉત્તર અને બૃહન્નલા રણભૂમિ પર જાય છે ત્યારે ઉત્તરા, બૃહન્નલાને, કુરુઓને જીતી પોતાની ઢીંગલીઓ માટે ઝીણાં, સુંવાળાં વસ્ત્રો લાવવાનું કહે છે. કુરુસેનાને જોઈને ઉત્તર ગભરાય છે અને બૃહન્નલાને રથ પાછો વાળવાનું કહે છે. બંને વચ્ચેનો સુંદર સંવાદ અહીં છે. દોડી જતા ઉત્તરને એ પકડે છે ત્યારે ઉત્તર વિલાપ કરી, 'જીવતો નર સુખ જુએ છે' એમ કહી, બૃહન્નલાને અનેક લાલચો આપી પોતાને છોડવા કહે છે. અંતે ઉત્તરને સારથિ બનાવી બૃહન્નલા એને શમીવૃક્ષ તરફ લઈ જાય છે, આયુધો ઉતરાવે છે અને ઉત્તરના પ્રશ્નો પછી પોતાનો સાચો પરિચય આપે છે. યુદ્ધ આરંભાય છે. દ્રોણને એ સવ્યસાચી છે એની પ્રતીતિ થતાં એ દુર્યોધનને, ગાયોને મોકલી દઈ, વ્યૂહરચનામાં ગોઠવાઈને ઊભા રહેવા સલાહ આપે છે. ભીષ્મ પાંડવોના અજ્ઞાતવાસની સમય-ગણતરી કરી બતાવી એમણે પ્રતિજ્ઞા પાળી છે એમ કહે છે, અને ગોધનને વિદાય કરી ભીષ્મ વ્યૂહરચના માંડે છે. અર્જુનના શંખનાદ અને ટંકારવથી પૃથ્વી ધણધણી ઊઠે છે. તે ગાયોને જીતી લે છે અને દુર્યોધન તરફ ધસે છે; અનેક શત્રુઓને સંહારે છે. અનેકો સાથે ઘોર યુદ્ધ કર્યા પછી અર્જુન એ સર્વને ઘેરી, સંમોહન નામનું અસ્ત્ર મૂકી નિશ્ચેષ્ટ બનાવે છે. ઉત્તરને મોકલી એ મૂર્છિત કૌરવોનાં સોહામણાં વસ્ત્રો મંગાવી લે છે. દુર્યોધન ભાનમાં આવતાં, રણભૂમિ પર અર્જુનને એકલો જોઈ ભીષ્મને એ વિશે પૂછે છે ત્યારે ભીષ્મે અર્જુનના સ્વધર્મને પ્રશંસા કરતાં એ મૌન ધારે છે. આમ, કૌરવોને સંગ્રામમાં હરાવી, ગોધન પાછું વાળી, અર્જુન-ઉત્તર નગરમાં પાછા ફરે છે; વિરાટ રાજા હર્ષોન્માદ અનુભવે છે. ઉત્તરાના વિવાહનો અર્જુન માટેનો પ્રસ્તાવ અભિમન્યુ માટે સ્વીકારાય છે, અને ઉત્તરાનાં લગ્ન થતાં વૈવાહિક પર્વ પૂરું થાય છે.

## [ ૩ ]

## કવિ શાલિસૂરિનું 'વિરાટપર્વ'

શાલિસૂરિનું 'વિરાટપર્વ' દક્ષિણગોગ્રહ અને ઉત્તરગોગ્રહ એમ બે મુખ્ય ખંડોમાં, સાતસો-બત્રીસ પંક્તિઓમાં, વિસ્તરેલું છે. કવિ જૈન હોવા છતાં આ કૃતિ જૈન મહાભારત કથાની પરંપરાને અનુસરતી નથી એ હકીકત ધ્યાન ખેંચે છે. પંક્તિ ૨૭૬-જેણિ દેસિ जिण माणस मोहइ-નો 'ગુર્જર રાસાવલી'ના સંપાદકોએ '(the country) in which men have attachment to Jinas' એવો 'નોટ્સ'માં અર્થ આપીને, The only reference to Jainism' એમ નોંધ મૂકી છે. જિણમાંથી તારવેલો 'જૈન' પ્રતીતિકર બનતો નથી. જેણિ દેસિ જિ ન માણસ મોહઇ—જે દેશમાં મનુષ્યો મોહ પામતાં નથી—એ અર્થ બંધબેસતો છે. તેમ છતાં આ દ્વારા આ કૃતિમાં અન્યત્ર ક્યાંય જૈન

પરંપરાનું દર્શન થતું નથી એ સંપાદકોનું તારણ સાચું છે.

## ફેરફારો

'વિરાટપર્વ'માં 'કાસમીર મુખમંડણ માડી, તૂં સમી જગિ ન કોઈ ભિરાડી' એમ સરસ્વતીને વંદના કરીને કવિ કૃતિનો આરંભ કરે છે. કવિચિત્ત પાંડવના ગુણગાનમાં લીન બન્યું હોવાથી તે દેવી પાસે શબ્દ અને રસયુક્ત વાણીની યાચના કરે છે. આગળ-પાછળના કથાની વિગતો આપવાને બદલે કવિ પાંડવોની અજ્ઞાતવાસવિષયક વિમાસણથી જ કથા-પ્રવેશ કરે છે. આગળ દર્શાવેલી વ્યાસરચિત મહાભારતની સઘળી વિગતો ટાળે છે. પ્રત્યેક પાંડવને વિરાટ રાજા પાસે જુદા જુદા મોકલવાને બદલે દ્રૌપદી સિવાય બધા સાથે જ જઈ, યુધિષ્ઠિર જ સર્વનો ટૂંકમાં પરિચય આપી દે અને રાજા તેમને તે તે સ્થાને નિયુક્ત કરે એવી યોજના અહીં ગોઠવી છે. રાણી સુદેષ્ણા, મહાભારતમાં દ્રૌપદીને 'તું દેવી, ગંધર્વી, અપ્સરા, નાગકન્યા' વગેરેમાંથી કોણ છે એમ પૂછે છે એ ઉદ્‌ગારોનો પ્રતિધ્વનિ આપણને શાલિસૂરિમાં પણ સંભળાય છે (શ્લોક ૧૧-૧૨) જીમૂતના વધનો પ્રસંગ પણ અહીં નથી. પાંડવોની વર્તમાન દશા માટે દૈવવાદી આ કવિ સબળ દૈવના પ્રભાવનાં દૃષ્ટાંતો આપે છે. (૧૬-૧૮)

દ્રૌપદી-દર્શને કીચકની મોહાંધતાથી આરંભાતા પ્રસંગો બંનેમાં (મહાભારત અને અહીં) સમાંતરે ચાલે છે. સુરા નિમિત્તે કીચક પાસે દ્રૌપદીને મોકલવાની સુદેષ્ણાની યુક્તિ, દ્રૌપદી માટે કીચકની વિવિધ ભોજનની તૈયારી, દ્રૌપદીને સૂર્યના વરદાનને કારણે રાક્ષસે બચાવી એ પ્રસંગ, દ્રૌપદીની રાજા પાસે ફરિયાદ વગેરે દ્વારા આ કૃતિનું મહાભારત કથા સાથેનું અનુસંધાન સ્પષ્ટ થાય છે. અલબત્ત, મહાભારતના વિસ્તારથી વર્ણવાયેલા પ્રસંગોનો નિર્દેશમાત્ર કરીને જ કવિ અહીં ઝડપથી આગળ વધતો દેખાય છે. કીચક-ભીમનું (સૈરન્ધ્રીવેશી) યુદ્ધ અહીં વિગતે વર્ણવાયું નથી, અને અંધારામાં બલ્લવને સૈરન્ધ્રી માની સ્પર્શાનંદ માનતો કીચક પણ અહીં દર્શાવાયો નથી. આ જૈનકવિ સૈરન્ધ્રી માટે ટળવળતા—મન્મથનો આફરો ચડેલા—કીચકને માટે એ શ્લોકો આપે (૩૧-૩૨), કીચકને પોતાનો પરચો આપતી સૈરન્ધ્રીની વાણી પણ સબળપણે રજૂ કરે છે (૩૮-૪૦), તેમ છતાં કવિનું લક્ષ્ય કથાપ્રસંગને ઝડપથી આગળ વધારવા તરફ વિશેષ રહ્યું છે. કીચકવધ માટે એ બે પંક્તિ (શ્લોક ૫૭ની) પૂરતી ગણે છે, અને પછી મહાભારતકથા પ્રમાણે આગળ વધી સર્વ કીચકોને એ ચિતામાં બાળી મૂકે છે એ કથા-પ્રસંગ ઝડપથી પૂરો કરે છે.

અહીં પાંડવોને ખોળી કાઢવા માટે દુર્યોધને મોકલેલા દૂતોનો નિર્દેશ કર્યા વિના જ કીચકવધની વાત કુરુગૃહે ગઈ એમ પાંડવપરાક્રમનું અનુમાન દર્શાવાયું છે. મૂળની જેમ ભીષ્મ, યુધિષ્ઠિર (અહીં, પાંડવ) હશે ત્યાં કેવી સમૃદ્ધિ હશે એનાં દૃષ્ટાંતો આપે છે (૬૯-૭૦). મૂળની જેમ કૃપાચાર્ય કે સુશર્માના સૂચનને બદલે અહીં દુર્યોધન પોતે જ દૂત મોકલીને ત્યાં સૈન્ય ઉતારે છે. યુદ્ધવર્ણન, મૂળની શક્તિ વિનાનું છે. વિવિધ વાદ્યોના ઝડઝમકિયા નિર્દેશો અહીં વિગતે જોવા મળે છે, અને મધ્યકાલીન શૈલીના યુદ્ધવર્ણનની યાદ તાજી થાય છે. વિરાટ રાજાને બાંધીને લઈ જતો સુશર્મા અને એને છોડાવી લાવતો ભીમ-મૂળ કથા પ્રમાણે છે, પણ એમાં વિગતો પૂરવાનું કવિએ ટાળ્યું હોવાથી વચ્ચેની કડીઓ નિરૂપી નથી.

'વિરાટપર્વ'નો બીજો ખંડ કુરુરાજના ઉત્તર દિશાના હુમલાથી આરંભાય છે. મૂળની જેમ ગોવાળો (મૂળમાં, ગોપાલધિપતિ) કુંવર ઉત્તર પાસે જઈને ધા નાખે છે, અને ઉત્તર વીરત્વભર્યા ઉદ્‌ગારોમાં એનો પ્રત્યુત્તર વાળે છે; સારથિવિષયક મૂંઝવણ અનુભવતાં, મૂળની જેમ અર્જુનથી પ્રેરાયેલી નહિ પણ સ્વયંસ્ફુરણાથી સૈરન્ધ્રી અહીં બૃહન્નલાને સારથિ તરીકે નિયુક્ત કરવા સૂચવે છે. એ માટે મૂળ પ્રમાણે કૃષ્ણે એના સારથિપણા નીચે ખાંડવ વન બાળ્યું હતું એમ જણાવે છે. મૂળ પ્રમાણે બૃહન્નલાને સારથિપણું સ્વીકારવાની ઉત્તરાની વિનંતી અહીં

નથી. પણ ઉત્તરા અને સખીઓ બૃહન્નલાને, કુરુઓને જીતીને, પોતાની ઢીંગલીઓ માટે ઝીણાં સુવાળાં સુંદર વસ્ત્રો લાવવાનું કહે છે એ સંબોધન-ફેરે અહીં છે. આવા કેટલાક નાનકડા ફેરફારો મૂળ ભાવને કાયમ રાખીને કવિએ કર્યા છે. મૂળમાં, સૈન્ય જોઈ ગભરાતા, નાસતા ઉત્તરને તરત જ શમી વૃક્ષ પાસે લઈ જઈ, અસ્ત્રો ઉતરાવે છે અને ઉત્તરના પ્રશ્નોથી અસ્ત્રોનો ને પછી પોતાનો અને અન્ય પાંડવોનો પરિચય અર્જુન આપે છે. અહીં અર્જુનનું ચિત્ત-મંથન (૧૯-૨૦) સંક્ષેપમાં પણ સારી રીતે રજૂ કર્યું છે. બૃહન્નલા દ્વારા ઉત્તરાને અપાતો કૌરવ પક્ષના કૃપ, અશ્વત્થામા, દુર્યોધન વગેરે યોદ્ધાઓનો ટૂંકો પણ સુરેખ પરિચય અહીં છે. આ પછી ઉત્તરની નિર્બળતા દર્શાવી, એની માનસિક સ્થિતિને છતી કરી આપી છે. બૃહન્નલા-ઉત્તરના ટૂંકા સંવાદ પછી અર્જુન પોતાનો પરિચય આપે છે, અને ત્યારબાદ શમીવૃક્ષ પાસે લઈ જઈ અસ્ત્રો લાવે છે. મૂળની જેમ શમીવૃક્ષ તરફ જતા અર્જુનને જોઈને ભીષ્મ-દ્રોણને તે અર્જુન હોવાની શંકા જાય છે, જ્યારે અહીં ધનુષ્ટંકાર થતાં. અહીં ભીષ્મની અર્જુન-પ્રશંસા છે, પણ અજ્ઞાતવાસની કાલગણતરીનો પ્રશ્ન પડતો મૂકવામાં આવ્યો છે અને એ પછી કૌરવપક્ષનાં અનેકોનાં ભાષણોનો નિર્દેશ પણ કર્યા વિના, ભીષ્મની સલાહ પ્રમાણે દુર્યોધન ઘોડો પાછો વાળે છે. મૂળમાં અર્જુનનાં પરાક્રમો અને કૃપાચાર્ય, દ્રોણ અશ્વત્થામા વગેરે સાથેનાં યુદ્ધો વિગતે વર્ણવાયાં છે. અહીં એ વિગતો નથી.

દુર્યોધનને પડકારતી અર્જુનની ઉક્તિઓ અહીં છે. મૂળમાં તો અર્જુનના વાણીરૂપી અંકુશથી દુર્યોધન પાછો ફરે છે, અહીં માત્ર એની વિમાસણ છે (૭૪). મૂળમાં દુર્યોધનનું રક્ષણ કરવા ભીષ્માદિ સર્વ વીરો અર્જુન પર બાણવર્ષા કરે છે ત્યારે અર્જુન સંમોહન અસ્ત્ર ફેંકી સર્વને નિશ્ચેષ્ટ બનાવી દે છે, અને પછી અર્જુનના કહેવાથી ઉત્તર કર્ણાદિનાં વસ્ત્રો ઉતારી લે છે. અહીં, દુર્યોધનને મારવાથી યુધિષ્ઠિર અણગમો વ્યક્ત કરશે એમ વિચારી અર્જુન નિદ્રા મૂકે છે (૭૭: આ ફેરફાર ધ્યાન ખેંચે એવો છે), અને એ દરમ્યાન મસ્તકનાં પટોળાંથી ઉત્તર રથ ભરી લે છે.

## કેટલાંક આકર્ષણો

આ કવિનો ઉદ્દેશ મહાભારતના આ પર્વને આધારે કથાનકના મુખ્ય મુખ્ય તંતુઓ વણીને કથાપ્રસંગ કહી જવાનો લાગે છે. સમગ્ર રીતે કવિની શક્તિ બહુ ઊંચી કોટિની વરતાતી નથી. એની શક્તિનો સ્પર્શ કરાવે એવા ખાસ નવા પ્રસંગોનું ઉમેરણ પણ એણે કર્યું નથી. દ્રૌપદીના વર્ણનમાં પણ (૨૨, ૨૩, ૨૫) નવીન કલ્પનાઓને બદલે રૂઢ પરંપરાનું અનુસરણ છે. તેમ છતાં કામાંધ કીચકના ચિત્તનો ખ્યાલ આપે એવી વેગભરી છંદોરચના (૨૫), કીચકની કામવિહ્વળતા વર્ણવવાનો કવિનો પ્રયાસ (૨૯-૩૨), અને પરંપરાના અલંકારો દ્વારા પણ એની કામવ્યથિત અવસ્થાનું એણે આપેલું ચિત્રણ નોંધપાત્ર ગણી શકાય. કીચકને સંબોધાયેલી દ્રૌપદીની ઉક્તિઓ દૃષ્ટાંતોથી પૂર્ણ છે (૩૮-૪૦) અને એમાં ઝાઝી નવીનતા નથી, તેમ છતાં રૂઢ રીતે પણ પ્રસંગાલેખનની એની ફાવટ એમાં વરતાય છે. પહેલા ખંડમાં આવતું યુદ્ધવર્ણન શબ્દોના ધમધમાટથી, વિવિધ વાદ્યોના ઝડઝમકભર્યા શબ્દપ્રયોગોથી (૭૭-૭૯) અને રૂઢ વર્ણનથી (૮૬-૯૦) ભરચક છે.

પહેલા ખંડની વિશેષતા એના અંતમાં છે. રણાંગણમાં રુદન કરતી સ્ત્રીઓ અને એમના ઉદ્‌ગારો, એમના પતિવિષયક પ્રશ્નો અને અપ્સરાને સંબોધાયેલી ઉક્તિઓ, એમની કુલ ઉજ્વાળવાની અભિલાષા અને યુદ્ધમાં ઘવાઈને પડેલા, મૃત્યુની રાહ જોતા પતિ પહેલાં સ્વર્ગમાં પહોંચી જવાની અભીપ્સા-આ સર્વનું, મધ્યકાલીન ક્ષત્રિયાણીને ઉચિત ભાવનું ચિત્રણ એ પ્રથમ ખંડનો મનોહર અંશ છે.

બીજા ખંડના આરંભે ગોપાલોના રાજા તરફના ગોગ્રહવિષયક ઉદ્‌ગારો અને ઉત્તરની આત્મપ્રશંસાત્મક ઉક્તિઓ (૧૦, ૧૪-૧૫), અર્જુનનું આત્મ-ચિંતન-(૧૯-૨૦) અને સંક્ષેપમાં બૃહન્નલા દ્વારા અપાયેલો કૃપાચાર્ય, અશ્વત્થામાદિનો પરિચય ઠીક

છે. ઉત્તર અને બૃહન્નલાનો સંવાદ (૩૯–૪૦) અને ગાંગેયની ઉક્તિઓ (૫૩–૫૫) પણ કેટલેક અંશે ગમે એવાં છે. વિવિધ દૃષ્ટાંતોથી ફરીવાર યુદ્ધચિત્ર આલેખવાનો પ્રયત્ન અહીં થયો છે. કવિએ જુદા જુદા યોદ્ધાઓની માનસિક સ્થિતિનો (૬૬–૬૭) અને અર્જુનના બાણથી બચવા મથતા યોદ્ધાઓના પ્રયત્નો (૬૯–૭૧) સારી રીતે નિરૂપ્યા છે. બીજા ખંડનું આ આકર્ષણ ગણી શકાય. ઉપરાંત અર્જુનના નિદ્રા–બાણે ઘોરતા ગજ–અશ્વાદિનું લઘુચિત્ર પણ ગમે એવું છે. આવા, છૂટાછવાયા અંશોમાં, કવિની જે કંઈ શક્તિ છે તેની ઝાંખી થાય છે. અર્જુન અને ઉત્તરનાં પાત્ર પણ મૂળની વફાદારીથી કવિએ રજૂ કર્યાં છે. કૃતિમાં, ખીલવી શકાય એવાં રસસ્થાનોની સામગ્રી ઠીક ઠીક પ્રમાણમાં હતી : દ્રૌપદી–કીચક, કીચક–ભીમના પ્રસંગો, યુદ્ધવર્ણન વગેરે. પણ કવિની શક્તિ અત્યંત મર્યાદિત છે.

## છંદોરચના

આ કૃતિની મુખ્ય વિશેષતા એ વિવિધ રૂપમેળ છંદોમાં રચાઈ છે એ છે. કવિએ સ્વાગતા, રથોદ્ધતા, ઉપજાતિ, ઇન્દ્રવજ્રા, ઉપેન્દ્રવજ્રા, વસંતતિલકા, દ્રુતવિલંબિત અને માલિની–એમ વિવિધ છંદો અહીં પ્રયોજ્યા છે. કેટલીકવાર પ્રથમ બે પંક્તિઓ સ્વાગતામાં અને પછીની બે રથોદ્ધતામાં કે ઇન્દ્રવજ્રામાં લખેલી પણ મળે છે. કેટલેક સ્થળે અક્ષર ખૂટે છે : 'દ્રુપદીતુ નચાવણહાર' (૧/૮); ક્યાંક છંદોભંગ સ્પષ્ટ તરી આવતો દેખાય છે : 'આવતી લછિ પાય કુણ ઠેલઈ' (૧–૧૦); ઘણે સ્થળે 'તુલઇ' 'નઇ' જેવાં અનેક રૂપો એક ગુરુ રૂપે વાંચવાં પડે છે : 'કવણ કામિનિ એહ સમી તુલઇ' (૧/૨૧); 'કહિન કહિન બાઈ કુણ નઈ એ જાઇ' (૧/૨૪); 'દેવ–દાણવ ન રાય ન રાંણઉ' (૧/૧૬); 'એ પાંચ પાંડવ તણઉ કિરિ મેચુ ભાંજઈ' (૨/૧) વગેરે; કાવ્યનો મુખ્ય છંદ સ્વાગતા છે, અને કવિએ ભાવના પલટા અન્ય છંદો પ્રયોજીને નિરૂપ્યા છે. આરંભના ૨૦ શ્લોકો સ્વાગતાપ્રધાન છંદોરચનામાં છે. એ પછી દ્રૌપદીના દર્શને કીચકના ઉદ્‌ગારો દ્રુતવિલંબિતમાં વહીને ભાવમાં ગતિ લાવે છે; ત્યારબાદ માલિનીનો પ્રયોગ કીચકની ઉત્કટતા દર્શાવવામાં સહાયભૂત થાય છે. ફરી પાછી સ્વાગતાવાળી છંદોરચનામાં કૃતિ આગળ વધે છે. કાવ્યનો બીજો ખંડ વસંતતિલકાથી સમુચિત રીતે આરંભાય છે. અને પછી ઉપજાતિમાં સરી, વિવિધ છંદોમાં વહી અંતે વસંતતિલકામાં પૂરો થાય છે. પહેલા ખંડમાં દ્રૌપદી–દર્શને કીચકનો વિસ્મયભાવ દ્રુતવિલંબિતનો આશરો લે છે, તો દ્રૌપદીના પ્રકોપનિરૂપણમાં પણ કવિએ એ જ છંદ સફળતાપૂર્વક ઉપયોગમાં લીધો છે; યુદ્ધવર્ણન માટે ગત્યાત્મક દ્રુતવિલંબિત પ્રયોજ્યો છે. એકંદરે કવિની છંદ–સૂઝ ધ્યાન ખેંચે એવી છે.

## અલંકારો

'વિરાટપર્વ'ના અલંકારો મોટે ભાગે રૂઢ છે. ઉપમા, રૂપક, ઉત્પ્રેક્ષા, દૃષ્ટાંત અને અર્થાન્તરન્યાસમાં કોઈ નવીન ચમત્કૃતિ દેખાતી નથી. પ્રત્યેક દ્વિદલના પ્રાસ મેળવવાની કવિએ સારી ચીવટ દાખવી છે, અને એમાં એને સફળતા પણ મળી છે. પંક્તિઓમાં આંતરપ્રાસો પણ યોજ્યા છે અને વર્ણાલંકારોની ચમક પણ દર્શાવી છે. 'પવન ચંદન ગંધ' (૧/૨૨), 'વનિ વાસિ વસઈ દિસિ વાસતુ' (૧/૨૨), 'ચરણ ચારિહિં હંસ હરાવતી' (૧/૨૩), 'કરઇ દાહુ વિદાહુ હિયઇ ધરઇ' (૧/૬૧), 'નિરૂપમ કુલબાલી રૂપની ચિત્રસાલી', 'અવિકલ ગુણવલ્લી કામભૂપાલ ભલ્લી' (૧/૨૫) જેવી અનેક પંક્તિઓમાં વર્ણોની શ્રુતિરંજક સંકલના આકર્ષક છે. 'અરતિ અંગિ અનંગ તણી ઘણી' (૧/૩૦)માં કીચકની બેચેની, 'જંબઇ લાંખઇ લાવર આકુલઉ, (૧/૩૧) માં લાવરાં નાખતો કીચક, 'ગરુડ પાંખ નખે નવિ ખૂંટિયઇ' (૧/૩૯)માં નખથી ખૂંટવાની ક્રિયા પ્રત્યક્ષ થાય છે. 'ધમધમિઉ', 'હુડુહુડાટ' 'કલકલઇ' જેવાં પ્રચલિત રવાનુકારી રૂપો યુદ્ધનાં વર્ણનો માટે ઉપયોગમાં લેવાયાં છે.

અર્થાલંકારોમાં પ્રથમ શ્લોકમાંની શારદાના પ્રસાદ માટે યોજાયેલી કોયલગાનની અને અર્જુને નિદ્રા મૂકતાં કુંભસ્થળ પર હિંડોળાની જેમ શીશ

ઢોળતા ગજેન્દ્ર–વાળી ઉપમા આકર્ષક છે. તો જળ વિના ટળવળતી માછલી, ભ્રમર–માલતી કેતકી અને પ્રલય સમયના વારિનિધિ કે વાદળ જેવાં ઉપમાનો અત્યંત રૂઢ છે. કેટલીકવાર તો એનાં પુનરાવર્તનો અસુભગ પણ લાગે છે.

ઉત્તરને કવિએ રોમાંચતું બખ્તર પહેરાવીને (૧/૧૧) સારું રૂપક નિપજાવ્યું છે. 'જીવિતવ્ય તરું' અને 'મદતણાં વન' તે તે સ્થાને શોભે છે. દ્રૌપદીના વર્ણન માટે પ્રયોજાયેલ વ્યતિરેક કે સુયોધનનો પરિચય આપતી બૃહન્નલાની ઉક્તિઓ પણ ચીલા-ચાલુ છે. સુશર્માના દળમાં વાગતા ઢોલ માટે આષાઢા મેઘની ગર્જના કે અર્જુનના ધનુષ્ય–ટંકારવ માટે પ્રલયસમયના મેઘની ગર્જનાની ઉત્પ્રેક્ષાઓ પણ ભાગ્યે જ નવીન લાગશે. અલબત્ત, બંને ગર્જનાઓને, કવિએ, જુદા જુદા પરિવેશમાં મૂકી આપી છે. આ ઉપરાંત દૃષ્ટાંત અને અર્થાન્તરન્યાસનું પ્રમાણ અહીં મોટું છે. કૃતિમાં દૈવવિષયક અર્થાન્તર-ન્યાસી ઉક્તિઓ છે; તો કેસરી અને હસ્તિ, સર્પ અને ગરુડ, માલતી અને ભ્રમર જેવાં પરંપરાગત ઉપમાનોનો આશ્રય લઈને પ્રસંગોચિત દૃષ્ટાંતો અપાયાં છે.

## લોકોક્તિઓ

આ કૃતિની એક નોંધપાત્ર વિશેષતા એમાં વણેલી લોકોક્તિઓને ગણી શકાય. છંદના માળખામાં કવિએ વિપુલ પ્રમાણમાં એમને અહીં વણી દીધી છે. છૂપા વેશે આવેલા પાંડવોને વિરાટરાજા તેમની યોગ્યતા પ્રમાણે નિયુક્ત કરે છે ત્યારે 'આવતિ લછિ પાય કુણ ઠેલઈ' એ કહેવતને કવિ ગોઠવી દે છે; કીચકને સૈરન્ધ્રીનો પરિચય આપતાં સુદેષ્ણા 'કિમઈ ન જાણિઉં ફલ નૈત્ર ખાજઈ, અણજાણતુ અંધ ઉબાડિ દાઝઈ'–એમ એ કહેવતો સંભળાવી દે છે. પાંડવોને દાસરૂપે રહેવું પડ્યું એનો નિર્દેશ કરતાં 'દેવ દાણવ ન રાય ન રાંણઉ, દૈવ આગલિ ન કોઈ સપરાણઉ' એમ કહી એના સમર્થનમાં રામ–લક્ષ્મણ, હરિશ્ચન્દ્ર, કૃષ્ણ, અશ્વત્થામા, કર્ણનાં દૃષ્ટાંતો આપી, 'દૈવ સિઉં કુણિ કિંપિ ન થાઈ' એવી ફલશ્રુતિ આપે છે. સૈરન્ધ્રી કામાંધ કીચકને પોતાથી દૂર રહેવા માટે 'જ્વાલા જ્વલંતી કહિ કુણ પઈસઈ, તૃણ્હલની ધારહિં કુણ બઈસઈ' એ ઉક્તિઓ કહે છે, તો કવિ એને કેતકીમાં પ્રવેશીને આરડતા ભ્રમરના દૃષ્ટાંતથી નવાજે છે! સૈરન્ધ્રી પણ કીચકને અકલ અંબુધિમાં કૂદકો ન મારવા અને મુખમાં હલાહલ ન લેવાનું કહી પછી,

> વદન ચુંબિ મ વાનર વાઘિણી
> કરું મ ઘાલિસિ નીલ જ નાગિણી
> વદનિ સિઉં વિસવેલિ ન ઘૂંટીઈ
> ગુરુડ પાંખ નખે નવિ ખૂંટિયઈ
> ભમરિ માલતિ જેમ વિરોલિયઈ
> તિમ ન કેતકિ કેલિ ધંધોલિયઈ

–એવી ચોટદાર ઉક્તિઓ સંભળાવે છે.

યુદ્ધક્ષેત્રમાં જતો કુંવર ઉત્તર, મદમસ્ત હસ્તિ અને કેસરીના દૃષ્ટાંત પછી 'તાં કુણિંદુ ફણમંડપ માંડઈ, જાં પડઈ ગુરુડ નઈ નહુ ફાંડઈ' એવી ઉક્તિથી પોતાનો હુંકાર પ્રગટ કરે છે. આવાં સ્થાનો અહીં ઘણાં છે અને કવિ વક્તવ્યને ધારદાર બનાવવા પ્રચલિત દૃષ્ટાંતો ઉપયોગમાં લે છે. ગરુડ–પન્નગ અને સિંહ–ગજ–ના નિર્દેશોની પુનરુક્તિ પણ ઠીક ઠીક થઈ છે. બૃહન્નલા ઉત્તરને પોરસ ચડાવતાં કહે છે 'ચંદ્ર નામુ તુઝ આજ લિહાવઉં' (૨/૨૨)—એમાં કવિસમયની પ્રચલિત ઉક્તિને કવિ કુશળતાપૂર્વક ઉપયોગમાં લઈ લે છે.

ઉત્તર, કુરુઓનું સૈન્ય જોઈને કાયર બની પાછા ફરવાનું કહે છે ત્યારે બૃહન્નલા એને 'અરે વધારિઉં મન ઢોલિ ભાઈ' એવી તળપદી ઉક્તિથી પરિસ્થિતિનો ખ્યાલ આપે છે. કૌરવપક્ષનાં સૈન્યો પાર્થબાણનો પ્રભાવ નિહાળતાં સૈનિકની નોકરી સ્વીકારવા માટે દુર્મતિને દોષ આપી, પોતાના ગૃહસ્થજીવનનું મધુર ચિત્ર નજર સમક્ષ લાવે છે:

> 'ભઈસિ દૂઝઈ અહમ ઘરિ કાલી
> નારિ અંખિ અતિહિં અણીયાલી.'

—આવાં સ્થાનોએ કવિહૃદય ગજું કાઢવા મથતું હોય એવી લાગણી થાય છે.

## મધ્યમ સર્ગશક્તિ

કવિએ સંસ્કૃત તત્સમ શબ્દોનો ઉપયોગ વિપુલ પ્રમાણમાં કર્યો છે, અને કેટલીકવાર તો સંસ્કૃત રૂપો અને સમાસો સીધાં જ ઊતરી આવેલાં છે; રૂપમેળ છંદોમાં આ સ્વાભાવિક પણ છે. સંસ્કૃત કાવ્યપરંપરાનાં દૃષ્ટાંતો, અલંકારો વગેરે દ્વારા શાલિસૂરિ સંસ્કૃત કાવ્યપ્રણાલીને અનુસરવા મથે છે, પણ અતિશય મધ્યમ કોટિની શક્તિને કારણે સમગ્ર રીતે ઝાઝી સફળતા પામતો નથી.

કીચકની વિરહવેદનાને,[1] વિરાટના રોષને,[2] યુદ્ધના વીરતાભર્યાં ચિત્રને,[3] વીરાંગનાઓના હૃદયભાવને,[4] ઉત્તરની યુદ્ધતત્પરતાને,[5] અર્જુનની આંતરવેદનાને,[6] દુર્યોધનના હુંકારને,[7] ટૂંકાં શબ્દચિત્રો દ્વારા મહારથીઓનાં વ્યક્તિત્વને,[8] ઉત્તરની કાયરતાને,[9] વિવિધ યોદ્ધાઓની મનઃસ્થિતિને,[10] દુર્યોધનથી આકુળતા અને અર્જુનની વીરશ્રીને નિરૂપવા કવિએ પોતાની શક્તિને ઠીક રીતે પ્રયોજી છે. પણ એ ઊંચા આંકવાળી પુરવાર થતી નથી.

## 'રાસો' ?

'વિરાટપર્વ'ને કવિએ અંતિમ પંક્તિમાં 'कीधउ कवित्त इह कुतिगि शालिसूरि'–માં 'કવિત' કહ્યું છે, પરંતુ 'કવિત'નો સીધો સાદો અર્થ 'કવિતા'–કાવ્યરચના જ કરવો ઉચિત લાગે છે. સંપાદકોએ, પ્રસ્તાવનામાં, અક્ષરમેળ છંદવાળા આ લાંબા વર્ણનાત્મક કાવ્યને 'કવિત્ત' પ્રકારનું ગણ્યું છે. પરંતુ આ કૃતિ એ મહાભારત પર આધારિત એક પ્રસંગકાવ્ય–કહો કે, કથાકાવ્ય છે. એ અક્ષરમેળ (રૂપમેળ) વૃત્તમાં છે, એમાં યુદ્ધાદિનાં વર્ણન છે, શબ્દ અને અર્થના વિવિધ અલંકારો છે, વીર–અદ્ભુતની એમાં છાંટ છે, અને સમગ્ર રીતે કવિનું પ્રયોજન મહાભારતના આ સુખ્યાત પ્રસંગનું ગાન કરવાનું છે. આ બધું લક્ષમાં લઈ, આ કથાકાવ્યને, જૂની પરિભાષામાં, 'રાસો' તરીકે ઓળખીએ તો ?

---

૧. ૧, ૨૧–૨૪; ૩૦–૩૧, ૨. ૧, ૭૪–૭૬ ૩. ૧, ૭૭–૮૨; ૮૬–૯૩. ૪. ૧, ૮૦, ૮૪, ૯૫–૧૦૧. ૫. ૨, ૧૪–૧૫, ૧૭, ૨૫, ૨૬ ૬. ૨, ૧૯, ૨૦. ૭. ૨, ૨૩ ૮. ૨, ૨૯–૩૪, ૯. ૨, ૩૭–૩૯, ૪૨. ૧૦. ૨, ૬૬–૬૭.

---

# સાભાર–સ્વીકાર

### બાલગોવિંદ પ્રકાશન : અમદાવાદ–૧

**સંત સેવતાં સુકૃત વાધે** : નારાયણ દેસાઈ રૂ. ૩–૦૦

**અનંતકળા** : શ્રી સ્વામી આનંદ રૂ. ૧૦–૦૦

**સ્વચ્છતા અને આરોગ્ય** : શ્રી બળવંત મહેતા, રૂ. ૧–૦૦

**આપણાં પંખીઓ** : ચિત્રકાર સોમાલાલ શાહ, ચિત્ર–પરિચય છોટુભાઈ સુથાર રૂ. ૧૫–૦૦

### પ્રકીર્ણ

**અર્થધર્મ સંદેશ** : સં. લલ્લુભાઈ બકોરભાઈ પટેલ પ્ર. શ્રી. લલ્લુભાઈ બ. પટેલ ૐ સચ્ચિદાનંદ ભવન, દેસાઈ બિલ્ડિંગ, આણંદ

**અખે ગીતા** : સં. શ્રી. ઉમાશંકર જોશી, ડૉ. રમણલાલ જોશી, પ્ર. ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ–૯. રૂ. ૨–૫૦

# દેશ અને દુનિયા

દેવવ્રત પાઠક

■ ગુજરાતનું રાજકારણ

પંચાયતરાજની તાજેતરમાં થયેલી ચૂંટણીઓમાં જીલ્લા પંચાયતોમાં લગભગ ૯૦% તથા તાલુકા પંચાયતોમાં ૮૫% જેટલી બેઠકો કોન્ગ્રેસ પક્ષે કબજે કરી છે એ પ્રસંગે ગુજરાતના ગત એક વર્ષના રાજકારણ ઉપર એક દૃષ્ટિપાત નાખવો ઠીક પડશે. પંચાયતરાજની ચૂંટણીઓમાં સ્વતંત્ર પક્ષ બિલકુલ સારો દેખાવ કરી શક્યો નથી એ તે પક્ષે સામાન્ય ચૂંટણીમાં પોતાના વિશે ઉભી કરેલી છાપ જોતાં જરા નવાઈભર્યું લાગે છે. સંભવ છે કે ગત એક વર્ષ દરમિયાન સ્વતંત્ર પક્ષને જે આંતરિક વિસંવાદ અને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે તે એક યા બીજી રીતે આ ચૂંટણીમાં દેખાયો છે.

૧૯૬૭ની સામાન્ય ચૂંટણીઓના પરિણામે ગુજરાતમાં દ્વિપક્ષ–પ્રથાનો સારો પ્રારંભ થયો હતો અને આજે પણ તે પ્રથા મૂળભૂત રીતે ચાલુ રહેવા પામી છે. પરંતુ ગત એક વર્ષ દરમિયાન ગુજરાતના પક્ષીય રાજકારણ સામે દેશભરના રાજકારણની માફક જે પ્રશ્નો ખડા થયા છે તેના પરિણામે એકંદરે કૉંગ્રેસ પક્ષ વધારે બળવત્તર બનીને બહાર આવ્યો છે. આ પરિસ્થિતિનો યશ મોટે ભાગે રાજ્યના પંતપ્રધાન હિતેન્દ્ર દેસાઈને જાય છે તેમાં શંકા નથી.

ફેબ્રુઆરીથી ઑગસ્ટ (૧૯૬૭) સુધીના ગાળામાં પક્ષપલટાનો પવન સારાયે દેશમાં ફૂંકાયેલો અને ગુજરાત રાજ્યમાં પણ તેના પડઘા પડે તેવી પૂરી શકયતાઓ હતી. એ જ તબક્કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રશ્ને કૉન્ગ્રેસ પક્ષમાં વિસંવાદ ઊભો કર્યો હતો અને ભાવનગરના ધારાસભ્યો પક્ષ છોડી ગયા હતા આ પ્રશ્નનું સુખદ સમાધાન થતાં તેઓ પક્ષમાં પાછા ફર્યા હતા અને ત્યાર પછીના દિવસોનાં સ્વતંત્ર પક્ષના સભ્યો કૉન્ગ્રેસમાં જોડવાની પ્રક્રિયા શરૂ થઈ હમી વિધાનસભાની અંદાજપત્રની બેઠકની પૂર્વ સંધ્યાએ કૉન્ગ્રેસ પક્ષની સંખ્યામાં સારો વધારો થયો અને તેટલે દરજ્જે સ્વતંત્ર પક્ષની શક્તિ ક્ષીણ થઈ હતી. પક્ષીય રાજકારણનો આ તબક્કો પૂરો થયા પછી સ્વતંત્ર પક્ષમાં નેતૃત્વનો પ્રશ્ન ઉપસ્થિત થયો હતો અને કેટલીક ખેંચતાણ પછી છેવટે એચ. એમ. પટેલની પક્ષના નેતા તરીકે વરણી થઈ હતી પણ આમ થતાં વાડીભાઈ મહેતાને મનદુઃખ થયુ હતું અને પરિણામે સ્વતંત્ર પક્ષને ફરીને કટોકટીમાંથી પસાર થતું પડ્યું હતું. વિધાન સભાની ચાલુ બેઠકમાં છેવટે વાડીભાઈએ સ્વતંત્ર પક્ષનો ત્યાગ કર્યો છે તથા અપક્ષ ઉમેદવાર તરીકે વિધાનસભામાં બેસવાનું શરૂ કર્યું છે. તેમની સાથે જમાલપુર મત વિભાગમાંથી ચૂંટાઈ આવેલા કુંદીવાળા પણ સ્વતંત્ર પક્ષમાંથી ખસ્યા છે. વાડીભાઈના જવાની સાથે વડોદરાની સહકારી બેન્કના વડા પ્રભુદાસ પટેલ સ્વતંત્ર પક્ષમાંથી નીકળી ગયા છે અને એ રીતે પણ પક્ષને ફટકો પડ્યો છે.

પક્ષીય રાજકારણના આ વિકાસની સાથે આર્થિક ક્ષેત્રે પણ ગુજરાત રાજ્ય કંઈક સ્થિર કહી શકાય–બીજા રાજ્યોની સરખામણીમાં, તેવી સ્થિતિમાં જણાય છે. આજે ગુજરાત રાજ્ય માથા દીઠ ખર્ચમાં માત્ર જમ્મુ–કાશ્મીરથી બીજે નંબરે આવે છે આ ખર્ચ રૂ. ૪૧.૫૨ જેટલું ગુજરાતમાં છે. ૧૯૬૬–૬૭ માં તે રૂ. ૨૮ હતું; ૬૭–૬૮ માં રૂ. ૩૫ જેટલું થવા પામ્યું હતું. આ દૃષ્ટિએ જોતાં ૧૯૬૬–

૬૭ માં ગુજરાતનો નંબર ચોથો આવતો હતો, ૧૯૬૭-૬૮ માં તે ત્રીજો આવ્યો છે અને આવતી સાલ તે બીજે નંબરે આવી રહ્યું છે. ગુજરાતની સ્થિર આર્થિક સ્થિતિ શરૂઆતથી અપનાવવામાં આવેલી રૂઢિચુસ્ત બિનસાહસિક અને કરકસરની નીતિને આભારી છે. આ નીતિ પાછળની વહીવટી દૃષ્ટિ અને કુશળતા શરૂઆતના પંતપ્રધાન ડૉ. જીવરાજ મહેતાને આભારી છે. ડૉ જીવરાજ એક અચ્છા વહીવટકર્તા હતા અને એ દૃષ્ટિએ તેમનું યોગ્ય મૂલ્યાંકન થવાનું બાકી છે. પણ તેમની મોટી મર્યાદા એ હતી કે તેઓ એટલા સારા કે કુશળ રાજકારણી ન હતા. ૧૯૬૦-૬૨ના ગાળામાં આથી પ્રધાનમંડળ તથા પ્રદેશ સમિતિના સંબંધો સારા રહ્યા ન હતા ૧૯૬૨ની ચૂંટણી પહેલાં દસ વર્ષના નિયમના કારણે આ મતભેદ તેની પરાકાષ્ઠાએ પહોંચ્યો હતો. ચૂંટણી પછી ડૉ. જીવરાજ પંતપ્રધાન બન્યા હતા, પણ ચૂંટણી પહેલાંનો ખટરાગ ચાલુ રહ્યો હતો અને છેવટે ૧૯૬૩ના સપ્ટેમ્બરમાં પક્ષની બહુમતીએ ડૉ. જીવરાજમાં અવિશ્વાસ પ્રગટ કરતાં તે તથા તેમની સાથે રસિકલાલ પરીખ તથા રતુભાઈ અદાણીએ તેમના હોદ્દાનાં રાજીનામાં આપ્યાં હતાં.

૧૯૬૩થી ૧૯૬૫ના સપ્ટેમ્બર સુધી બળવંતરાય મહેતા પંતપ્રધાન તરીકે આવ્યા હતા અને તેમના અકાળ અને આકસ્મિક અવસાન પછી હાલના પંતપ્રધાન હિતેન્દ્ર દેસાઈ નિયુક્ત થયા હતા. છેલ્લાં બે વર્ષના અમલ દરમિયાન પંતપ્રધાન તરીકે હિતેન્દ્ર દેસાઈએ કેટલીક સિદ્ધિઓ હાંસલ કરી છે જેમાંની એક તો પ્રધાનમંડળ તથા પ્રદેશ સમિતિ વચ્ચેના સુખદ સંબંધોની છે. ગુજરાત રાજ્ય અસ્તિત્વમાં આવ્યા પછી પહેલી જ વાર આ સંબંધો આજે સારા થયા છે; એટલુ જ નહિ, પણ પ્રદેશ સમિતિ ઉપર પંતપ્રધાનનો પ્રભાવ પણ વધતો રહ્યો છે. વજુભાઈ શાહની પ્રદેશ સમિતિના પ્રમુખ તરીકેની ચૂંટણીમાં પણ એ પ્રભાવનાં દર્શન થાય છે.

બીજી તરફ હૈદ્રાબાદ ખાતે મળેલા કૉંગ્રેસ અધિવેશનમાં હિતેન્દ્ર દેસાઈ સારી કહી શકાય એવી બહુમતીથી કૉંગ્રેસ કારોબારીમાં ચૂંટાઈ આવ્યા છે. ગુજરાત રાજ્યનો વહીવટ અન્ય રાજ્યોની સરખામણીમાં નિર્વિઘ્ને અને સ્વસ્થતાથી ચાલે છે એવી ચોખ્ખી છાપ આજે ઊઠતી જાય છે અને તેની વ્યાપક અસરો જોઈ શકાય છે. મહારાષ્ટ્રમાં શિવ સેનાની પ્રવૃત્તિને ડામી દેવામાં આવતી નથી, જ્યારે ગુજરાતમાં સરદારસેનાનો ઉલ્લેખ થતાં જ તેને દબાવી દેવામાં રાજ્ય અને સમાજ સફળ થયાં છે. આ જાતની સિદ્ધિ નાનીસૂની નથી

વિરોધ પક્ષો નિર્બળ બન્યા છે તે સાથે તેમની સાથેના પંતપ્રધાનના સંબંધો સમજણભર્યા કુશળ અને વ્યવહારુ રહ્યા છે. આજે ગુજરાતની સરકારે શહીદ સ્મારકનો ૧૯૫૬ થી રાજકારણને સતાવતો પ્રશ્ન સફળતાથી હલ કર્યો છે એની પણ પ્રજામાનસ ઉપર અસર પડી છે.

ગુજરાતના પ્રધાનમંડળની સ્થિરતા શરૂઆતથી જ રહી છે અને પ્રધાનમંડળમાં ઝાઝા કે એકદમ કોઈ ફેરફારો થયા નથી. વિરોધી વિચારો ધરાવતા પ્રધાનોને એકસૂત્રમાં રાખવામાં પણ પંતપ્રધાન સફળ થઈ શક્યા છે અને રાજ્યસરકાર વિશેની સ્થિરતાની છાપને કારણે મહારાષ્ટ્રમાંથી કેટલાક આર્થિક સાહસો ગુજરાતમાં આવે તેવો પણ સંભવ છે.

ગુજરાત સરકારની આ છાપ હોવા છતાં એક વાત કહેવી જરૂરી છે ગુજરાતનો વહીવટ શાણપણ અને વ્યવહારુતાભર્યો છે. પણ કેટલીક વાર અન્ય રાજ્યો સાથેના સંબંધોમાં કે કેન્દ્ર સાથેના સંબંધોમાં આ જાતનું વલણ રાજ્યના હિતની વિરુદ્ધ સહેલાઈથી ચાલ્યું જાય છે એવા દાખલા પણ આપણી સન્મુખે છે. નર્મદા યોજના અંગેની વાટાઘાટો અટવાયા કરી છે અને તે બંગે ખુદ કેન્દ્ર સરકાર પણ મધ્ય પ્રદેશ કે મહારાષ્ટ્ર સરકાર ઉપર દબાણ લાવી શકતી નથી. એ જ પ્રમાણે જાહેર ઉદ્યોગોની સ્થાપનામાં પણ ગુજરાત પછાત રહ્યું છે. સ્વસ્થ વહીવટ જરૂરી છે અને કોઈ પણ પ્રગતિ માટે પાયારૂપ છે. પણ તેની ઉપર સિદ્ધિઓનું ચણતર ન આવે તો માત્ર વહીવટ તરીકે તે લાંબે ગાળે સફળ થઈ શકે તેમ નથી.

# પુસ્તક પરિચય

**અનુબંધ**—(૧૯૬૭) શ્રી પિનાકિન દવે, પ્રકાશક: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ–૧૦ કિંમત સાત રૂપિયા.

નદી કિનારાના ટેકરાઓ પર વસેલાં છૂટાં-છવાયાં કેટલાંક ફળિયાંનું એક ગામ છે, જેનાં નીચાં જોડાજોડ ઊભેલાં ઘર માટીરોઢાંનાં ભીંતડાં પર વાંસની ગંજી ને નળિયાંથી છાયેલાં છે. આ ઘરોનાં આંગણાંમાં તુલસીક્યારા છે. ને થોડે દૂર કોઈક પીપળો કે લીંબડો છે. ઘરની પાછળ વાડાઓ છે અને વાડો પૂરો થાય ત્યાં વાંધાં છે. વાડાઓમાં ઢોર બાંધે છે, ઘાસપૂળા રાખે છે ને ઉકરડા પણ કરે છે. ને કોતર ઊતરી નદીએ જવાય છે ત્યાં શિવાલય આવ્યું છે.

ગઈ સદીનું આ ગામ છે જે સદીની આ કથા છે; ત્યારે હજી યંત્રયુગ અહીં પ્રવેશ્યો નહોતો. સહુથી ઝડપી વાહન ઘોડો હતું. પછી આગગાડી આવી ત્યારે લોકો એને દેવી માની પૂજા કરતા. ગાડી શરૂ થઈ ત્યારે હરિજનો માટે અલગ ડબ્બો રહેતો. ચાર વર્ણની વ્યવસ્થા સુસ્થિર હતી; તેમાં બ્રાહ્મણ સર્વોપરિ અને પૂજનીય ગણાતો. ગામડું એક અલગ એકમ જેવું હતું; સહુ એકમેકના પૂરક બની સાદી જિંદગી પસાર કરતા. મેડીબંધ ઘર અને ઈંટ–ચૂનાનું ચણતર એ તો વૈભવ ગણાતો.

શ્રી પિનાકિન્ દવેની બીજી નવલકથા 'અનુબંધ'ના પ્રાક્કથનમાં એમણે ઉપર મુજબનું કથન કર્યું છે. નવલકથા લેખનના એમનાં પ્રેરણા અને પુરુષાર્થને સમજવા માટે એ કથન પૂરતું છે. શ્રી દવેએ 'વિશ્વજિત' નવલકથા પ્રગટ કરીને નવલકથા રસિકોનું અને ગુજરાતના સંમાન્ય વિવેચકોનું ધ્યાન ખેંચ્યું હતું. 'વિશ્વજિત' નવલકથામાં લેખકે ભગવાન પરશુરામની કથાને પૌરાણિક વાતાવરણ ઉપસાવીને આલેખી હતી. લેખકની આ બીજી નવલકથા 'અનુબંધ'ની સાથે પહેલી નવલકથાને સંભારવાનું એટલા માટે ઉચિત બન્યું કે કથામાં ઘટના અને વાતાવરણને એકસરખુ પ્રાધાન્ય આપવાનુ એમને સારું ફાવ્યું છે. 'વિશ્વજિત'માં પૌરાણિક યુગને અનુભૂતિગમ્ય બનાવાને એમણે એ સમયને અને ઘટનાને કલાત્મક ઘાટ આપ્યો હતો. 'અનુબંધ' ઉપર જણાવ્યા મુજબના ગામડાના વાતાવરણને, રામચંદ્રની એની પેઢી–પરંપરાની જીવનગતિના જુદા જુદા બનાવો આલેખીને રજૂ કર્યું છે. વાર્તામાં ઘટનાઓ અસ્ખલિત રીતે આવે છે, છતાં ગામડાના જીવનની મંથરગતિ એની આસપાસ લેખકે એવી કલાત્મક રીતે વીંટી છે કે વાચનારને ઘટના અને વાતાવરણનો ભેદ પાડવો મુશ્કેલ પડી જાય. રામચંદ્રના પિતા દિનમણિશંકરનાં લગ્ન કેવા સંજોગોમાં થયાં એ દર્શાવીને રામચંદ્રના જન્મથી આરંભીને એના ઉત્તર જીવન સુધીની કથા દિનમણિશંકરની ગામડાના કથાકીર્તન કરતા એક બ્રાહ્મણની ગતાનુગતિક જીવનની છાયાની જેમ જ ચાલે છે. રામચંદ્રની કથનરીતિનું પ્રેરકતત્ત્વ સવિતા સાથેનો એનો પ્રેમ છે. એટલું જ પોતાના પિતાની આ વ્યવસાયની પ્રતિષ્ઠાને વધારવાનું ભાન પણ છે. શ્રી દવેએ પ્રસંગોની જમાવટ માટે ગામના ઠાકોર સાથે વેર બાંધતા બહારવટે ચઢતા એક મિત્ર વચ્ચેનું દ્વંદ્વ તેમ જ એમની વચ્ચેના સમાધાન માટે રામચંદ્રે જે રીતે ભાગ ભજવ્યો એનું આલેખન વાચકની કુતૂહલવૃત્તિ ને જિજ્ઞાસાને ઉત્તેજે એ રીતે કર્યું છે. પણ આ પ્રકારના પ્રસંગનું મહત્ત્વ ગૌણ હોવાથી લેખક એના નિરૂપણમાં જરાય ખેંચાયા નથી એ

એમના કલાસંયમની નોંધ લેવી જોઈએ. સવિતા સાથે લગ્ન ન થઈ શક્યું અને રામચંદ્રને પોતાનું જીવન અન્ય સ્ત્રી સાથે ગાળવાનું બન્યું ઉપરાંત સવિતા એના સામા ઘરમાં પરણીને આવી આથી રામચંદ્ર જે મંથન અનુભવે છે એ નવલકથાનો ઉત્તમ કલાભાગ છે અને કલાભંગ થવા દીધા વિના માનવવૃત્તિના ઉચ્ચતર ભાવને વિજયવંત થતો લેખકે દર્શાવ્યો છે.

શ્રી દવેની આ નવલકથા એના કલાપૂર્ણ ઘટના આલેખનને કારણે જ રસભરી છે એ ખરું, પણ એ ઉપરાંત એમાં સરજાતી ભાવપરિસ્થિતિના સ્વસ્થ નિરૂપણને કારણે જ વધારે નોંધપાત્ર છે. ભાવ-નિરૂપણમાં ઘેરા રંગોના પ્રવેશને માટે ઘણી શક્યતા-ઓ છે, પણ આ ભયસ્થાનમાંથી લેખક કૌશલપૂર્વક ઊગરી ગયા છે. કોઈપણ પાત્રની આંતરવ્યથાના નિરૂપણમાં લેખકનું તાટસ્થ્ય જેટલું એમના નિરૂપણસંયમનું દ્યોતક છે એટલું જ એમની કલાસૂઝની જાગરૂકતાનું નિદર્શક છે. ઠાકોરના ખંડમાં મારામારી થાય છે એનું નિરૂપણ કંઈક અંશે 'સ્ટંટચિત્ર' જેવું બની ગયું છે. એના આલેખનમાં લેખક નિશાન ચૂકતા હોય એવું લાગે છે, પણ આવા પ્રકારના આલેખનનો પ્રસ્તાર થયો નથી એટલી લેખકની તટસ્થતા છે.

'અનુબંધ'માં આ ઉપરાંત સૌથી વધુ મહત્ત્વનું કાંઈપણ હોય તો તે વાતાવરણ છે. એક સૈકા પહેલાના ઉત્તર ગુજરાત બાજુના કોક ગામડાના જીવનને લેખકે આમાં આલેખ્યું છે. ગામની સવાર, પ્રજા-જીવનની મંથરગતિ, પ્રજાની માન્યતાઓ, એમની શ્રદ્ધા, અને એમના રાગદ્વેષમાંથી જન્મતા કેટલાક સામાજિક પ્રશ્નો અને તેનો સામૂહિક રીતે હૈયાસૂઝથી આવતો ઉકેલ–આ બધાં તત્ત્વોને શ્રી દવેએ વાર્તાના બનાવોમાં કુશળતાપૂર્વક વણી લીધા છે. આથી ગુજરાતના ગામડાના સમાજ જીવનની કથા બની રહે છે, ગુજરાતી નવલકથામાં ગ્રામજીવનનાં હાડ અને હૈયાને જીવંત રીતે આલેખવાના એકમાત્ર યશસ્વી કલાકાર શ્રી પન્નાલાલ પટેલ છે. 'અનુબંધ'ની પ્રસ્તાવનામાં શ્રી અનંતરાય રાવળે પન્નાલાલ પટેલની નવલકથાનું 'અનુબંધ' સાથે સામ્ય તારવ્યું છે. પણ નવલકથાની કથનરીતિ, તાટસ્થ્ય અને ગ્રામજીવનના પ્રશ્નોનું યથાતથ નિરૂપણ જોતાં 'અનુબંધ'ના લેખક શ્રી પિનાકિન દવે અને 'મળેલા જીવ' અને 'માનવી-ની ભવાઈ'ના સર્જક પન્નાલાલ પટેલને એક સાથે સંભારી શકાય એમ લાગતું નથી. શ્રી દવેએ પ્લેગનું જે વર્ણન કર્યું છે એમાં આલ્બર્ટ કામૂની નવલકથામાંના પ્લેગવર્ણનને શ્રી રામપ્રસાદ બક્ષી સ્મરણમાં લાવ્યા છે, પણ શ્રી પિનાકિન દવે કથાના જે સંદર્ભમાં પ્લેગ લાવ્યા છે અને એમાં પ્લેગનું વર્ણન કર્યું છે એ તો કથાતત્ત્વને પૂરક અને પોષક બનાવવાના હેતુથી કર્યું હોય એમ લાગે છે.

શ્રી પિનાકિન દવેની વર્ણનકલા એમની પ્રકૃતિરસિકતાનો પરિચય કરાવે છે. 'અનુબંધ' એમની એક રસભરી કલાકૃતિ બની છે વાતાવરણના નિર્માણમાં. શ્રી દવેએ સંવાદકલામાં જે બોલી પ્રયોજી છે એમાં એમનો આયાસ જણાઈ આવે છે અને કેટલીક જગાએ બોલીની સ્વાભાવિકતા આણવાનું એ ચૂકી જાય છે.

શ્રી દવે પાસે કલાપૂર્ણ નવલકથાનો ઘાટ ઉતારવાની સૂઝ છે એનો પરિચય એમની એ નવલકથાઓ પરથી ગુજરાતને થયો છે. આવા જ પ્રકારની સ્વસ્થતા અને તાટસ્થ્યથી શ્રી દવે નવલકથા-લેખનનાં નવાં નવાં ઉન્મેષો પ્રગટ કરશે એવી આશા અવશ્ય રાખી શકાય.

**રમેશ મ. ભટ્ટ**

પુસ્તકાલયોની વ્યવસ્થા તથા સંચાલનમાં માર્ગદર્શક પ્રકાશનો

| | |
|---|---|
| ૦ રંગનાથી ગ્રંથાલય વ્યવસ્થા | ૨-૫૦ |
| ૦ રંગનાથી સૂચિકરણ | ૧-૦૦ |
| ૦ આપ-લે વિભાગનું કાર્ય | ૦-૬૦ |
| ૦ ડ્યૂઈ દશાંશ વર્ગીકરણનો કોઠો | ૦-૪૦ |
| ૦ રંગનાથી વર્ગીકરણનો કોઠો | ૧-૫૦ |

પાંચ પુસ્તકો સાથે મંગાવનારનું ટપાલ-ખર્ચ ભોગવીશું અને રૂબરૂમાં લઈ જનારને રૂ. ૫-૦૦ માં આપીશું

•

| | |
|---|---|
| ૦ બાળસાહિત્ય સૂચિ | ૦-૭૫ |
| ટપાલખર્ચ | ૦-૨૫ |
| ૦ મહિલા ગ્રંથસૂચિ | ૧-૫૦ |
| ટપાલખર્ચ | ૦-૫૦ |

પૂ. શ્રી ગાંધીજીના જીવન અને કાર્યને લગતાં આઠ પ્રકાશનો

| | |
|---|---|
| ૦ સર્વોદય સમાજની ઝાંખી | ૧-૨૫ |
| ૦ ગાંધીજીનું ગીતાશિક્ષણ | ૩-૦૦ |
| ૦ દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીનું ગમન અને પુનર્ગમન | ૦-૩૭ |
| ૦ ગાંધીજીની દક્ષિણ આફ્રિકાની લડત [ ભા. ૧ થી ૫ ] | ૫-૦૦ |
| | ૯-૬૨ |

•

પુસ્તકાલયો તથા શિક્ષણસંસ્થાઓને ૩૦ ટકાના વળતરે રૂ. ૬-૭૫માં અપાશે.
ટપાલ રવાનગી ખર્ચ રૂ. ૨-૫૦ અલગ થશે

માધ્યમિક શાળાઓ તથા કૉલેજો માટે શરીરરચના તથા આરોગ્યને લગતાં ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીનાં મહત્ત્વનાં પ્રકાશનો

| | |
|---|---|
| ૦ કાયાની કરામત [ ભા. ૧ ] | ૪-૦૦ |
| ૦ કાયાની કરામત [ ભા. ૨ ] | ૪-૦૦ |

•

નવું પ્રકાશન

| | |
|---|---|
| ૦ માંદગીનું મૂળ | ૭-૫૦ |

•

ત્રણે પુસ્તકો ખરીદનારને ટપાલ રવાનગી ખર્ચ માફ.
રૂબરૂ લઈ જનારને કુલ રૂ. ૧૫-૫૦ને બદલે રૂ. ૧૪-૦૦માં અપાશે.

મહાદેવભાઈની ડાયરી

પુસ્તક ૬-૭ અને ૮

દરેકની કિંમત રૂ. ૬-૦૦

•

બધાં પુસ્તકો મંગાવનારને ડાયરીની નકલ રૂ. ૬-૦૦ને બદલે રૂ. ૫-૦૦માં આપીશું. ટપાલ રવાનગી ખર્ચ અલગ રહેશે.

– પ્રાપ્તિસ્થાન –

ગુજરાત વિદ્યાસભા : ભદ્ર : અમદાવાદ-૧